ઘોઘા—ભાવનગરમાં નાગરી જ્ઞાતીની સ્ત્રીઓમાં
ગવતાં ગીતો.

નાગરી ગીતાવળી.

પહેલી આવૃત્તિમાં વધારો ઘટાડો કરી,
છપાવી પ્રસિદ્ધ કરનાર,
માધવલાલ વિ. ગીરીજાશંકર ત્રિવેદી-ભાવનગર.



આવૃત્તિ બીજી. પ્રત ૫૦૦.
સંવત ૧૯૫૬.

અમદાવાદ—ચંદ્રપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ તથા
લીંબડી—શ્રી જશવંતસિંહ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.
કીંમત રૂ. ૦-૧૨-૦

ગોધા—ભાવનગરમાં નાગરી જ્ઞાતિની

સ્ત્રીઓમાં ગવાતાં ગીતો.

નાગરી ગીતાવળી.

પહેલી આવૃત્તિમાં વધારો ઘટાડો કરી,

છપાવી પ્રસીદ્ધ કરનાર,

માધવલાલ વિ. ગીરીજાશંકર ત્રિવેદી

ઠે૦ હવેલી પાસે, અવેડાવાળી શેરી.

આવૃત્તિ બીજી.

પ્રત ૫૦૦

ભાવનગર.

સંવત ૧૯૫૫. સને ૧૮૯૯.

કીંમત રૂ. ૦-૧૨-૦

પ્રસ્તાવના.

આ પુસ્તકની પહેલી આવૃતિની તમામ નકલો ટુંક મુદતમાં ખપી ગઈ તેથી બીજી આવૃતિ છપાવવાની જરૂર પડી છે. એ ખરેખર આ પુસ્તકનું ઉપયોગીપણું અને જાહેર પ્રજાએ તેનો કરેલો સત્તકાર સૂચવે છે.

આ બીજી આવૃતિમાં કેટલોક વધારો કરવામાં આવ્યો છે તથા કેટલાંક નવા ગીતો ઉમેર્યા છે જેથી આશા છે કે પહેલી આવૃતિ કરતાં આ બીજી આવૃતિ વિશેષ ઉપયોગી થઇ પડશે. આખું પુસ્તક સુધારવામાં આવ્યું છે ને આગલી આવૃતિમાં રહેલ ભૂલ ચુકો આ વખતે દૂર કરવામાં આવી છે.

વિશેષમાં આ પુસ્તકનું કોઈ પણ ગીત શોધવામાં અગવડ ન નડે તેટલા માટે તેમની અનુક્રમણિકા પણ આપેલ છે જેથી મારા ગુણી બેનોને કોઇપણ જાતની હરકત રહેશે નહીં.


છેવટ જેટલા અને જેવા વિચારો અનેક માણુસોના મગજમાં આવે છે તેટલા અને તેવા વિચારો એક માણુસના મગજમાં કદી પણ આવી શકતા નથી. આ નીયમના અનુસારથી મારા મગજમાં આવેલા તમામ વિચારો નિર્દોષજ હશે અને સંપૂર્ણજ હશે એમ મારૂં માનવું નથી. તોપણ તેમાં મેં જેટલું મારાથી બની શક્યું છે તેટલું સંભાળથી અને વિચાર કરીને કામ લીધેલું છે. તેમ છતાં પણ જો અનુભવી સુજ્ઞ સ્ત્રીઓને તેમાં કોઇ ઠેકાણે સદોષતા અથવાતો મુદ્દાની બાબતમાં અપૂર્ણતા ખરી રીતે ભાસતી હોય તેમણે નિષ્પક્ષપાતપણેથી મને સૂચના આપવી; જે સૂચના ખરી હશે તો તેપર વિચાર કરવામાં હું જરા પણ દુરાગ્રહ રાખનાર નથી.

ત્રીપાંઠી માધવલાલ વિ. ગિરીજાશંકર.

ઠે૦ હવેલી પાસે હવેડાવાળી શેરી.

ભાવનગર.

અનુક્રમણિકા.



ઓખા ભાવનગરમાં નાગરી જ્ઞાતિની

સ્ત્રીયોમાં ગવાતાં ગીત.



ચુંદડી.

કાંઠલો બાંધતી વખત ગવાય છે.

જેઠ શાણુઓલા રંધ્યતપે હુવ્યા તોરણુ વાઓલા વાય પંચાએણુ ગડમડેરે,
પંચાએણુ જાયારે દેવકીબાઇ એહેવો બધસાગર છે
રૂક્ષમણી વહુનો કંથ મોતીઅડેરે ઝણુપડેરે;
આવે આવે ઘોડલાની હાર હાથણુલીરે ડગ ભરેરે,
આવે આવે અસ્તપતી રાએ શીખર ડંમર છત્ર ઢળેરે,
અષાડી ગુણુરે ગાજીયો એવા દાદુર બોલેછે મોર પંચાએણુ ગડમડરે,
પંચાએણુ જાયારે રૂક્ષમણીબાઇએ એવો બધસાગર છે
રતી વહુનો કંથ મોતીઅડેરે ઝણુ પડેરે
આવે આવે ઘોડલડાની હાર હાથણીરે ડગ ભરેરે,
આવે આવે અશ્વપતી શીખર ડમર છત્ર ઢળેરે;
શ્રાવણુ વરસ્યોરે સરવડેરે,
એવો ભાદરવોછે ઘોર ગંભીર પંચાએણુ ગડમડેરે,
પંચાએણુ જાયારે રતીબાઇએ એવો બધસાગર છે
ઓખા વહુનો કંથ મોતીઅડેરે ઝણુપડેરે;
આવે આવે ઘોડલડાંની હાર હાથણુલીરે ડગભરેરે,

આવે આવે અશ્વપતી રાએ શીખર ડમર છત્ર ઢળેરે;
આસએ મે વરશી ગયા એવા કારનકે હુવ્યારે પંચાએણા ગડમડેરે,
પંચાએણા જાયારે સુભદ્રાબાઇએ એવો બધસાગર છે
ઉત્રાવહુનો કંથ મોતીઅડેરે ઝણુપડેરે, આવે આવે૦
દહીએ દુધે મે વરશી ગયા એવી માંખણે બાંધી છે પાળ પંચાએણા ગડમડેરે,
હળીઅડે હળ ખેડયું એવું મોતી છડયું બીઅ વવાય પંચએણા ગડમડેરે,
ઈંડી સામી ને પીંડી સામી હેવી કાંડા સમી હુવીરે સલાટ પંચાએણા ગડમડેરે,
કાંડા સમીને ફીચ સમી હુવી ગોઠણુ સમી હુવીરે સલાટ પંચાએણા૦॥
ગોઠણુ સમીને સાથળ સમી હુવી જાંગ સમાં હુવીરે સલાટ પંચા૦॥
જાંગ સમી ને કડ સમી હુવી છાતી સમી હુવીરે સલાટ પંચા૦॥
છાતી સમી ને ગડદન સમી હુવીરે સલાટ પંચા૦॥
જસુરે સુરજનું ઉગમણું હવો તે શોરે સલાટનો રંગ પંચા૦॥
જસુરે સુરજનું આથમણું હવો તે શોરે સલાટનો રંગ પચા૦॥
શોવન ફુલડે ફુલીયું હવું રત્નને ઝીંડવું હોય પંચા૦॥
શોએ પીંજારડે પીંજયું હવું વીણ્યુંરે વણારલા હોય નવરંગીરે ચુંદડીરે,
શોએ કંતારડે કાંતીયું શોએ લોઢુંરે લોઢારડા હોય નવરંગીરે૦॥
શોએ વણારડે વણીયું શોએ તુણ્યુંરે તુણારલા હોય નવરંગીરે૦॥
રંગ ભર્યારે કચોળડા હુવા રસે અમી ભર્યાંરે તળાવ નવરંગીરે૦॥
સાંઢીઆણોને ઘોળકડાની હવો રંગ ભર્યો છે સાવીત્રીને હાથ નવરંગી૦॥
ઝોળી બાંધી આંબા ડાળે એવી આંબલડી છે ઘોર ગંભીર નવરંગી૦॥
રંગ કસુંબોરે ઊકળે એવી ચુંદડીની ભાત પડાય નવરંગીરે૦॥
ફુદીએને ફુદીએ પુદડી હુવી, બહુ ફુદીએ છે ચુંદડીની ભાત નવરંગી૦॥
તાપીને ત્રટે તારવ્યું એવું વીછળ્યું છે ત્રવેણીને તીર નવરંગીરે૦॥
હુમ ઘેર રૂક્ષ્મણી વહુ લાડકાં હેવી ચુંદડીની કરેદે રૂવાડ નવરંગીરે૦॥
કોણે આણીને કોણે સાટવી; એવાં કોણુસ દેવે ખરચ્યાં દ્રવ્ય
લાખે આણી અધલાખે સાટવી; એવાં સવા લાખે ખરચ્યાં દ્રવ્ય નવરં૦॥
હોડી પેહેરી સંચર્યાં; એવાં રાવોળીયા ગઢ હેઠ નવરંગીરે૦॥
રાએરે ઘોડાને ખેંચ્યો પરધાને ત્યાં પુછી છે વાત નવરંગીરે૦॥
કેરસ કેરીરે બેટડી હેવી કેરસ કળ વહુ હોય નવરંગીરે૦॥
કેરસ કેરીરે બેનડી હેવી કેરસ ઘરડાની નાર નવરંગીરે૦॥
ભીમક કેરીરે બેટડી એવાં વાસુદેવ કળ વહુ હોય નવરંગીરે૦॥
રૂક્ષ્મૈયા કેરીરે બેનડી એવા શ્રીકૃષ્ણ ઘરડાની નાર નવરંગીરે ચુંદડી.

પ્રભાતિયું.

સુરજ ઉગ્યોરે કેવડીઆની કરણે કે વેણુલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે લક્ષ્મીજીના કંથ કે વેણુલાં ભલે વાયાંરે.
હાથમાં લેજોરે સુનાની ઝારી કે વેણુલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે તળશીને કયારે કે વેણુલાં ભલે વાયાંરે.
મુખ લોહોજોરે પાંમરીયાને છેડે કે વેણુલાં ભલે વાયાંરે.
હાથમાં લેજોરે રૂપાની ઝારી કે વેણુલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે કેવડીઆને કયારે કે વેણુલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે * ના કંથ કે વેણુલાં ભલે વાયાંરે.
હાથમાં લેજોરે ઝાડે ફરવાની લોટી કે વેણુલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે ફકીરને તકીએ કે વેણુલાં ભલે વાયાંરે.
મુખ લોહોજોરે મસોતાને છેડે કે વેણુલાં ભલે વાયાંરે

સાંજી.

સંધ્યા વખત ગવાય છે.

સાંજી તમેરે પનોતાં તો સ્વામી સાંઝે આગળારે.
સ્વામી સાંજ તમેરે પનોતાં તો ઓરડે આગળારે.
ઓરડા તમેરે પનોતાં તો પરશાળે આગળારે.
પરશાળ તમેરે પનોતાં તો ઓસરીએ આગળારે.
ઓસરી તમેરે પનોતાં તો માંડવે આગળારે.
માંડવા તમેરે પનોતાં તો ખડકીયે આગળારે.
ખડકી તમેરે પનોનાં તો દીવડે આગળારે.
આઠ ઓરડાને નવમી ઓસરીરે,
દસીમી છે વડેરી ગજાર કન્યા મંદીર જોવા સંચર્યાંરે.
સસરારે શોરઠડી ખડકી નીપજેરે.
ખડકીએ સોનાનાં કમાડ રવ રૂપા કેરી આગળીરે.
સામી ભીંતે લખ્યારે ગણેશ તો પડખે લખી પુતળીરે.
પુતળીઓછે કોણુસ ભાઇની નાર; +વહુ ઝઘડો લઇ રહ્યાંરે.
સસરા મુજને ઝાલ ઝુમણાં ઘડાવ; માંડવડે હીંડુ મલપતીરે.
માંડવ વાંશ બે ચાર બે આગળાને બે લીલવડારે.

---

* બેનનું નામ. + વહુનું નામ.

કોણુસ ભાઇને કાકા મામા ચાર બે રાણું ને બે રાણીયારે
માડવ વાંશ બે ચાર બે ખાડા ને બે ખોખરારે.
કોણુસ વહુને કાકા મામા ચાર બે બાડા ને બે બોબડારે.
આગે વહુને મચકો અતી ઘણોરે;
હવે અદકેરડો હોય ઘેર *ભાઇનો સોહેલોરે.
* ભાઇ તમારે વીયાએ મેં કોડે રંગી ચુંદડીરે.
શંકેલુંતો કોળીમાં સમાય ઊખેળુંતો જગ મોહી જાયરે.
મોહ્યા મોહ્યા સઘળડા દેવ શ્રી ક્રશ્ન મોહ્યા રૂક્ષમણીરે.
રૂક્ષમણી રાતલા દાંત શ્રી ક્રશ્ન રાતાં મોળીઆંરે.
દાંતણુ ન કરેરે કુંવર જળસુંરે;
પરણું તો જનક રાયની બેટી નીકર રહું કુંવારડોરે.
કોણુસ ભાઈ તમારે વીવાએ ને મેં દેવ સઘળા નોતર્યારે.
કાશીમાં વિશ્વનાથ નોતર્યારે; વિશ્વનાથ અંન્નપુર્ણાજી સોત કોયલડીરે
હીંયા વસેરે દ્વારકામાં રણછોડરાય નોતર્યારે.
રણછોડરાય લક્ષ્મીજી સાથ કોયલડીરે.
હીંયા વસેરે તેની પાસે કલ્યાણુરાય નોતર્યારે.
કલ્યાણુરાય જાંબુવંતી સાથ કોહેલડીરે,
હીયાં વશે માધવપોરમાં માધવરાય નોતર્યારે.
માધવરાય રાધાજી સાથ કોહેલડીરે,
હીયાં વશેરે તેની પાસે પુરશોતમ રાય નોતર્યારે.
પુરૂશોતમ રાય સત ભામાજી સાથ કોહેલડી હીયાં આવશેરે.

વીયા વીગેરેમાં ગવાતાં ગીત.

રાતાં ધોળા તથા જોશી બેશે તે વખત ગવાયછે.

ગણેશનું ગીત.

(૧) લાછ જનારજન પુછે તમે કોનેરે ગણુપત દેવને સમધીરે પુછેછે વાત,
વસુદેવના કયારે અવાશ ને શામા અટોડા અધોળ્યા,
જગ લોઢણુ ઝુલેછે બાર ઘેર ટાઢારે બેડાંની હાર ઘેર નીચારે નમણીછે નાર,
ઘેર વેદ તણોછે આચાર, ઘેર સર્જન તણો પરિવાર,

* ભાઇનું નામ.

ઘેર વડારે વહોણાનો શાહ તમે કોનીરે ગણપત દેવ,
કોણેરે આવતા દીઠાં ને કોણેરે દીધીરે વધામણી
ને કોણેરે માણુસ મેલ્યાં ને કોણેરે માણુસ માન્યાં ને કોણેરે પાટ પાથરીઆ,
ને કોણેરે પાટ બેસાડેયાં, ને કોણેરે દીધાંછે માન, ને કોણેરે દ્રવ્ય ઓાળવીયાં,
ને કોણેરે ખરચીયાં દ્રવ્ય ને તમે કોનેરે ગણુપત દેવનેરે,
કઇ બેહેને ઘહુંવળી ઘાલીને કઇ બેહેને ઘહુંવળી ઘોળીને
કઇ બેહેને ઘહું વળી કીધીને *વહુએ ચોક સમાર્યાંને
* વહુએ પુર્યા છે ચોકને *વહુએ દીવા અજવાળ્યાને
* વહુએ મેલ્યા છે ગોખને કોણેરે સીંદુર ઘોળ્યાને
કોણેરે ગણુપત કહાડયાને કોણેરે કુંકમ ઘોળ્યાને
‡ ફઇએ ગણુપત પુજ્યા ને કોણેરે લાડુ વાળ્યાને
કોણેરે ઘોયાં ને જને *વહુએ ઘાટ ઓાઢાડાને
કઇ બેહેન ઓાઢાડ્યા છે ઘાટ, ઘાટડા છે વહુ,
* વહુ ઘાટ ઝુમણુલું છે. +બેહેન તુજ ઘેર સાસર વાસુંયાં +બેન આવે.

જોસી બેઠા વખતનું.

(૨) માંડવરે કોઇ ઢાળોને બાજોઠ, કે ફરતી મેલીને કુંકાવટી.
તેડાવોરે આસાપરીના જોસી, કે આજ મારે લખવી છે કંકોતરી.
કંકોતરી બાંધજોરે §ભાઇ પછેડી જાય, બેહેન + બેહેનને નોતરે.
બેનીરે તુંતો સુતી છ કે જાગછ, તમારેરે મઈયર પગરણુ આદર્યાં.
વીરારે હું તો ગરથડીયાની ઘેલી, કે આંગણું આવ્યોરે.
વીર નવ ઓાળખ્યો કે આગળરે મારે +ભાઇના ઘોડા કે પડઘી વાજેરે.
ઘોડા તણી પાછળરે મારે + બેહેનના માફા કે માફા ઝળકેરે.
અતલસ તણુંકે, પાછળરે આલ્યો ×જમાઇ કાંમઠીયો કે કાંમઠવાળે ને કોઠા કઙકડે.

હાણાહુણી વિણવાનું.

(૩) મલપતો હાથી ને લાલ અંબાડી તો બેસીને આવે;
મારો પંચહજારી રાજ, મશરૂનાં માફાં સાયબા ઘોડા વેગે આવે,
સોના સોગઠડાં ને પરવાળી પાસા તો +ભાઇ રમે

*વહુનું નામ. ‡ ફઇનું નામ. + બેહેનનું નામ.
§ભાઇનું નામ. × જમાઇનું નામ.

*વહુ જુએ તમાસા રાજ રમોને રાય જાદા નાર તમારી,
કે પુલનો વીંઝણો ને કેસરે છાંટયો;
તો કોણે આણ્યો ને કોને હાથે બલી હારી,
રાજ રમોને રાય જાદા નાર તમારી.

સેવી પાપડ વણવા વખતનું.

પામરી.

(૪) તાંણો તે તાંણ્યો ભાલમાં, હાજી વાંણો વણ્યો ગુજરાત છબીલી પામરીરે.
કન્યાએ દાદો જગાડયો, આપણી નગરીમાં અવડો શો સોર. છબીલી પા૦
કોઇ કહે ઇ રાણોને રાજીઓરે, હાંજી કોઈ કહે ગુજરાતનો રાય. છ૦ પા૦
નહીંરે ઇ રાણોને ,ઓ, હાંજી નહીંરે ગુજરાતનો રાય. છ૦ પા૦
કુંવર આવે કોણુશ. દેવના, હાંજી તે સર અવડો છે સોર. છ૦ પા૦
કન્યાએ કાકો જ ાડયો, આપણી નગરીમાં અવડું શું તેજ. છ૦ પા૦
કોઈ કહે ઇ સુરજ ઊગીયો, કોઈ કહે ઇ આથમણાનું તેજ. છ૦ પા૦
નહીંરે ઇ સુરજ ઊગીયો, હાંજી નહીંરે આથમણાનું તેજ. છ૦ પા૦
ભત્રીજો આવે કોણુસ દેવનાં, હાંજી તે સર અવડું છે તેજ. છ૦ પા૦
કન્યાએ મામો જગાડયો, આપણી નગરીમાં અવડો સ્યો સોરંભ. છ૦ પા૦
કોઇ કહે કસ્તુરી વૃક્ષ મોરીયું, હાંજી કોઈ કહે જાચીજભાઇ છ૦ પા૦
નહીંરે કસ્તુરી વૃક્ષ મોરીયું, હાંજીરે ઇ જાચીજ ભાઇ. છ૦ પા૦
ભાણેજ આવે કોણુસ દેવના, હાંજી તે સર અવડો સોરંભ. છ૦ પા૦
કન્યાએ વીરો જગાડયો, આપણી નગરીમાં અવડો સ્યો રંગ. છ૦ પા૦
કોઇ કહે કસુંબી રંગ ઊકળે, હાંજી કોઈ કહે ઇ ચોળ મજીઠ. છ૦ પા૦
નહીંરે કસુંબી રંગ ઊકળે, નહીંરે ઇ ચોળ મજીઠ. છ૦ પા૦
બંધવ આપે કોણુસ દેવના, હાંજી તે સર અવડો છે રંગ. છબીલી પામરી.

માડવા મુરતનાં ગીત.

આંબલીયો.

(૫) આંબલીયો કાંઇ થડ થોડે ડાળે ઘણોરે;
પાંદડે ઘેર ગંભીર તો માહા વૃક્ષ મોહીયો,
ઇ આંબે કોણ કોણ બેસે, ઊંચા ગોરા પાતળારે
ઇ આંબે રામચંદ્ર બેસે ઊંચા ગોરા પાતળારે,
બેઠા બેઠા નજરે નીહાળે તો સીતા સીતા ઘણેરે,

કોઇ મારો સગો ને સમંધી તો કોઇ મારો સારથીરે,
કોઇ અમને લંકા દેખાડે સીતાજીને મેળવે,
હનમાન માહારો સગો ને સારથીરે,
લખમણ માહારો માડી જાયો વીર સીતાજીને મેળવે,
એણે અમને લંકા દેખાડી સીતાજીને મેળવ્યાં
કોણે તારાં નેણાં સંમાર્યાં અંબોડા પુલે ભર્યાં,
અમારે છે કોયલ બેહેન બે નર વસે વનમાંરે,
એંણે માહારાં નેણ સમાર્યાં અબંડા પુલે ભર્યાં.

ગીત ૨ જું.

(૬) જીરે સોનાની સળીએ માંડવો;
જીરે રૂપાની વળીયે માંડવો,
મારે માંડવે મળ્યારે મોરાર છપન ક્રોડ જાદવ મળ્યા,
ગોરાં * વહુ તે + ભાઇને વીનવે,
રાએજાદા રાયજંગ દેખાડ, રાયેજંગ હોય રળીયામણો,
ગોરી રાએજંગ રાએજંગ શું કરે,
આપણે ઘેર છે વિવાહ સરખાં કાજ; રાયેજંગ હોય રળીઆમણો.

જાગનું ગીત.

(૭) ડુંગર શરણે વાંસલડીરે વાય,
ઈરે વાંસલડીનો વેણોરે ભરીયો,
ઇરે વેણો રાંદેલ શીર ચડીયો,
આવતાં રાંદેલ પુછે છે વાત,
કહો રાંણી રાંદેલ કયાં ઓઢયા ઘાટ;
કયા ભાઇને ઘેર રચીયારે જાગ,
વહુરે *વહુયે ઓઢાડયા ઘાટ,
ઘાટ ઓઢાડીને લાગ્યાં છે પાય,
તમે ભલે આવ્યા રાંદેલ માય,

રાંદલનું ગીત.

(૮) લીલો ઘોડો રણ પાંખડીયો; શ્વેત કર્યો શણગારજીરે,
શેરીએ મહાલંતો આવો રંનાદે ભરથારજીરે,

* વહુનું નામ. + ભાઈનું નામ.

રંનાદે ભરથારે અમને રૂડાં કીધાંજીરે,
રૂડાં કીધાંને ઘેર શ્રી ક્રશ્ન જાયાજીરે;
દેવકીજીના પેટ પીયર ટાઢેરાં કીધાંજીરે,
વસુદેવનો માંડયો વસતો કીધોજીરે,
લાંબી લાંબી પરશાળે મેં પારણા બાંધ્યાજીરે,
ઝીણે ઝીણે સાદે મેંતો હાલરડાંરે ગાયાંજીરે,
ચુલે દુધ ઊભરાતાં મેલ્યાં બાળકડા રાખ્યાંજીરે,
ઘીના ઘડા ઢળતા મેલ્યાં છોરૂડાં રાખ્યાંજીરે,

ગીત ૨ જું

(૯) પાને ફુલે ભરી છાબડી, અગરની ડાબલીરે,
એરે માંડયાં છે જાગ; રાંદલમારે ગોરણીરે,
બેસાડીશ ચોકીવટ બાજોઠ, વધાવીશ ગોરણીરે,
દુધડે પખાળીશ પાય, વધાવીશ ગોરણીરે,
જમાડીશ ખીર ને ખાંડ, વધાવીશ ગોરણીરે,
આછલી પીળ કરીશ, ઊપર ચોખા ચોંડશુંરે,
પેરાવીશ દક્ષણીના ચીર, વધાવીશ ગોરણીરે,

ગીત ૩ જું

(૧૦) લીલો લીલો ઘોડો આઈ રણુરે પાંખડીઓ,
હેલ દઈ રાંદલ શર ચડીયો રંનાદે,
હુંબલહારી હું બલહારી આઈ દાશી તમારી,
મેંણલાં ભાંગો મા ભાણની રાણી રંનાદે,
હું બલહારી પીળું પીળું સોનું આઈ હું ધણીઆણી,
પેહેરતી ઓઢતી વાંઝ કેહેવાણી રંનાદે હું બલહારી,
કાળું કાળું ખાડું આઈ હું ધણીઆણી,
દોતી વલોતી વાંઝ કહેવાણી રંનાદે હું બલહારી.
દીવડીયા વના ઘેર અંધારૂં, એક પુત્ર વીના સરવે પીઆરૂં રંનાદે હું બલહારી.
થાંભલા વીના ઘર કેમ કીજે, એક પુત્ર વીના ભવ કેમ લીજે રંનાદે હું બલહારી.

ગીત ૪ થું.

(૧૧) વેલ કુંમખડે મોરી રંનાદેવ, વેહેલનો વેહેલનો તરછોડો છોડ રંનાદે.
જાઓ વેહેલી સુતારી ઘેર રંનાદે, લાવું લાવું બાજોઠ એચાર રંનાદે.

તે રાણી રાંદલ કાજ રંનાદે, રાંદલ કાજ રંનાદે રાંદલ સાચલા દેવ રંનાદે.
પુરે મારા મનડાંના કોડ રંનાદે, જાઊં વેહેલી વાંણીડા ઘેર રંનાદે.
લાવું લાવું શ્રીફળ બેચાર રંનાદે, તે ખાળી બેહેચરા કાજ રંનાદે.
જાઊં વહેલી સોનીડા ઘેર રંનાદે, લાવું લાવું ઝુમણાં બેચાર રંનાદે.
તે કાળી કાળકા કાજ રંનાદે, કાળકા ગીપાનીધાંન રંનાદે.
જાઊં વેહેલી માળીડા ઘેર રંનાદે, લાવું લાવું મોહોડ બેચાર રંનાદે.
તે ખરી ખોડીયાર કાજ રંનાદે, રાંદલ સાચલા દેવ રંનાદે. પુરે મારા મનડાંના કોડ રંનાદે

ગીત ૫ મું.

(૧૨) આલા લીલા વાંસની વેહેલરે રંનાદેવ, ચકર ભમરના બે પઈરે રંનાદે.
હરણુ હીસોરીયા બે બળદરે રંનાદે, બળદને બેવડ રાશરે રંનાદે.
ખેડુને રાતી મોળરે રંનાદે, તેણે બેસી રાંદલ મઢ જાયરે રંનાદે.
પાછળથી વાઝ પોકારેરે રંનાદે, પાછી વળ પાછી વળ વાંઝરે રંનાદે,
જા તારે પુત્ર ફળ કયાંથીરે રંનાદે, સાસુને નણંદ સંતાપ્યારે રંનાદે.
તેણે તારે પુત્ર ફળ કયાંથીરે રંનાદે, ગાયને ગરણે મારીરે રંનાદે.
તેણે તારે પુત્ર ફળ કયાંથીરે રંનાદે, ધાવતાને બાળ વછોડયારે રંનાદે.
તેણે તારે પુત્ર ફળ કયાંથીરે રંનાદે, ઘંટીના ગાળા કાડયારે રંનાદે.
તેણે તારે પુત્ર ફળ કયાંથીરે રંનાદે.

પીઠીનાં ગીત. ૧

(૧૩) પીળો પીળોરે વાંનો મેં શણ્યો,
પીળો પીઠીનો છોડ શોએરેપીળું મેંતો નરખીયું.
ગોરા *ભાંઈરે તમને પીઠી ચોળેશ જયમરે સાજનીયાં સંતોષસે.
દુજણ રાખજોરે વીરા ડાબલા હેઠ, દશમનીયાંરે દાઝેબળે.
રાતો રાતોરે વાંનો મે શણ્યો, રાતો કુંકાનો છોડશોએરે રાતું મેંતો નરખીયું.
ગોરા *ભાઈરે તમને ચાંડલો કરોષ જયમરે સાજનીયાં સંતોષસે.
દુજણ રાખજોરે વીરા ડાબલા હેઠ, દશમનીયાંરે દાઝે બળે.
લીલો લીલોરે વાંનો મેં શણ્યો,
લીલી નાગરવેલ સોયેરે લીલું મેંતો નરખીયું.
ગોરા *ભાઈરે તમને બીડલાં આપોષ, જયમરે સાંજનીયા સંતોષસે,
દુજણ રાખજોરે વીરા ડાબલા હેઠ, દશમનીયાંરે દાઝે બળે.

---

*ભાઈનું નામ.

ધોળો ધોળોરે વાનો મેં શણ્યો,
ધોળો ડાલરનો છોડ સોયેરે ધોળું મેં તો નરખીયું.
ગોરા *ભાઈરે તમને ચોસરા ઘાલોષ, જયમરે સાજનીયાં સંતોષસે,
દુજણ રાખજોરે વીરા ડાબલા હેઠ, દશમનીયાંરે દાઝે બળે.
કાળો કાળોરે વાનો મેં શણ્યો, કાળો કાજળ રેખ શોએરે કાજળ મેં તો નરખીયું,
ગોરા *ભાઈરે તમને નયણાં આંજોષ, જયમરે સાંજનીયાં સંતોષસે.
દુજણ રાખજોરે વીરા ડાબલા હેઠ, દશમનીયાંરે દાઝે બળે,

(૧૪) પીડી ચોળોને પંચ કલ્યાણીરે, પીઠી કએરે મુલકથકી આણીરે,
પીઠી અમદાવાદ ગઢથી આણીરે, પીઠી ગોઘા સેહેરમાં ગવાણીરે.
પીઠી ગાંધીડાને હાટેરે, પીઠી લાવો લાડકડાને કાજેરે,
પીઠી પાવલાની પાંચસેરરે, પીઠી અડધા તણી અછેરરે.
પીઠી રૂપૈયાની સેરરે, પીઠી આણો અમારે ઘેરરે,
પીઠી સોના તાજવડે તોળાયરે, પીઠી રૂપા વાટકડે ઘોળાયરે.
પીઠી કેશર કેરે રંગેરે, પીઠી ચોળો લાડકડાને અંગેરે,
પીઠી કેળવી કીધી સારીરે, પીઠી ચોળે લાડકડાની માડીરે.
પીઠી કેળવી કીધી વાનીરે, પીઠી ચોળે લાડકડાની મામીરે,
પીઠી કેળવી કીધી લાશીરે, પીઠી ચોળે લાડકડાની માશીરે.
પીઠી કેળવી કીધી લોહીરે, પીઠી ચોળે લાડકડાની ફોઈરે,
પીઠી કેળવી કીધી એનરે, પીડી ચોળે લાડકડાની બેનરે.
પીઠી કપુર કાચરી ઘણીએરે, પીઠી ચોળે છે સઘળી વહુરે.

જનોઈનું ગીત.

રતીના ત્રીજા કડવાનો રાગ.

(૧૫) જનોઇ પેહેરશને નંદના નાનડીયાં, જનોઈ પેહેરે કુંવર કોડીલા
જનોઇ સાવ સોનાએરે ઘડીયું, જનોઇ હીરા માણેકેરે જડીયું.
જનોઇ મુક્તા ફળેરે પરોવ્યું, જનોઇ માતા જશોદાએ જોયું,
જનોઇ મોશાળામાંરે આવે, જનોઈ મામી ને માશીરે લાવે.
કડછી વતે ભીક્ષા પીરશે માડી, ભીક્ષાદેહી બોલે બ્રહ્મચારી,
બ્રહ્મચારી થવા ભગવાન, દંડ શોહે તે જમણી ખાંધ.
નાક શાહીને ધરીયુંરે ધ્યાન, આસન વાળી બેઠા ભગવાન,

---

* ભાઈનું નામ.

જનોઇ પેહેરોને સામળે રંગે, જનોઇ પેહેરોને ડાબી ખાંધે.
સંધ્યા બ્રહ્માજીરે ભણાવે, ફરી સહસ્ત્ર અઠયાસીરે આવે,
સંધ્યા ત્રણે કાળનીરે બાંધી, એક લટ શીખાનીરે બાંધી.
સંધ્યા બાંધીને લીધીરે તાળી, હસવા લાગી વ્રજની નારી,
આતો કૌતક સરખુંરે લાગે, કાનો દાણ દધીનુંરે માગે,
જનોઇ જોવા જસોદાજી તેડે, ઊભા દેવકી આંગણા હેઠે.
વાગે પંચ શબ્દને ડોળે, ત્યાંતો માનુની મંગળ બોલે.
વાગે નોબતનેરે નીશાન, બડવે ચડીયાતે શ્રી ભગવાન.

મોશાળુ ૧ લું.

(૧૬) ગરવા ગણપતનેરે આરાધે, શુધ બુધ ગણેશલા ગાએ.
જાદવજીને જુગતે આરાધે, મોહનજીરે મોકલોને મોશાળું.
માડીજાયા મોકલોને મોશાળુ, બેનર વીરા મોકલોને મોશાળું. ૧
મારે સસરે તે રાયજંગ માંડયા, મારો વીરોજી અવસરે ન આવ્યા.
મોહનજીરે મોકલોને મોશાળું. ૨
મારી નણંદ તે મેંણા બોલે, ભાભી નાવ્યો તમારો વીરો. મોહન૦ ૩
હવે આંખમાં કાજળ ઘેર્યા, હવે શુકયો તે મુખનો તંબોળ. મોહન૦ ૪
હવે કસરે છુટીને વેણુ મોકળી હવે લચીયોતે માથાનો મોડ. મોહન૦ ૫
હંસ ઊડંતો રણઝણ ચાલે, બોલંતો મધુરી વાણે. મોહન૦ ૬
હંસ કોટે બાંધોરે ચીઠી, માહરા મહીઅરની વાત મીઠી. મોહન૦ ૭
હંસ આવી અવાસેરે બેઠો, મારે મોભી વીરે ત્યાંથી દીઠો. મોહન૦ ૮
હંસે ઊડી કંકોતરી નાંખી, મારે મોભી વીરે લઇ વાંચી મોહન૦ ૯
વીરે વાંચી વ્યમાશીરે વાત, બેનની અવસરે જાવુંછે આજ. મો૦ ૧૦
તેટલે સમરથ ભાભીરે બોલ્યાં, સ્વામી ઘડાવો કાનની ઝાલ. મો૦ ૧૧
વીરે ઝબકતી ઝાલ ઘડાવી, ભાભી મલકતી મોશાળે ચાલી. મો૦ ૧૨
હવે ઊંચી ચડુંરે ઊંચેરી, હવે જોઊં મારા વીરાજીની વાટ. મો૦ ૧૩
હવે રણમાં તે ભાલાં ઝબકયાં, જળ હળીયો મોશાળાનો સાથ. મો૦ ૧૪
હવે ઝબકયાંતે વીરા માથેમોળીયાં, જળહળીયો ભાભલડીનો ચીર. મો૦૧૫
હવે ઝબકી ભત્રીજા માથે પાંબરી, જળહરી મોશાળાની છાબ. મો૦૧૬
મારે દેરે દીધીરે વધામણી, ભાભી આવ્યો તમારડો વીર. મો૦૧૭
હવે કસ બાંધીને બેણુ ચોસરી, હવે થર રહ્યો માથાનો મોહોડ. મો૦૧૮
હવે આંખમાં કાજળ સાર્યા, હવે પ્રસર્યો તે મુખનો તંબોળ. મો૦૧૯

દેરને પગપિળી પાટ બેસાડો, દેરને સોનઇએ મુઠ ભરાવો. મો૦૨૦
મારો વીરોજીરે આવ્યા ઝાંપે, મેં તો દીવડા અજવાળ્યાં છે ખાંતે. મો૦ ૨૧
મારો વીરોજી આવ્યાછે શેરી, મેં તો ફુલડાં નંખાવ્યાછે વેરી. મો૦૨૨
મારો વીરોજી આવ્યાછે ચોકે, મેં તો દીવડા અજવાળ્યા છે ગોખે. મો૦૨૩
મારો વીરોજી આવ્યાછે ખડકી, ત્યાં કાંઇ વાગી ઘોડાની પડઘી. મો૦૨૪
હવે ખાંડની ખળ ઊકાળું, નવરાવું તે ભાઇ ભોજાઈ. મોહન૦ ૨૫
હવે શેવ અસાવું ઉતાવળી, જમાડું તે ભાઇ ભોજાઇ. મોહન૦ ૨૬
હવે ઢાળની ભાભીરે ઢોલીઆ, હું તો બેશીસ વીરાજીની ગોઠ. મો૦ ૨૭
હવે બેસ બેનર કરૂં વાત, શું શું જોશે મોશાળાને કાજ. મોહન૦ ૨૮
મારા સસરાને લાવે વીરા ખીરોદક, મારી સાસુને દક્ષણીના ચીર મો૦૨૯
મારા જેઠને લાવે વીરા મોળીયાં, જેઠાણીને જગ્ગ ચેતરાવ. મોહન૦ ૩૦
મારા દેરને લાવે વીરા પામરી, દેરાણીને છાયલ જોડ. મોહન૦ ૩૧
મારી નણંદને લાવે વીરા ચુંદડી, નણદોઈને ભેરવ ઝુલ, મોહન૦ ૩૨
હવે ઘરના ધણીને લાવે ઘોડલા, તારી બેનરને શોભે શણગાર. મો૦ ૩૩
હવે કટમને લાવે વીરા કાપડાં, પાડોશીને નાળીએર જોડ, મોહન૦ ૩૪
હતે આવતાને તોડા પેહેરાવ્યા, નિછારે ઓછાર્યા છે ઘાટ. મો૦ ૩૫
હવે અટલુને મારો વીરો લાવ્યા, ભલે આવ્યા તે અળવ દાતાર.
મોહનજીરે મોકલોને મોશાળુ. ૩૬

મોશાળું.

ઘણું કરીને વીઆમાં તથા અત્તરણીમાં ગવાયછે.

(૧૭) કોડે તે પગરણ આરંભ્યાં હરખે તે માંડયા જાગ,
સકળ નાહોલીઓ વીનવે સાંભળો ગોરી વાત.
માહારૂં કુટંબ શઘળું આવીયું હવે તારૂં તેડાવ,
મારો તે બંધવ ગયા છે ઓળવે ભત્રીજો નાનું બાળ,
અવડાં વીમાસણ ગોરી કાં કરો.
મહીઅર ચલાવોની સાંઢ, સાંઢ પેઠી તે પોળમાં,
મારો વીરોજી રાજ દુવાર; વીરોજી બેઠા મેડીએ.
કાગળ સોંપ્યા હાથ કાગળ વાંચેને વીરો મનહશે,
શું શું જોશે મોશાળાને કાજ.
સસરાને લાવે વીરા ખીરોદક, મારી સાસુને દક્ષણીના ચીર,
જેઠને લાવે વીરા મોળીયાં, જેઠાણીને છાયલ જોડ,

દેરને લાવે વીરા પામરી, દેરાણીને જજા વેતરાય,
નણંદને લાવે વીરા ચુંદડી, નણદોઇને ભેરવ ઝુલ,
ઘરના ધણીને લાવે ઘોડલાં, તારી બેનરને સોળે સણગાર,
કટમને લાવે વીરા કાપડાં, પાડોશીને નાળીએર જોડ,
આવતાંને તોડા પહેરાવીઆ, નીછારે ઓછાડયાં તે ઘાટ,
અટલું ને મારો લાવીઆ, ભલે આવ્યા તે હુળવ્ય દાતાર

બડવો દોડેછે તેનું ગીત.

(૧૮) લીલી ટોપીને બ્રમચાર વાંકો અંબોડો,
રાજાની વાડીમાં મસ્તાન પેઠા રૂઠડા બ્રહ્મચારીને કોણ મનાવે.
બાળુડા બ્રહ્મચારીને દાદો મનાવે, દાદો મનાવીને જનોઇયો દેવરાવે.
રૂઠડા બ્રહ્મચારીને કાકો મનાવે, કાકો મનાવી કટમ મેળાવે.
બાળુડા બ્રહ્મચારીને મામો મનાવે, મામો મનાવીને મોસાળાં લઇ આવે.
રૂઠડા બ્રહ્મચારીને કોણ મનાવે, બાળુડા બ્રહ્મચારીને વીરો મનાવે.
વીરો મનાવી વાજીંત્ર વગડાવે, રૂઠડા બ્રહ્મ૦
બાળુડા બ્રહ્મચારીને મામી મનાવે. મામી મનાવીને ભીક્ષા અપાવે.

ગીત ૨ જું.

(૧૨) લીલી ટોપીને ભરતે ભરી, મેલો મારા માંડવા હેઠ,
બ્રહ્મચાર ટોપી કોણે ભરી. હોડી પેહેરીને જડીઓ શાંચર્યા
પુછેછે નગરનાં લોક બ્રહ્મચાર *દેશમાં મારી બેન વશે.
ત્યાં વશે † જમાઇ જડીઆને ભેટ મોકલી.

ગીત ૩ જું.

(૨૦) પુલ ફગરનું છે ઝાડવું રે, ઇ ઝાડવાના ન આવડે મુજને નામ.
માહારે આંગણુ બડવો નીત્ય રમે, દ્રવ્ય ખરચેને દાદો મન હસેરે.
ઇ દાદાનાં ન આવડે મુજને નામ, માહારે આંગણુ બડવો નીત્ય રમેરે.
શાંગા માંચીએ બેઠાં બેઠાં પુન્ય કરેરે ઈ માતાનાં ન આવડે મુજને નામ મારે આં૦
હાથ પોથી બ્રાહ્મણ વિદ્યાર્થીરે, ઈ બ્રાહ્મણનાં ન આવડે મુજને નામ મારે આં૦
કટમ લઈને કાકો આવશેરે, ઇ કાકાનાં ન આવડે મુજને નામ. મારે આં૦
મોશાળા લઈને મામો આવશેરે, ઈ મામાનાં ન આવડે મુજને નામ મારે આં૦

* દેશનું નામ. † જમાઈનું નામ.

વાજીત્ર લઇને વીરા આવશેરે, ઈ વીરાનાં ન આવડે મુજને નામ. મારે આં•
હાથનો ડંડ હીરે જડયોરે, ઇ બડવાનાં ન આવડે મુજને નામ. મારે આં•

ગીત ૪ થું.

(૨૧) જડીઆ કાંને કડી હાથે વીંટી હીરે જડીરે,
જડીઓ જઈ બેઠો છે દાદાજીને ખોળે ચડીરે;
દાદા જનોઇયો દેવરાવો અમને હોંશ ઘણીરે.
કુંવર ખરચું ખરચું લાખ બે લાખરે,
હોંશ પુરાવું તમ તણીરે,
જડીઓ જઇ બેઠો છે કાકાજીને ખોળે ચડીરે;
કાકા કટમ મેળાવો હમને હોંશ ઘણીરે,
ભત્રીજા ખરચું ખરચું લાખ બે લાખરે.
હોંશ પુરાવું તમ તણીરે,
જડીઓ જઇ બેઠો મામાજીને ખોળે ચડીરે;
મામા મોશાળાં લઇ આવો હમને હોંશ ઘણીરે.
ભાણેજ ખરચું ખરચું લાખ બે લાખરે,
હોંશ પુરાવું તમ તણીરે;
બડવો જઇ બેઠો છે વીરાજીને ખોળે ચડીરે.
વીરા વાજીંત્ર વજડાવ હમને હોંશ ઘણીરે,
બંધવ ખરચું ખરચું લાખ બે લાખરે. હોંશ પુ.

પખરગોર.

નોણીયા અબોખાનું ગીત.

(૨૨) ઊગમતારે દયોની વરતેજ ઘરે શોવા ઘરેણા કાંઇ ચાંદલો નરમળી રાતરે શોવા.
* બેન રૂડાં ને નયણ શલુણલાં કાંઈ બાહાર આદીતનુ છે તેજરે. શોવા.
* બેન રૂડાં ને નલવટ ટીલડી કાંઇ ચાંડલો તપેરે લલાટરે. શોવા.
અંમર ગાજે ને ગરમડે કાંઇ વીજ ઝબુકલે જાયરે. શોવા.
કુંકાને વરણી છે વીજળી કાંઇ શંદુર વરણી છે રેખરે. શોવા.
રંગ રશે ભર્યારે કચોલડાં. શોવા.
અમીરશે ભર્યારે તળાવરે. શોવા.
ભરીયાં જર ચારે તળાવડાં કાંઈ ભરીઓરે શઘળડો દેશરે. શોવા.
પેહેલોને કળશ અમીરશે ભર્યોરે શોવા.

* બેનનું નામ.

કાંઇ બીજો ગંગા જળ નીરરે. શોવા૦.
અગ્નિ ને કળશ ધ્રુવઃ ક્ષતે ભર્યો. શોવા૦.
કાંઈ ચોથલા માય મનોરરે. શોવા૦.
ચારેને કળશ અમી રશે ભર્યાં લાડકડા÷વરને શરઢળે શો૦
મેં તુને દીઠડો ÷વર. શોવા૦.
કાંઇ ગણા ગોરના મઢ બાહારરે. શોવા૦.
ફોફળ લઇને પાયે પડયોરે. શોવા૦.
શ પીઆરી તું *બેન માગરે. શોવા૦.
મેં તુને દીઠડો ÷વર. શોવા૦.
કાંઇ ગણા ગોરના મઢ બાહારરે. શોવા૦.
ફોફળ લઇને પાયે પડયોરે. શોવા૦.
પીઆરી તું *બેન માગરે. શોવા૦.
મેં તુને દીઠડો ÷વર. શોવા૦.
કાંઇ ઘોડા ગોરના મઢબાહારરે. શોવા૦.
શ્રીફળ લઇને પાયે પડયોરે. શોવા૦.
શમોશાળી તું *બેન માગરે. શોવા૦.
મેં તુને દીઠડો ÷વર, શોવા.૦
કાંઈ બીલકીના મઢ બાહારરે. શોવા૦.
પ્રદક્ષણા દઈને પાએ પડયો. શોવા૦.
શકળેણી તું *બેન માગરે. શોવા૦.
મેં તુને દીઠડો ÷વર. શોવા૦.
કાંઈ ઊંટડીના મઢ બાહારરે. શોવા૦.
બીજોરૂં લઇને પાયે પડયો. શોવા૦.
ઝબઝબતી તું *બેન માગરે. શોવા૦.
મુળ ગોરે વર મેળીઓ. શોવા૦.
કાંઈ માપરી તણેરે પ્રસાદેરે. શોવા૦.
હરીયાળી ગોરે હઇયે ધર્યો. શોવા૦.
કાંઇ જ્યા ગોર તણેરે પ્રસાદેરે. શોવા૦.
તળા રવીએ વર તેવડો. શોવા૦.
કાંઇ ત્રભાણી તણેરે પ્રસાદેરે. શોવા૦.
આણા દોરીએ આંણોયો. શોવા૦.
કાંઇ મીણાં ગોર તણેરે પ્રસાદેરે. શોવા૦.
વડી અને ગોર મછમણી. શોવા૦.

÷ વરનું નામ. * બેનનું નામ.

કાજળીયે ને શીજલાં કાજરે.	શોવા૦.
દશત ગોર દુઃખ છેદીયાં.	શોવા૦.
અત શબ દઈ સારશ ગોરરે.	શોવા૦.
શબરને ગોર સંદેશડો.	શોવા૦.
અત ઊમા ઓલ્લે ઊમીયાં ગોરરે.	શોવા૦.
મારગ દઇયે મારગ આપીયા.	સોવા૦.
ઘર દઇયે આપ્યાં ઘરબારરે.	શોવા૦.
ઝાંપલીએ ને ઝાંપો ઊઘાડીઓ.	શોવા૦.
કુંજળીએ પખાલ્યા પાયરે.	શોવા૦.
શોળેને ગોર પ્રસંન્ન હુવીરે.	શોવા૦.
લાડકડી ત્યાં લાગેછે પાયરે.	શોવા૦.
પાય લાગીને શું માગીયું.	શોવા૦.
એને હુજોરે + વર ભડથારરે.	શોવા૦.
* બેન ઘો વર વાસલ્યો.	શોવા૦.
વર વાસલ્યો ઘોની ગ[illegible]રે.	શોવા૦.
જોને મોશાળ હોય વેગળું.	શોવા૦.
વર વાસલ્યો ઘોને પોશાળરે.	શોવા૦.
જોને પોશાળ હોય સાંકડું.	શોવા૦.
વર વાસલ્યો પોતાને ઘેરરે.	શોવા૦.
વર તમ ઉતારા આપીઆ.	શોવા૦.
કાંઇ દીશંતડા કઇલાસરે.	શોવા૦.
ઊતારા અત્ય રળીઆમણારે.	શોવા૦.
કાંઇ દીવા મેલ્યા છે બે ચારરે.	શોવા૦.
પેહેલો દીવો છે ઓરડે.	શોવા૦.
કાંઇ બીજોને પરશાળ માયરે.	શોવા૦.
અગ્નિને દીવોરે માંડવે.	શોવા૦.
કાંઇ ચોથો દેરાશર માંયરે.	શોવા૦.
ચારે ને દીવારે થર હુવા.	શોવા૦.
કાંઇ વરના ઊતારા છે માયરે.	શોવા૦.
વર તમ નોણુંરે આવીઆં.	શોવા૦.
કાંઇ બ્રહ્મકી બ્રહ્માને હાથરે.	શોવા૦.
નોણેને બ્રહ્મચી પાવલાં.	શોવા૦.
કાંઇ સાગવાંનીના પાનેત્રરે.	શોવા૦.

\+ વરનું નામ.   * બેનનું નામ.

નોવ્રેરે બ્રહ્માજી આવીયારે. શોવા૦.
કાંઈ શરસાં સાવંત્રી છે સાથરે. શોવા૦.
નોવ્રેરે ઈશ્વર આવીઆ. શોવા૦.
કાંઇ શરસાં પાર્વતી છે સાથરે. શોવા૦.
નોણે ને સુરજ આવીયા. શોવા૦.
કાંઈ શરસાં રંનાદે છે સાથરે. શોવા૦.
નોણેને ચંદ્રમા આવીઆ. શોવા૦.
કાંઇ શરસાં રોહણુદે છે સાથરે, શોવા૦.

કુટુંબ જોણાનું ગીત.

(૨૩) વર ચડયારે ગંગાજળ ઘોડલે. શોવા૦.
શર મેઘારે ડંમર છત્રરે, શોવા૦.
પાઘડલે પગ દઈ રહ્યો. શોવા૦.
કાંઈ ઓઢણુ લીલુડા નેજરે. શોવા૦.
નેજ ઓઢીને ઉભો રહ્યો. શોવા૦.
કાંઇ સફળ માડીનું છે પેટરે. શોવા૦.
વર ભમીયોરે કોટક શીશડે. શોવા૦.
કાઇ ભમીયોરે સઘળડો દેશરે. શોવા૦.
તોરણુ આવી ઉભો રહ્યો. શોવા૦.
કાંઈ પોંખવા સાસુને હાથરે. શોવા૦.
ધુશળ મુશળે પોંખીઓ. શોવા૦.
કાંઇ શરીઓ શાંઠો ને ત્રાકરે. શોવા૦.
ગળે ઘાટ ઘાલીને તાણીઓ. શોવા૦.
સાંપડ ચાપ્યાં છે પાયરે. શોવા૦.
નાક સાહીને વર નરખીઓ. શોવા૦.
વર આણ્યો છે દાન કાળ માયરે. શોવા૦.
દાન ઘોનેરે દાનેશ્વરી. શોવા૦.
તમે બેઠાં છો દાન કાળ માયરે. શોવા.
દાન ઘોનીરે કોણુસ જીગ્ર દેવ. શોવા૦.
તમારી કુંવરીછે દાન કાળ માયરે. શોવા૦.

દાન ઘોનીરે* દેવ. શોવા૦.
તમારી ભત્રીજી છે દાન કાળ માયરે. શોવા૦.
દાન ઘોનેરે કંન્યાના મામા ઓરે. શોવા૦.
તમારી ભાણેજી છે દાન કાળ માયરે. શોવા૦.
દાન ઘોને કંન્યાના વીરાઓ. શોવા૦.
તમારી બેનર છે દાન કાળ માયરે. શોવા૦.
દાન ઘોનીરે+ વર. શોવા૦.
તમે બેઠા છો દાન કાળ માયરે. શોવા૦.
પાલખડી પથરાવોને કોણુસ જીઅ દેવ. શોવા૦.
તમારી કુવરી વળાવવા ને જાઓરે. શોવા૦.
હાથીડા સણગારોને કંન્યાના કાકાઓ. શોવા૦.
તમારી ભત્રીજી વળાવવાને જાઓરે. શોવા૦.
તેજીડા શણગારોને કંન્યાના મામાઓ. શોવા૦.
તમારી ભાણેજી વળાવવાને જાઓરે. શોવા૦.
ઘોડવેલો જોત્રાવો કંન્યાના વીરાઓ. શોવા૦.
તમારી બેનર વળાવવાને જાઓરે. શોવા૦.
§ બેન પુછે તમે કોપીયું. શોવા૦.
આ વંન તે કશુંરે કેહેવાઅરે. શોવા૦.
આ વંન ખરૂંરે બીહામણું. શોવા૦.
માય વસેરે વાઘણુલીનો નાહોરે. શોવા૦.
માય વસેરે સીંહણુલીનો નાહોરે. શોવા૦.
§ બેન પુછે તમે કહો પીયું. શોવા૦.
આ વંન તે કશુંરે કેહેવાયરે. શોવા૦.
આ વંન શીળુંને સોહામણું. શોવા૦.
માય વસેરે હાથણુલીનો નાહોરે. શોવા૦.
માય વસેરે તેજણુલીનો નાહોરે. શોવા૦.

વર ચડીને જાતો વખતનું ગીત. ૧

રાગ રતીના. ૩ જા કડવાનો.

(૨૪) તતબર થઈ જાન જાદવની સજ થાઓરે,
ઝુંદર રઘુરાય વીઠલ વર ઘોડલે. ૧

---

* હરેક દેવનું નામ. + વરનું નામ. § બેનનું નામ.

ગળામાં તે માળાને ઝુમણાં, પીઠીએરે પ્રભુ પ્રીત જણાય વીઠલ૦ ૨
અંગે દુશાલા ઓઢીયા, નેત્ર માયરે ઝીણા કાજળ જણાયા વીઠલ૦ ૩
બાંહે બાજુબંધ બેરખારે, હાથ પોંચીરે માંથે નંગ જડાવ. વીઠલ૦ ૪
કાને તે કુંડળ શોભતાંરે, વેઢ વીંટીરે શોભે અતીસાર. વીઠલ૦ ૫
માથે કંસુબી ખુંપ શોભતો, શોભામાંરે શોભે માધવરાવ વીઠલ૦ ૬
નાઈ ધોઈને વર ઘોડે ચડયા, શોએ શ્રીફળરે લીધાં કરમાય વીઠલ૦ ૭
લુણ ઊતારે વરની બેનડી, વર વાંસે સોહાસણ ગાય વીઠલ૦ ૮
વાજંતે ગાજંતે આવીયા, આવ્યા તોરણરે આડાં અંત્રપડ દેવાય વી૦ ૯
જે કૃષ્નદાશના સ્વામીને રળીઆતેરે, સાસુ પોંખવા જાય વીઠલ૦ ૧૦

વરશણગારનું ગીત.

(૨૫) માધવ પોરના માળીડા ગુંથજે વર શણગારરે.
પેહેલો ગુંથેરે અબોલડો, બે બાંહે બેરખા સારરે.
બાજલી આલાંરે તોરણ રત્ન બાજત્ર, વે જડીયુંરે.
માણેક મોતીએ જડીયુંરે, લાડકડા આગળ ધરીયુંરે.
કે રશેં ઊબટ કીધીને, કે રશેં વીજીયા વાળરે.
કે રશેં વર નવરાવીયા, કે રશેં લોહ્યાં અંગરે.
કે રશેં વર શણગારીયા, કે રશેં ભરી અલા ખુંપરે.
કે રશેં ટીલાં કાધાને, કે રશેં નેણ સમાર્યારે.
કે રશેં અરીસો દેખાડયો, ને કહે વરે જોયાં મુખરે.
માતાએ રુપ દેખાડયું, વરે ધર્યુરે અનોપમ રૂપરે.
કન્યાએ દાદો જગાડયો, જાનમાં અવડું શું છે તેજરે.
કોઇ કેહે સુરજ ઊગીયો, કોઇ કેહે આથમતાનું તેજરે.
નહીંરે ઈ સુરજ ઊગીયો, નહીંરે આથમતાનું તેજરે.
કુંવર આવે * દેવતણા તેશર અવડું છે તેજરે.
કુંવરી પુછેરે કાકાને, જાનમાં આવશે શો શોરરે.
કોઈ કેહે રાંણોને રાજીયો, કોઇ કેહે ગુજરાતીનો રાયરે.
બત્રીજો આવે * દેવતણો, તે શર અવડોછે શોરરે.
કુંવરી પુછેરે મામાને, જાનમાં અવડોશો સોરંભરે.
કોઇ કેહે કસ્તુરી વૃક્ષ મોરીયું, કોઇ કેહે ઇ જાચીજ બાઈરે.
નહીંરે કસ્તુરી વૃક્ષ મોરીયુ, નહીંરે જાચીજ બાઇરે.

ભાણેજ આવે * દેવતણા, તે શર અવડો છે સોરંભરે.
કુંવરી પુછેરે વીરાને, જાનમાં અવડો શોછે રંગરે.
કોઇ કેહે કસુંબો રંગ ઊકળે, કોઇ કેહે ઈ ચોળ મજીઠરે.
નહીંરે કસુંબો રંગ ઉકળે, નહીંરે ઈ ચોળ મજીઠરે.
બંધવ આવે * દેવતણા, તેશર અવડો છે રંગરે
પાદર પડો વજડાવીયો, ડર્યોરે લાડકડીનો બાપરે.
મ ડરીશ મ ડરીશ વેવાઈ આવેછે, મોટાની જાનરે.
પાદર શરણાઈં રણુઝણે, ડર્યોરે લાડકડીનો કાકોરે.
મ ડરીશ મ ડરીશ * દેવ આવેછે, દરબારીની જાન આવેછેરે.
સરકારીની જાન રણુમાંને, રણુશીંગા રણુઝણે ડર્યોરે લાડકડીનો મામોરે.
મ ડરીશ મ ડરીશ * દેવ આવેછે, બહુ સજનાની જાનરે.

માઈએ.

ભાવનગરથી ગોઘે જતી વખત ગવાય છે.

(૨૬) માઈએ ઝીણા ઝરમર વરસે બે મેધરે, મા૦
ઝીણી ઝીની ઊડે છે ખેઅરે. મા૦ ૧
ઓએ આવે ને ઓએ દીશે વર રાજાની જાનરે મા૦ ૨
રણુમાંને ભાલાંરે ઝબકીયાં મા૦ ૩
જળ હળીઆં ઢાળીડાંનાં સીંગરે મા૦ ૪
ઢાળીડાંનાં સીંગ સોને જડયાં મા૦ ૫
બળદનાં પુછ રૂપે જડયાં મા૦ ૬.
શાંઢની કોટેરે સાંકળાં મા૦ ૭
બળધીએ ઘુઘર માળરે મા૦ ૮
જાન તે સધળડી જુતીરે મા૦ ૯
મોર વાડી માવ છુટીરે મા૦ ૧૦
ચાચર ચરૂરે ચડાવીયા મા૦ ૧૧
માય પડયોરે ભુંજારીનો સાદરે મા૦ ૧૨
ભુખ્યું તે કોઈ મજાશોરે મા. મા૦ ૧૩
એમ ગાજ્યો રે રૂક્ષમણીજીનો નાહોરે મા૦ ૧૪
રણુમાં ને રણુસીંગા વાગીયાં મા૦ ૧૫

* દેવનું નામ.

ત્યાં કાંઈ ડર્યોરે લાડકડીનો બાપરે	મા૦ ૧૬
તુંતો મ ડરીશ મ ડરીશ * દેવ	મા૦ ૧૭
તમને * દેવ દેસે આધારરે	મા૦ ૧૮
રણુમાંને સરણાઇ સોર કરે	મા૦ ૧૯
ત્યા કાંઇ ડર્યોરે લાડકડીનો કાકોરે	મા૦ ૨૦.
તુંતો મ ડરીશ મ ડરીશ * દેવ	મા૦ ૨૧
તમને શે દેવ દેશે આધારરે	મા૦ ૨૨
પાદર પડધંમ વગીયારે	મા૦ ૨૩
ત્યાં કાંઇ ડર્યોરે લાડકડીનો વીરરે	મા૦ ૨૪
તુંતો મ ડરીશ મ ડરીશ * દેવ	મા૦ ૨૫
તમને * દેવ દેશે આધારરે	મા૦ ૨૬
પાદર ઢોલ ઢમુકીઆ	મા૦ ૨૭
ત્યા કાંઇ ડર્યોરે લાડકડીનો મામોરે	મા૦ ૨૮
તુંતો મ ડરીશ મ ડરીશ *દેવ	મા૦ ૨૯
તમને * દેવ દેશે આધારરે	મા૦ ૩૦
જાનતે શધળડી જુતીરે	મા૦ ૩૧
મોંર સોનારીએ છુટીરે	મા૦ ૩૨
* દેવને આવતા દેખી	મા૦ ૩૩
* દેવને ધ્રુજ વછુટીરે	મા૦ ૩૪
નવાંરે નવાણુ ખણુંવીયાંરે	મા૦ ૩૫
માય હુમટયાં મીઠાં પાંણી	મા૦ ૩૬
* દેવને આવતા જાણીને	મા૦ ૩૭
*દેવે વાવ ખણાવીરે	મા૦ ૩૮
જઇને * દેવને જાણ કરો	મા૦ ૩૯
ઉતારો દે અત્ય સારરે	મા૦ ૪૦
ઉતારા અત્ય રળીઆમણા	મા૦ ૪૧
માય દીવા મેલ્યાછે બે ચારરે	મા૦ ૪૨
પેહેલો ને દીવોરે ઓરડે	મા૦ ૪૩
બીજલો પરસાળ માયરે	મા૦ ૪૪
અગ્નિ ને દીવોરે માંડવો	મા૦ ૪૫
ચોથો દેરાશર માયરે	મા૦ ૪૬

---

* દેવનું નામ.

ચારેને દીવારે થર હુવા	મા૦ ૪૭
વરના ઉતારા છે માયરે	મા૦ ૪૮
પરથમ નોણુંરે આવીયાં	મા૦ ૪૯
કાંઇ બ્રહ્મચી બ્રહ્માને હાથરે	મા૦ ૫૦
નોણુને બ્રહ્મચી પાવલાં	મા૦ ૫૧
સાગવાની નાં પાનેત્રરે	મા૦ ૫૨
નોંણેને ભહ્મારે આવીયા	મા૦ ૫૩
ત્યાં કાંઇ સરશાં સાવંત્રીછે સાથરે.	મા૦ ૫૪
નોણેને ઈશ્વર આવીયા	મા૦ ૫૫
ત્યાં કાંઇ શરશાં પાર્વતિ છે સાથેરે	મા૦ ૫૬
નોણે ને સુરજ આવીઆ	મા૦ ૫૭
ત્યાં કાંઇ સરસાં રનાદે છે સાથેરે	મા૦ ૫૮
નોણે ને ચંદ્રમા આવીઆ	મા૦ ૫૯
ત્યાં કાંઇ સરસાં ગેહુણદેછે સાથરે	મા૦ ૬૦
વર ચડ્યા રે ગંગા જળ ઘોડલે	મા૦ ૬૧
શિર મેઘા ડમર છત્રરે	મા૦ ૬૨
વર ભમીઓરે કોટક શીશરે	મા૦ ૬૩
વર ભમીઓ સઘળડે દેશરે	મા૦ ૬૪
વાજંતે ગાજંતે આવીઆ	મા૦ ૬૫
ઓઢણુ લીલુડા નેજરે	મા૦ ૬૬
પાઘલડે પગ દઇ રહ્યો	મા૦ ૬૭
સફળ માડીનું છે પેટરે	મા૦ ૬૮
તોરણુ આવી ઉભો રહ્યો	મા૦ ૬૯
પોંખવો સાસુને હાથરે	મા૦ ૭૦
કુષળ મુષળે પોંખીઓ	મા૦ ૭૧
સાંપડ ચાપ્યાંછે પાયરે	મા૦ ૭૨
સરીઓ ને સાંઠોને ત્રાકરે	મા૦ ૭૩
ગળે ઘાટ ઘાલીને તાણ્યુંરે	મા૦ ૭૪
તું તો નીસર મેલશ મેલડીઆં	મા૦ ૭૫
તું તો નીસર કન્યાની માડીરે	મા૦ ૭૬
દરબારી ખોટીરે ચાયરે	મા૦ ૭૭

---

* દેવનું નામ.

માRૂં માણેક મેલું રે થાયરે. મા. ૭૮
મારો હીરલો રજે ભરાયરે. મા. ૭૯
પરખોતો પેટી ઊઘાડું રે. મા. ૮૦
ઊભારહોતો કરૂં સણગારરે. મા. ૮૧
ઊંઘતી સુંઘતી નીસરીરે. મા. ૮૨
ચીર પેહેર્યાં ને ચુંદડી વીસરીરે. મા. ૮૩
કાચળી રહીરે કમાડરે મા. ૮૪
કસ છુટીને લટ લડબડેરે. મા. ૮૫
ટોકણો તરે છે લલાટરે. મા. ૮૬

ઘોડી.

(૨૭) એક અમુલખ ઘોડી અમરા પોર રવ્ય તપેરે,
એની ઘોડીને ઘોઘા તે દેશનો ઘુઘરોરે;
એની ઘોડી ચાંપનેરનો ચાબકોરે.
એની ઘોડીને વાળાક દેશનો વીંજણોરે,
એની ઘોડીને લીલુડાં જડીત્ર પલાણુરે;
તોરંગીરે ઘોડી રવ્ય તપેરે.
ઘોડીને પાવલે પડીઆં *વહુ એમ ભણેરે,
મારા દરબારી નાહોલીઆ શ્રવણે સુણોરે;
આપણા ¶ભાઇને ચડવાને લાવો ઘોડલાંરે.
ચડશે ચડશેરે મારો બહુ સજનો અસવાર,
પછવાડે તે દાદા શોભતારે;
દાદે †દેવે તોરંગી તે ઘોડી મોકલીરે.
માતા કોણસબાઇએ તો મોકલીઆ સણગાર,
તોરંગીરે ઘોડી રવ્ય તપેરે.

વર પોંખવાનું ગીત.

રાગ પ્રેલાદની નિસાળનો.

(૨૮) શ્રી કૃશ્નજીને પોંખવાને સાસુ આવેરે,
જળની ત્યાં ઝારી ભરીને સાસુ લાવેરે;

* વહુનું નામ ¶ ભાઇનું નામ † દેવનું નામ.

શીળોટાની થાળી ભરીને સાસુ દે છેરે.
વરજીની માતા હાથો હાથ લે છેરે,
રીસાવીને જાય છે વરની માતારે,
તેને સાસરીઆં કરે રળીયાતરે.
ધુષળ મુષળ ને રવાઇરે, સાસુએ પોંખ્યા છે જમાઇરે,
સરીઓ સાંઠો ને વળી ત્રાકરે;
ગળે ઘાટ ઘાલીને તાણ્યું નાકરે.
ઇંડી પીંડી ઊતારી તેણી વારરે,
ઊતારીને નાંખી છે ચારે પાસરે;
વળતી કાંઇ આશા સાસુજી આણેરે.
શીવ બ્રહ્મા વારે છે તેણી વારેરે,
ત્યાં કાંઈ કન્યાને તેડી લાવ્યારે;
ચોંટીઓ દેવરાવીને પાછી વાળીરે.
પાંબરીઆળો ચીર અંત્રાપડ ટાળોરે,
શાંપડ ચાંપી વાલાજી ઓરા આવોરે;
છેડા છેડી બાંધી છે બંનો વર વહુરે,
જેકૃસ્નદાશના સ્વામીને મન આણંદ બહુરે.

પોંખવાનું ગીત ૨ જું.

(૨૯) શેરી શેરી ઘુઘરડા વાગે છે, કોઇ બાદશાહા જાદો આવે છે,
કોઇ સાહેબ સુબો આવે છે, કોઈ રાણી જાયો આવે છે;
કોઇ જાણ કરોરે જાણ કરો, ઓલ્યા*વેવાઇને જાણ કરો.
વેવાઈ મોકલેરે તું તો હાથીડા, બેસી આવેતે વરજીના સાથીડા,
વેવાણ મોકલેરે તુંતો ઘોડલડાં, બેસી આવે તે વરજીના જોડલડાં
વેવાણ મોકલરે તુંતો માફારે, બેસી આવે તે વરજીનાં કાકારે
વેવાણ મોકલરે તુંતો વેલડીઓ, બેસી આવે તે વરજીની બેનડીઓ
વેવાણ મોકલરે તુંતો પાલખડી, બેસી આવે તે વરજીની માવડલી
આવ્યો આવ્યોરે વાસુદેવનો નંદ; પુનેમ કેરો ચંદ, દીવા કેરી શગ૦
વીવાહ કેરી વધતો ચોએ દશે અજવાળા૦ વેવાણ લેજેરે તુંતો વાટકડો,
તારે બારણે આવ્યો લાડકડો; લાડકડો તે આવીને શું કરશે,

---

* વેવાઈનું નામ.

તારે ઓળેને ખોળે મોકલશે. તારી ભવનીતે ભુખ ભાંગશે
વેવાણુ લેજેરે તુંતો પાનશળી, તારે બારણે આવ્યો વાણુવટી
વેવાણુ લેજેરે તુંતો સોપારી, તારે બારણે આવ્યો વેપારી
વેપારીતે આવીને શું કરશે, તારી ભવનીતે ભુખ ભાંગશે
વેવાણુ તેંતો ખાધાછે મગડારે. તારે દીકરીઓના ઢગલારે.
વેવાણુ તેંતો ખાધીછે ભાજીરે, તુંતો દીકરી જણુતા ન લાજીરે
વેવાણુ તેંતો ખાધાછે ચોળારે, તારે દીકરીઓનાં ટોળારે.
વેવાણુ તેંતો ખાધાછે પુડારે, તારે દીકરીઓનાં જુડારે
વેવાણુ કુવા ઊપર ઠીકરડીરે, વેવાણુ હવે ન જણીશ દીકરડીરે

કન્યા દાનનાં ગીત.

રૂઘનાથજીની ઘોડીનું ગીત.

(૩૦) પ્રથમ શ્રીગુરૂ વરણુવુંરે, સરસ્વતી લાગું પાય,
રૂઘનાથ વીયા ગાશુંરે; જાનકીને પરણ્યા ભગવાન રૂઘનાથજીની ઘોડલી ૧
વિશ્વા ગોર તેડાવીયારે, શુંદર મુરત પુછાય, દેશ દેશના રાએ આવીયારે,
જનરખ મંડપ માંય ઠાંમઠાંમ નરપત મળ્યારે.
રાજા રાવણુના હાથ ચંપાએ, રૂઘનાથજીની ઘોડલી. ૨
શીતાજીએ શુધ કીધીરે, બેઠાથાઓ બળવંત, પુર્વ જન્મની પ્રીતલડીરે.
તારૂં નિશ્ચે કરી ધરતી ધ્યાન, રૂઘનાથજીની ઘોડલી. ૩
આજ્ઞા માગી રૂષી કનેરે; મુસ્તક ધરીઓ હાથ;
ત્રંબક લઇને કર ધર્યુંરે; આવ્યા મંડપમાં શ્રીનાથ રૂઘનાથજીની ઘોડલી. ૪
ત્રંબક લઈને કર ધર્યુંરે; ટંકા રવ્ય કરો રામ, ત્રણુ ભુવન ગાજીયુંરે;
ત્યાં કાંઈ ઝબકી રહ્યા ફરશુરામ, રૂઘનાથજીની ઘોડલી. ૫
ત્રંબક ત્રણુ કટકા કર્યુંરે; ચરણે નમ્યા ભુપાળ, રમઝમ કરતાં જાનકીરે;
કંઠે આરોપી વરમાળ, રૂઘનાથજીની ઘોડલી. ૬
પત્ર લખીને મોકલ્યોરે, જ્યાં દશરથ રાજન નરનારી સહુ હરખીઆંરે;
વધામણીઆંને આપ્યાં રતન, રૂઘનાથજીની ઘોડલી. ૭
નગરીમાં પડો વગડાવીઓરે; સહુકો થાઓ સાવધાન,
મીથુલાંપુરીમાં ચાલવું રે; રાજા દશરથની વરતાએ આણુ, રૂઘનાથ. ૮

શુભટ સઘળા આવીઆરે; શુભટ થઇ સહુ જાન,
મીથુલાપુરીમાં ચાલવું રે; આગળ અપસરા નાચેછે ગાન રૂઘનાથજીની ઘોડલી. ૯
કઇ કઇ રાણીઓ શોભતીરે; ભુપતી ભંડાર રઘુપતી દશરથને મળ્યારે,
મુખ દીઠડે હરખ ન માય, રૂઘનાથજીની ઘોડલી. ૧૦
જનકના શામૈયાં શોભતાંરે, શામૈયે સહુ જાય, ઢોલ દળામાં ગડગડેરે,
ત્યાં કાંઇ માનુંની મંગળ ગાય, રૂઘનાથજીની ઘોડલી. ૧૧
જનકે ઊતારા આપીયારે; સબળ કીધી શેવાય,
ચારેને વર શણગારીયા; ચારે તતબર થઇરે કંન્યાય, રૂઘનાથજી. ૧૨
ઘોડીને પગે ઘુઘરારે; ઠમકતી ચાલે ચાલ,
મોએ માંણુક હીરા જડીઆરે; પેટે રત્ન જડીત્ર પલાણુ, રૂઘનાથજીની ઘોડલી. ૧૩
નાહી ધોઇને વરઘોડે ચડયારે; મુસ્તક ધરીયો ખુંપ;
વર બેનર કરેરે અલુણુલારે, ત્યાં કાંઇ માએ બાંધ્યા છે મોડ, રૂઘ. ૧૪
ઘોડે ચડીને વર ઊઘલ્યારે; રઘુપતી ઝાકઝમાળ,
કોશલ્યા લે ભામણાંરે; મોતીડાની વધાવે થાળ, રૂઘનાથજીની ઘોડલી. ૧૫
સીખડીઆ સીખડ કરેરે, ઢોલી વજાડે ઢોલ;
શરણાઇ શબ્દે સોહામણીરે, ત્યાં કાંઇ દાદુર બોલેછે મોર; રૂઘનાથજીની ઘો. ૧૬
વાજંતે ગાજંતે આવીઆરે, તોરણુ શ્રી ભગવાન;
સાસુ પધાર્યાં વરને પોંખવારે, મુખ જાણીએ પુનમ ચંદ્ર; રૂઘનાથજીની. ૧૭
ધુપળ મુસળે પોંખીયોરે, શરીઓ સાંઠો ને ત્રાક;
ગળે ઘાટ ઘાલીને તાંણીયુંરે, ત્યાં કાંઇ સાસુએ તાણ્યું છે નાક; રૂઘનાથજી. ૧૮
પોંખાનેરે પધારીઆરે, શાંપડ ચાંપ્યાં છે પાય;
આડાં અંત્રાપડ શર ઢળ્યારે, ત્યાં કાંઇ સમે વરતે સાવધાન; રૂઘનાથજીની ઘો. ૧૯
કંન્યાએ કાંકણુ પેહેરીયાંરે, પાંનેતરે પડી ગાંઠ;
નાક શાઈને નરખીઓરે, ત્યાં કાંઇ હુવીરે તંબોળની છાંટ; રૂઘનાથજીની ઘો. ૨૦
વિશ્વા ગોર તેડાવીઆરે, સુંદર ચોરી રચાય;
સોનાનાં કળશ ચીત્રાવ્યારે, ત્યાં કાંઇ વર કન્યા પધરાય; રૂઘનાથજીની ઘો. ૨૧
વેળા થઇ જ્યારે લગ્નનીરે, લજ્જારે રૂષિરાય;
જનકે કન્યાદાન આપીયુંરે, રામે શાહ્યા સીતાજીનો હાથ; રૂઘનાથજીની. ૨૨
જાનકીજીએ નરખીયુંરે, રૂપ દીઠું ભગવાન;
રૂપ મનોહર જળ હળેરે, બલહારીનાં કંઠ સમાન; રૂઘનાથજીની ઘોડલી. ૨૩
કૌશલ્યા મન હરખીયાંરે, જાનકી રૂપ અપાર;
ઊછરંગે બેસાડીને આપી ચુડમણી તતકાળ; રૂઘનાથજીની ઘોડલી. ૨૪

સુધની શાળ અણાવીનેરે, તેનો કંસાર રંધાય;
ઊજળી સાકર ભેળીનેરે, માંઅ ગવરીનાં ઘીઅ રેડાય; રૂઘનાથજીની ઘો. ૨૫
રામ આરોગાવે સીતાનેરે, સીતા આરોગાવે રામ;
વર કન્યા કોળીયા કોળ ભરેરે, ત્યાં કાંઈ જોવા મળ્યું છે ગામ; રૂઘનાથજીની. ૨૬
ભોજન નીપજાવ્યાં ભલી ભાતનાંરે, પર પરના પકવાન;
લવીંગ શોપારી ને એલચીરે, એને બીડલે બાસઠ પાન; રૂઘનાથજી. ૨૭
જનકે કીધીરે પેરામણીરે, દશરથ હરખ ન માય;
સહુ આપી ચરણે નમ્યારે થયાં મીથુલાં પુરીના રાય; રૂઘનાથજીની ઘોડલી. ૨૮
પરણીને પધારીયારે, જોવા મળીયાં લોક;
રામ સીતાનાં મુખ જોઈનેરે, તેના ટળી ગયા ભવના શોક; રૂઘનાથજીની ઘો. ૨૯
મીથુલાંપુરીનો રાજીઓરે, અજોધ્યા નગરીમાં વાસ;
જે ગાએ શીખેને સાંભળેરે, તેનો હજોરે વૈકુંઠ વાસ; રૂઘનાથજીની ઘોડલી. ૩૦

ગીત ૨ જું.

(૩૧) દુવારકાંથી ચાલ્યા જાદવરાય; રૂક્ષ્મણીજીને પરણવારે. ૧
પધાર્યાં છે પુરૂષ પુરાંણ, રૂક્ષ્મણીજીને પરણવારે. ૨
લીલા જગની જાત તતખેવ, રૂક્ષ્મણીજીને પરણવારે. ૩
સુંણી રામા રીઝયાં મનમાય, રૂક્ષ્મણીજીને પરણવારે. ૪
રૂખમૈયો રાય શીશુપાળ, રૂક્ષ્મણીજીને પરણવારે. ૫
વધામણીઓ વીપ્ર દેવા જાય, રૂક્ષ્મણીજીને પરણવારે. ૬
રથે બેસાડ્યા રઘુરાય, રૂક્ષ્મણીજી ને પરણવારે. ૭
અંબીકા પુજવા જાય, રૂક્ષ્મણીજી ને પરણવારે. ૮
પોંત્યાં છે કુંતાનપોર રૂક્ષ્મણીજીને પરણવારે. ૯
હરણ કરેછે જદુવીર, રૂક્ષ્મણીજીને પરણવારે ૧૦
પોંત્યાં છે માધવ પોર, રૂક્ષ્મણીજીને પરણવારે. ૧૧
જેકૃશ્નદાશના સ્વામી નંદ કીશોર, રૂક્ષ્મણીજીને પરણવારે. ૧૨

ગીત ૩ જું.

ઈશ્વર વિવાહનું.

(૩૨) શ્રી ગરૂ ગણપતને શિશ નામું રે, જેથી સકળ પદારથ પામું રે. ૧

સાખી.

વિનતી ગોપી ભાણુની, સુણીએ હું દાળ.
ઇચ્છા ગુણ ગાવાતણી, તે કૃપા કરો કૃપાળ. ૨

ઢાળ.

ગીરજા સુત ગુણ ભંડારરે, મહા અડળકનોરે દાતારરે. ૩
એક દંતોને મોદક હારીરે, રક્તાંબર અંગે ધારીરે,
શુભ કારજ પ્રથમ તારૂં નામરે, તુંને સમરે થાએ સિદ્ધ કામરે.૪
વર આપો વાઘેશ્વરી માતારે, તારી ચૌદ લોકમાં પ્રખ્યાતરે. ૫
આજ અમર ધરે તારૂં ધ્યાનરે, તારા ત્રીગુણ કરે ગુણ ગાનરે. ૬
તારે ચરણે તે નેપુર વાજરે, અણુવટ વીછુવા બીરાજેરે. ૭
જાણે ગગન મહા ગુણ ગાજેરે, લાંબી વેણ સુત કાળી બીરાજેરે. ૮
અલબેલી દીશો મન મસ્તારે, માને પુષ્પ ઝરે મુખ હસ્તાંરે. ૯
અંબા ખંજન નેન સમાર્યારે, નીજ ભક્તનાં કારજ સાર્યારે. ૧૦
કાંને કુંડળ ઝળકે જોડરે, માને પુજતાં પોહોચે કોડરે. ૧૧
ધર્યો કંચન ચુડલો હાથેરે, બાજુબંધ ને બેરખા હાથેરે. ૧૨
વીંટી આરસીનેરે અંગોઠીરે, કીધી કરણા ત્યવારે તું ત્રુઠીરે. ૧૩
તારી કંચન સરખી કાયારે, ત્યાંહાં વાત થઇ તારી માયારે. ૧૪

શાખી

અલબેલી અંબાતણી, આવ્યાં કુરણાનીધાંન.
તેણે દુખડાં સરવે ગયાં, તે સુખીએ ગોપી ભાણુ,
તેવ તેવડી ટોળે મળી, ને કરે કંથની વાત;
લાડવેલી લાડકડી, તે રમતાં સહીયર સાથ,
સખી કહે સુણ સુંદરી, મનમાં એમ વિચાર,
અતી આણંદ થઈ પામીએ, તે મન ગમતો ભરથાર.
પુત્રી હીમાચળ તણી, ઊમીયાજી એનું નામ,
ઇચ્છાવર વરવાતણી, તે મનમાં રાખે હામ. ૧૫

ઢાળ.

એતો રાખે છે મનમાં હામરે, મુખ જપતી તે શીવ શીવ નામરે ૧૬
વન ચાલ્યાં તે બાળ કુમારીરે, જઇ તપ માંડયું અતી ભારીરે. ૧૭
અન મેલી કરે જળ અહારરે; તપ કરવા અતીશે પ્યારરે. ૧૮
જીતી ક્રોધ મન વશ કીધુંરે, તારે કારજ સઘળું સીધ્યુંરે. ૧૯
કેઈ દીવશ ગયા એની રીતેરે, ત્યારે શંકર પ્રગટયા પ્રીતેર. ૨૦

શાખી.

પ્રગટયા શંકર પ્રીતથી; એવા અંતર ગત્યનાણ,
રૂપ ધર્યું ત્યારે વિપ્રનુ; એવા ચતુરસુ જાણ. ૨૧

ઢાળ.

એવા શંભુજી ચતુરસુ જાણુરે, જેનો વેદ કરે વખાણુરે. ૨૨
ઇ છે પ્રાણ તણો એ પ્રાણુરે, એ છે આદ્ય અંતરનો જાણુરે. ૨૩
કોએ નઆવે એને તોલેરે, માગ માગ શંકર એમ બોલેરે. ૨૪
ઊમીયાં કહેશીવ અવિનાશીરે, હું તો જન્મોજન્મ તારી દાશીરે. ૨૫
પછે વિપ્ર એણીપેર બોલેરે, તપ કરવા મોકલ્યાં છે કોણેરે. ૨૬
કન્યા કોણ પીતા કોણ નામરે, કોણ માતા કોણછે ગામરે, ૨૭
તપ કરવા તણું શુંછે કામરે, તારે શીછે મનની હામરે, ૨૮

શાખી.

ગીરજા ગયાં તપ થકી; કીધો વિપ્રને પ્રણામ,
પાવન કરવાને પધારીયા; તે પુરવા મનની હામ,
માતા માહારી મીનકા; હેમાચળ મારો તાત,
ઇચ્છા અજરામર તણી; ઈ કયમ મળશે માહારાજ
જપતપ તો જાણું નહીં; બાંય ગ્રહ્યાની લાજ,
પ્રભુજી પ્રીત સંભાળજો; શિવ અંતર ગતના જાણ, ૨૯

ઢાળ.

તેવારે બોલ્યાં શંભુજી વાણીરે, મેં વાત તમારી જાણીરે. ૩૦
ગવરીએ સુધ બુધ વિચારીરે, આતો સદારે વિજયાનો અહારીરે. ૩૧
તારે નેપુરમાં ઝણ વાજેરે, એને રૂઢ માળ ગળે છાજેરે. ૩૨
તારો સેંથો ભર્યો સીંદુરેરે, ઇતો ભસ્મ રહે ભરપુરેરે. ૩૩
તારી રાખડી જડીત્ર ઝળકેરે, ઝેર મુખ એને હળાહળેરે. ૩૪
તારો કોકીલા સરખો સાદરે, એતો પુરશ્રંગાનો નાદરે. ૩૫
તારે કંચન ચુડો હાથેરે, એને વાહન બળદીયો સાથેરે. ૩૬
તારાં નયન કુરંગી વીશાળરે, એના હાથમાં બ્રહ્મ કપાળરે ૩૭
તારે નસત ભુષણ અંગેરે, એને ભુત પ્રેત છે સંગેરે. ૩૮
એતો આદ્યઅનાદનો જોગીરે, તું તો પ્રેમર મહારશ ભોગીરે. ૩૯
જેનો જન્મ નજાણે કોયરે, તે શું સમંધ કેણી પેર હોયરે. ૪૦
એવાં વિપ્રના સુણીને વચનરે, ત્યારે દુખ લાગ્યું ઘણું તનરે ૪૧
ઊઠોચાલોસખીઆપણજઇએરે, શીવનીનીંદા કરેકયમસહીએરે ૪૨

શાખી.

નીંદા મકરો રૂદ્રની; જેનો વેદ કરે વખાંણ,
શિશીઅળ શ્રી મહાદેવજી; જેને ચરણે ગોપી ભાંણ,
પરણું તો કૈલાશપતી; જે છે ચૌદ ભુવનનો નાથ,
અવર પુરૂષ મારે બંધવો; અને વળી ત્રીજો તાત. ૪૩

ઢાળ.

ત્યારે પ્રગટ્યા તે પુરૂષ કૈલાશીરે, દીસે રવી શશિ કોટી પ્રકાશિરે.૪૪
દેખી અબળા તે આણંદ પામીરે, રહી ચરણ કમળ શિશ નામીરે.૪૫
કોઇ ન આવે તે એને તોલેરે, માગ માગ શંકર એમ બોલેરે.૪૬
ઊમીયાંજીકહે શીવ અવીનાશીરે,હું તો જન્મોજન્મ તમારીદાશીરે૪૭
બોલ્યા શંભુજી કહેસો તે કરસુંરે, કોલ દીધોછે તમને વરસુંરે. ૪૮
થયા શંકર અંતરધ્યાનરે, પોચ્યા નીજ કૈલાશ ધામરે. ૪૯
તપ કરી ગવરી ઘેર સધાવ્યારે, મન વાંછીત ફળ લઇ આવ્યારે.૫૦
રૂષિજી કૈલાશમાં આવ્યારે શિવશંકરને મન ભાવ્યારે. ૫૧
આપી આસન કીધો પ્રણામરે,સ્વામી અમ સરખું કાંઇ કામરે. ૫૨

શાખી.

કંન્યા હેમાચળ તણી, શિળવંત ગુણ રૂપ,
વેગે જાઓત્યાં તમે, નહીં તો વરી જાસે કોક ભુપ. ૫૩

ઢાળ.

ત્યાંથી રૂષિજીને કર્યા વીદાયરે, આવ્યા હેમાચળ ગ્રહદ્વારરે. ૫૪
ચરણ પખાળી ચરણોદક લીધાંરે, સ્વામી મંદીર પાવન કીધાંરે.૫૫
કહો અમ સરખું કાંઇ કામરે, ગજુ જોઇને લેજો નામરે. ૫૬
રૂષિજી કહે પુત્રી તમારીરે, તેની ઇચ્છા કરે ત્રીપુરારીરે. ૫૭
પરવત કહે હું વળી ભાગીરે, મારી પુત્રી શંભુજીએ માગીરે૫૮
ધન્ય ધન્ય મારો અવતારરે, આજ સફળ થયો સંસારરે. ૫૯
ત્યારે બોલે કંન્યાની માતરે, રૂષિજી સાચી કહો મુખ વાતરે.૬૦
વર કહેવાયછે કૈલાશી ભુપરે, હમે સાંભળ્યું અકળ સ્વરૂપરે. ૬૧
ગવરી બોલ્યાંતે લજ્જા મેલીરે, માતા તું રે કાં થઇ છે ઘેલીરે. ૬૨
રાખો રૂષિ કેરારે વચનરે, આજ રૂડો ઘણો છે દીનરે. ૬૩

શાખી

શ્રીફળ ફોફળ પાલટાં, લગ્ન લીધાં નીરધાર,
રૂષિજીને આપી આજ્ઞા, પછે વરતાયો જેજેકાર,

રૂષિજી આવ્યા કૈલાસમાં, તે કહી શંકરને વાત,
શંકર મનમાં હરખીયા, તેડાવ્યા વૈકુંઠનાથ. ૬૪

ઢાળ.

ત્યારે વૈકુંઠનાથ તેડાવ્યારે, કમળાજીને સાથે લઇ આવ્યારે. ૬૫
ક્રોડ તેત્રીશ દેવ તેડાવ્યારે, શિવશંકરને મન ભાવ્યારે. ૬૬
મંડપ કેરી રીત્ય સુરત સાંધ્યુંરે, શિવને કાંડે તે કાંકણુ બાંધ્યુંરે. ૬૭
મળી માનુની મંગળ ગાયરે, અતી આનંદ ઓછવ થાયરે. ૬૮
ચાલી શિવશંકરની જાનરે, ગુણ સાગર રૂપ નીધાનરે. ૬૯
આવ્યા ગરૂડે ચડીને ગોપાળરે, સાથે કમળા તે પુરણ ચંદ્રરે. ૭૦.

સાખી

ત્રંબાળુ ગરજી રહ્યાં; દેવતણો નહીં પાર,
નગર લોક જોવા મળ્યું; વર કેહેવા છે ત્રીપુરાર.
જાનૈયા સહુ આવીયા; સુર બ્રહ્મા ભગવાન.
શિવ પાછળથી આવશે; તે લઈ પોતાની જાન. ૭૧

ઢાળ.

ત્યાંહાં શંકર તત્ક્ષણ આવ્યારે, ભુત પ્રેતને સાથે લાવ્યારે. ૭૨
થયા વૃશભ તણે અશ્વારરે, આવી ઊભા તે ગવરીને દ્વારરે. ૭૩

સાખી.

પરવત વિસ્મે થઈ રહ્યા, તે જોઇ ઇશ્વરનું રૂપ,
નારદ કહે મીનકા તમે, જુઓ જમાઇનું રૂપ. ૭૪

ઢાળ.

જોવા ઉભાં તે પરવત રાણીરે, દેખી મીનકા તે મોરછાંણીરે. ૭૫
આશું લખીયું અંતર જામીરે, મારી કુંવરી તે નાનું બાળરે. ૭૬
વાગે શ્રંગી ડમરૂનો નાદરે, મળીયા ભક્ષજ ભૈરવ પીસાચરે. ૭૭
આને દૈવ હવે શું કરીએરે, એને રત્ન કન્યા કેમ દઇએરે. ૭૮

સાખી.

શ્રી ક્રશ્નજી કહે શંકર સુણો, ને તમે છો અકળ સ્વરૂપ,
જ્યાં હોય જેવી સમે, ત્યાંહાં ધરીએ તેવું રૂપ. ૭૯

ઢાળ.

ત્યારે રૂપ પ્રગટ થઆ પોતેરે, એની જોડ ન મળે જોતેરે. ૮૦
મહા આનંદમાં શીવ નરખ્યારે, સામું જોઇને મીનકા હરખ્યારે. ૮૧
વર પોંખીને પધરાવ્યારે શિવશંકર માહ્યરે આવ્યારે. ૮૨

નાચે અપસરા ગુણુ ગાનરે, સમે વિપ્ર ભણે સાવધાનરે. ૮૩
સુર પત્ની તે ગાવા આવ્યાંરે તેતો મીનકાને મન ભાવ્યારે ૮૪
નાગણુ લક્ષ્મીને ઈંદ્રાણીરે, વરની માતા થયાં બ્રહ્માણીરે. ૮૫
જેના મુનીવર ધરેછે ધ્યાનરે, ત્યાંહા દેશે કન્યાનાં દાનરે. ૮૬

શાખી.

ઊમીયાજીનો કર ગ્રહો, ને સ્વામી સમરથ આપ,
હરી બ્રહ્મા જેને ભજે; જેનો ચૌદ ભુવનમાં જાપ. ૮૭

ઢાળ.

જેનો ચઊદ ભુવનમાં જાપરે, પછે વરરાજા થયાછે આપરે. ૮૮
બ્રહ્માદીક તે મુરત સાંધેરે, વિશ્વકર્મા તે ચોરી બાંધેરે. ૮૯
શેષ છત્ર સહસ્ર ફણુ ઢાળેરે, જીતું જીતું જુવંતીઓ બોલેરે. ૯૦
માહા હરખ પામ્યાં ત્રીપુરારીરે, ત્યાં મંગળ વરત્યા ચારીરે ૯૧
લાજા હોમ કીધો રૂડી રીતેરે, શિવ ચોરીએ ચઠીઆ પ્રીતેરે ૯૨
ત્યાંહા જાચક ભાટ સંતોકયારે ત્યાંહાં વિપ્ર રૂડી પેરે પોંખ્યારે. ૯૩
અભીષેક કરે રૂષિ રાયરે, ત્યાં જુવંતી સામ સામુ ગાયરે. ૯૪
વિજ્યા કરો શંભુ તમારીરે, રાખો આજ સુધીરે કુંવારીરે. ૯૫
એતો આક ધંતુરાનો ભોગીરે, મોટે માંડવ થયા સંભોગીરે. ૯૬
ત્યારે બોલ્યા તે કમળાજી રાણીરે, તમે બોલો વિચારીને વાણીરે. ૯૭
સતી દિક્ષત ઘેર અવતરીયારે, ત્યારે શિવશંકર વર મળીયારે ૯૮
ઈતો અવીચળ જોડી અનાદેરે, એને કોઇ ન જાણે આદેરે. ૯૯

શાખી.

પરવત કરે પેહેરામણી; તે પેહેરે ઊમીયા ઇશ,
સુર તેત્રીશે પેહેરીઆં; શિવ ચાલ્યા કૈલાશ,
આજ્ઞા માગી સહુ વળ્યું; પામ્યાં અતી ઊલ્લાશ,
હરી બ્રહ્મા જેને ભજે; તેનો ચૌદ ભુવનમાં વાશ.
તેની કરૂણા દ્રષ્ટી થઈ, ગરજે ગોપી ભાણ,
ગાયે શીખે ને સાંભળે, તેની શંકર પુરે આશ,
જેવાં ત્યાં સુખ ભોગવે; અંત્યે ચરણુ નિવાસ. ૧૦૦

ગીત ૪ થું.

રાગ ઈશ્વર વીયાહનો.

(૭૩) શ્રી કુશ્નજીને કન્યા તે દાન દેવાએરે, વીપ્ર વેદ સહુ સાવધાનરે.

હાથેવાળો મેળ્યો હરીને હાથેરે, પરણ્યા લક્ષ્મીજીની સાથેરે.
વહુજીનો જમણા અંગુઠો ચંપાવેરે, શ્રી કૃષ્ણ સોનાનાં સરલ અપાવેરે.
અન્યોઅન્ય તેલ સંચારો કરાવેરે, વર વહુ તે મનમાં લે છે નામરે.
અન્યોઅન્ય તે લે છે નામરે, એકી બેકી રમે તેને ઠામરે.
વહુજીને ચલકડી ઊતરાવેરે, માંડવ બેસી પેહેરામણી પેહેરાવેરે.
વિધ વિધનાં કીધાં પકવાનરે, ભોજન કરી સોંડશે જાનરે.
ઢોલ રળામાં ને નોબત વાજેરે, દેવ દુંદભી આકાસમાં ગાજેરે.
સુરજ ને ચંદ્રમા પુષ્પે વધાવેરે, જે કૃષ્ણદાસના સ્વામી પરણી ઘેર આવેરે.

ગીત ૫ મું.

(૩૪) દાદા સરોવર પાણીડાં હું ગઈરે;
કે ત્યાં કાંઇ આવેરે લેહેરખડા વરની જાનરે, વાજંત્ર વાજે વરઘનારે. ૧
દાદા જાનૈયાને સામૈયા શોભતાંરે;
કે મારા વરરાજાને વીરાજીને જોડરે, વાજંત્ર વાજે વરઘનારે. ૨
દાદા સરોવર પાણીડાં હું ગઈરે;
ત્યાં કાંઈ આવે છે બાળકડા વરની જાનરે, વાજંત્ર૦. ૩
દાદા જાનૈયાને ઊતારા ઓપતારે;
મારા વરરાજાને મેડીના મોહોલરે, વા૦. ૪
દાદા સરોવર પાણીડાં હું ગઈરે;
ત્યાં કાંઈ આવે છે લેહેરખડા વરની જાનરે, વા૦. ૫
દાદા જાનૈયાને દાતણ દાડમીરે;
મારા વરરાજાને સોના ઝારીયો જોડરે, વા૦. ૬
દાદા સરોવર પાણીડાં હું ગઈરે;
ત્યાં કાંઈ આવે છે દરબારી વરની જાનરે, વા૦. ૭
દાદા જાનૈયાને મરદન તેલનારે;
મારા વરરાજાને તેલ ફુલેલરે, વાજંત્ર૦. ૮
દાદા સરોવર પાણીડાં હું ગઈરે;
ત્યાં કાંઈ આવે છે સરકારી વરની જાનરે, વા૦. ૯
દાદા જાનૈયાને અંઘોળ ઊનાં પાણીરે;
મારા વરરાજાને ત્રાંબાકુંડી જોડરે, વા૦. ૧૦
દાદા સરોવર પાણીડાં હું ગઇરે;
ત્યાં કાંઈ આવે છે વેપારી વરની જાનરે, વા૦. ૧૧

દાદા જાનૈયાંને ભોજન લાપશીરે;
મારા વરરાજાને સાકરીઓ કંસારરે, વા૦. ૧૨
દાદા સરોવર પાણીડાં હું ગઇરે,
ત્યાં કાંઇ આવે છે વેવારીઆ વરની જાનરે, વા૦. ૧૩
દાદા જાનૈયાંને મુખવાસ એલચીરે;
મારા વરરાજાને પાન પચાસરે, વા૦. ૧૪
દાદા સરોવર પાણીડાં હું ગઇરે;
ત્યાં કાંઇ આવે છે વરણાગીઆ વરની જાનરે, વા૦. ૧૫
દાદા જાનૈયાંને રમત સોગઠડાંરે;
કે મારા વરરાજાને પાશા કેરી જોડ, વા૦. ૧૬
દાદા સરોવર પાણીડાં હું ગઇરે;
ત્યાં કાંઇ આવે છે જથાળા વરની જાનરે, વા૦. ૧૭
દાદા જાનૈયાંને પોઢણુ ઢોલીઆરે;
માહારા વરરાજાને હીંડોળા ખાટરે, વા૦. ૧૮
દાદા સરોવર પાણીડાં હું ગઇરે;
ત્યાં કાંઇ આવે છે ગુલાબી વરની જાનરે, વા૦. ૧૯
દાદા જાનૈયાંને ખેલન ઘોડલાંરે;
કે માહારા વરરાજાને તોરંગી ઘોડી જોડરે, વાજંત્ર વાજે વરઘનારે. ૨૦

ગીત ૭ મું.

(૩૫) ઘોડી ધમક ધમક પગ માંડે, તો ચાલે ઉતાવળીરે.
ઘોડી ઓરડામાંએ બંધાએ, ઉપર તારા ઝગમગે.
ઘોડી કચોળડે મધ પીએ, તો મધ શર રાતરડી.
ઘોડી વાટકડે દુધ પીએ, તો દુધસર ઉજળી.
તમે ઉઠો + ભાઇ પાતળાં; વીરા ઘોડીના થાઓ અશ્વાર, વીવા આવ્યા ઢુકડા.
વીરે ત્યાંથીને ઘોડી ખેલવી; જઇ છોડી તે બજાર માંય, વીવા આવ્યા ઢુકડા.
તમે ઉઠો ❋ બેન પાતળાં, બેનર સજ્જે શોળે ગણાર, વીવા આ૦
વીરા હું કેમ આવું એકલી, મારે રસોયો ભરથાર, વીવા આવ્યા ઢુકડા.
તારા રસોયાને રસોઇ સોભતી, બેનર તમારે ઘુઘરીઆળી વેહેલ, વીવા આવ્યા ઢુકડા.

+ ભાઇનું નામ. ❋ બેનનું નામ.

ચોરી વખતનું ગીત. ૧

રાગ વર શણગારનો.

(૩૬) માધવપોરના વનમાં ચોરી બાંધી છે ચારરે;
લીલુડા વાંસ અણાવોને, લીલુડા કળશ ચીત્રાવોરે;
ચોરંગ ચોરી બંધાવોને, નાગ પાસે નાગણી કાનરે;
પડવે પીતાંબર અવતર્યા ગોળે શ્રી ગોવીંદ દેવરે;
માટલે માધવ અવતર્યાં. ભાળીએ ભુદર દેવરે;
મોરીએ મોહન અવતર્યાં, કળશે જનાર જન દેવરે;
ગીદડે ગણપત અવતર્યા, ચલકડીએ ચક્રધારી કાનરે;
ચલકડીએ ચોદ ભુવનપતી બારવાસે વૈકુંઠ દેવરે,
સાસરીયાં શઙ્ સારંગધર; ગોરપદું ગોપાળજી શુભ ધામરે,
બાજોઠે બેઠારે; આણંદસું;
નાહ્યાયછે દેવકીજીના કુંવરરે, પરણેછે બળભદ્રજીના વીરરે;
વેઠ જનોઇ પહેરાવીને સાસુજી ખાંજું ને ખાંડ ખવરાવેરે;
પ્રસંન કીધારે જમાઇને, સાસુજી પાંખી ઓઢીને ઘેર જાયરે,
નોણીઆ અબોખા આવી ગયા; ધોતી પીતાંબર ધર્યાં સુખધામેરે
નોણીઆ ચંપામણ કઇને આપો; ચુકેછે કઇના કરરે;
જોણાની રીત સરવે થઇ, સજ થાવા વરઘોડે ચડી જાવારે;
જે કૃષ્ણદાશના સ્વામી શ્રીતારનજીના વીવારે વખાણીને ગાવારે

ગીત ૨ જું.

માલણ બીજી.

(૩૭) માલણ ચડીછે કાંઇ ચાંપલીયાને છોડરે, માલણ ગુંથે વીંજણોરે.
આપણા દેસડીયામાં કયો ભાઇ દેશોતરે, ત્યાં ભેટે જાશે વીંજણોરે.
વીરો પોઢયા છે છત્રી પલંગરે, * વહુ ઉભા વા ઢાળેરે.
તમે જાગો જાગો + બેનના વીર, માળીડો ઉભો તપ કરેરે.
માલણ માગેછે કાંઈ અભરામીની દાતરે. માલણ જાચે મહીપતીરે.

* વહુનું નામ. + બેનનું નામ.

માલણ રાગ ફેર.

(૩૮) માલણુડીરે જશી ચતુર સુજાણ;
ચડતીરે ચાંપલીઆને છોડ, વીણુતીરે ડોલરીયાના ફુલ,
ગુંથતીરે કાચી કળીયોના હાર લઈ જાતીરે મારા કયા ભાઇ દરબાર.
મારા કયા ભાઇ દરબારરે, મેં તો દાતણ કરતા દીઠા;
સોના ઝારીએરે વહુ વર *વહુને હાથ અતી ગરવોરે;
વર *વહુનો કંથ તેય ભડવોરે, બેનર †બેનનો કંથ

ભમરાનું ગીત. રૂજુ.

(૩૯) ભમરા પેહેલો વધાવો મારે આવીયો;
મેં તો મોકલ્યો મારા દાદાને દરબારરે;
વાડીના ભમરા દ્રાક્ષ મીઠીરે ચાંપાનેરનીરે ૧
જીરે માતાએ હરખે વધાવીઓ જીરે ૨
જીરે દાદે માહારે પુર્યા મનના કોડરે,
વાડીના ભમરા દ્રાક્ષ મીઠીરે ચાંપાનેરનીરે. ૩
જીરેવરરાજા સઘળડા જોઈ રહ્યા; વરરાજા ન આવે શ્રીકૃશ્નને તોલરે,
વાડીના ભમરા દ્રાક્ષ મીઠીરે ચાંપાનેરની. ૪

વીંજણો.

(૪૦) જુનેગઢથકી વાંસ અણાવોરે, તેનોતે ગુંથેરે વાગેલી વીંજણોરે. ૧
હરે વીંજણુલે શગામણ સોનું, વીંજણુલે અઘમણ રૂપું, વીજણુલો સોહે ભલોરે, ૨
હરે વીંજણુલે સોનાની ડાંડી, વીંજણુલે ફુલની વાડી, વીંજણુલો શોભે ઘણોરે. ૩
હરે વીંજણુલે બાસઠ બારી, વીંજણુલે ચોસઠ જાળી, વીંજણુલો શોભે ભલોરે. ૪
હરે વીંજણુલો વિશ્વનાથની સેજે,વીંજણુલો અન્નપુર્ણાનેહાથેવીંજણુલો શોભેભલોરે. ૫

સુંદરીઆ. ૪

(૪૧) ઓદર ધરીઓ દશ માસરે, બાળો જાયાને પોતલી આશરે.
વરની માતાએ માણુક જોયું, જાણે ગોકળીયો કાન રાયરે.
વર પાળીયમાંય પોઢતાંરે, વર સોયાણીને મન સોહતારે.

* વહુનું નામ. † બેનનું નામ.

વર પાર્ષાંમાંય પોઢંતાંરે, વર માતાજીને મન સોહતારે.
વર છઠ્ઠી ઓટેરે લોટંતારે; વર વિધાત્રાને મન સોહંતારે,
વર પારણામાંય પોઢંતારે, વર ફઇઅરને મન સોહંતારે.
વર બેસંતાને હસંતારે; વર માતા મહીને મન સોહંતારે.
વર રીખંતાનેરે બોલંતારે, વર પીતામહીને મન સોહંતારે.
વર પેહેલોને ચોક ચઢંતારે, વર પીતાજીને મન સોહંતારે.
વર બીજેને ચોક ચઢંતારે, વર કાકાજીને મન સોહંતારે.
વર અગ્નિને ચોક ચઢંતારે વર મામાજીને મન ગમતારે.
વર. ચોથોને ચોક ચઢતાંરે વર વીરાજીને મન ગમતારે.
વર ચાલંતાને રમતાંરે, વર પાડોશીને મન ગમંતારે.
વરને પાટીને ખડીઓછે હાથરે વર નિશાળીયાને મન સોહંતારે.
વરને પાટીને ખડીઓછે દોતરે; વર નીત્ય નીત્ય કરેછે કલોલરે.

નીંદરડી. ૫

આ ગીત સેવી પાપડ તથા સુવા વખત પણ ગવાય છે.

(૪૨) રાજ કાશીમાં વાજા વાગીયાં
મથુરામાંરે કાંઇ ઘડ્યારે નીશાનનીંદરડી નયણાં ભરી રહી.૧
રાજ પેહેલડા પોહોરની નીંદરડી
નીંદર આવીરે વિશ્વનાથની સેજે નીંદરડી નયણાં૦ ૨
વહુ વરને અન્નપુર્ણા જગાડે,
જાગે નહી સુતા જાગોરે દરબારી હો નાથ નીંદરડી નયણાં૦ ૩
રાજ તમેરે પીધોરે કસુંબલો,
તમે ચાવ્યાંરે નાગરવેલનાં પાન. નીંદરડી નયણાં૦ ૪
ગોરી નથીરે પીધોરે કસુંબલો,
નથી ચાવ્યાંરે નાગર વેલનાં પાન. નીંદરડી નયણાં૦ ૫
તમે અસુર નગરમાંથી આવીઆ,
નીંદર આવીરે લટકાળી હોનાર. નીંદરડી નયણાં૦ ૬
રાજ છોરૂ પરણે ને સું સુઇ રહ્યા,
આપણે ઘેર છેરે કુંવરના વીવાહરે. નીંદરડી નયણાં ભરી રહી. ૭

વાંકો વડલો. ૬

(૪૩) વાંકો વડલો ને વાંકી વડવાઇ,
વાંકી છે વડલાની ડાળ, અવસર ઘેર આવશે. ૧
વાંકા ઘેર *ભાઈનાં મોળીઆં;
વાંકી ઘેર કઇ વહુ નાર, અવસર૦ ૨
આવતાં ને જાતાં ગોરી બડબડે;
*ભાઇ +વહુનો વારો, અવસર૦ ૩
અમારાંને વાર્યાં ગોરી નહીં કરે;
ભળાવો §બેન નણંદ, સાજન ઘેર આવશે. ૪
§બેન વીંછી કેરો આંકડો;
કઈ બેન સાપણીઆની ફેણ, સાજ૦ ૫
આવશે બેસશે પાટલો; પગરણુ નીહાળશે સાજનીઆરે,
મારે ભાઇના કાકા દેવ ઘેર આવશે. ૬

ડરખડી.

કુવા આગળ બેસે તે વખત ગવાય છે.

(૪૪) મુસ્તક હરી પર નામી ગાએ શું ગરબડા;
સ્વામી ઊમીયાં જો ધન રાઈ, અક્ષર આપજો સાઇ;
ઠામની કાગળ લખે હૈડે રાખર હરખે,
છાનાને વાલ્યમ ચલાવે રખે રમતા તો વર આવે;
વાલ્યમે બેઊ કરજોડી સ્વામીની વીનતી થોડી,
સ્વામીયે સંદેસે સંભાર્યાં; સાગર બુડંતાં તાર્યાં,
રૂક્મૈયાએ સંદેસો કહાવ્યો. કેજો કૃપાનાથ ઘેર આવો,
રૂક્મૈયાએ સંદેસો કહાવ્યો. વાલ્યમ આવેરે તું વેહેલો;
ગોવીંદ આવેરે તું વેહેલો,
વાલ્યમ દુવારકાં જઈ પોંચ્યા. કાગળ શ્રી ક્રષ્નને સોંપ્યા,
કાગળ વાંચીને જોયું તેવારે શ્રી કૃષ્નનું મન મોહ્યું.
બેઠા શ્રીકૃષ્નને વિપ્ર મળીઆ, દેવ આલોચે દેવ મળીને વીમાશું,
કે જાન કઇ પેરે લઇ જાશું.
જમણા બળીભદ્ર ભાઇ હાલ કરો જાનની સજાઈ;
જેને બળીભદ્ર સરખા ભાઇ, તેને શી કરવી સજાઈ.

---

*ભાઈનું નામ. +વહુનું નામ. §બેનનું નામ.

ચો ઘોડે રથ ચાલે શ્રી ક્રક્ષ સેન હંકારે. બળીભદ્ર જાનતો જોતરાવે,
જાન વીદુવારે ચાલી; રૂક્મૈયાએ રાત દોયલે કહાડી.
જાન વીદુવારે પોહોતી, રૂક્મૈયા રાતે સુખે સુતી.
વિશ્નુ દળ વીદુવારે પોંતું, સિશુપાળનું સેન સુતું.
વિશ્નુ દળે હુવ્યારે મેલાણુ, ગડગડીઆંરે નીશાન.
ખંમ ખમીયાંરે નીશાંન. શ્રી કુશ્ન વાડીમાં ઊતરીઆં,
ભિમક પાળારે આવીઆ; શ્રી કુશ્નને સામઇઆં લઇ જાય,
શ્રી કુશ્ન ઊતારે ઊતરીઆ. અનના પાક સાચરીઆ.
ચાલી ચતુરાં નારી, કોટે નવસર હારી,
કાંનમાં કુંડળ ઝળકે, પાએ નેપુર ઠમકે;
આગે અંબર ગાજે નાગે ત્રીભુવન, છાજે અંબીકા પુજવારે.
બાળી જોવું ત્યાં કાવડ વાળી,
કાવડ વાળીને જોયું તે વારે શ્રી કુશ્નનું મન મોહ્યું.
અંબીકા પુજીને વળીયા; લઇ શ્રી કુશ્ને કાંધે ધરીયા,
રકઝક મકરોરે નારી પરણુસે દેવ મોરારી.
જો જાણશે શિશુપાળ તો, થાશે કળીકાળ.
શિશુપાળે સાંભળો વાત, હરી ગયા વૈકુંઠ નાથ.
ભીમક કેરારે બાળ દે છે, શ્રી કુશ્નને ગાળ માહાવો માંખણુ ખાય.
એ સદા ચારંતો ગાય હીરો માંખણુ ચોર ઈ સદા ચારંતો ઢોર.
દારયો દાશ્યોરે દારયો છાશ પીવાને અધવાશો.
છાસની છાર ઊતરાવે; ઘોડી ધજા બર ન આવે.
નાથ્યો નાથ્યોરે નાથ્યો, સાગની સુતળીએ નાથ્યો
*બેન પુતળીએ. નાથ્યો નાથ્યો નાથ્યોરે નાથ્યો, હીરની દોરીએ નાથ્યો
*બેન ગોરીએનાથ્યો નાથ્યે. નાથ્યોરે નાથ્યો, બેવડ રાસડીએ નાથ્યો.
છોકરા ઘીપીરે ઘી પી તારી માએ મેલ્યો ટીપી.
તારી બેન તો છે લાછ, તુંને કળશે ભરાવશે છાશ.
તારી બેન તો છે રાણી, તુંને કાવડે ભરાવશે પાણી.
તારી બેનતો પેહેરે બાંધણાં, તુંને ઘરમાં રંધાવે રાંધણાં.
રૂક્મણી બેન ચાંદાનું ચાંદરડું, ઇ વર વગડાનું વાંદરડું.
રૂક્મણી બેન સીરામણ સીરાવે, ત્યાંથી કુતરો સરજ્યો.
કુતરો થઇનેરે ભસ્યો, તેતો કન્યા લઈને ખસ્યો.
તારી આવર જોસે વાટ, તારી દોહ્યલે જાશે રાત.

---

* બેનનું નામ.

શ્રી કૃષ્ને રૂક્મૈયો માર્યો, રથ સરીશડો બાંધ્યો.
શ્રી કૃષ્ન રૂક્મૈયો ગાજ્યો, રથ સરીશડો લાજ્યો.
એને બંધવને છોડાવ્યો, કુળમાં હુવો જે જે કાર.
ત્યાંથી મુળ માધવપુર પોહોચ્યા, ત્યાં જઈનેરે ઉતરીઆ.
મંગળીક શ્રી કૃષ્નને કરાવો, વધ માતાને નવરાવો.
દેવકી કરોને સણુગાર, પેહેરોને નવસરહાર
હોડાને નવસર ઘાટ વેગે શીંચ્યો વર વાટ
હળવે લોટડા ભરીઆ, દામોદર સર ઢળીઆ
હળવે લોટડા વાઅ, શ્રી કૃષ્ન ઘોડલડે અસવાર.
ધુષળ મુષળ ને રવાઈ, સાસુએ પોંખ્યા છે જમાઈ.
સરીઓ સાંઠો ને ત્રાક, ગળે ઘાટ ઘાલીને તાણ્યું નાક.
ગળે ઘાટ ઘાલીને તાણ્યો, વરને દાન કાળમાય આણ્યો
મધુ પર્ક ટાટલડી અણાવો, ભીમક દે છે કન્યાદાન,
પેહેલું મંગળ વરતાય, બાપે દાન દેવાય,
બાપે દીધારે દાન દાન દીધાંછે ગવરીના દાન
બીજુંને મંગળ વરતાય હસ્તીના દાન દેવાય.
અગ્ની ને મંગળ વરતાય, તેજીનાં દાન દેવાય.
ચોથુને મંગળ વરતાય, કન્યાના દાન દેવાય.
આલુડા વાંસ અણાવો, લીલુડા કળશ ચીત્રાવો.
ચોરંગે ચોરી બંધાવો, નાગ પાસે નાગેણી કામ.
નાગ પાસે બાંધોને ધાણા, જે ધંન ધંન કરતલો વર આવે
નાગ પાસે બાંધોને જીરૂં; જે જી જી કરતો વર આવે.
નાગ પાસે બંધાવો ને મીઠું, જે મીઠડું બોલતો આવે.
સુઘલી સાળ અણાગો, વેદ મંત્રે કંસાર નીપજાવો.
ગોણીએ ઘી પીરસાવો, ખોબલે ખાંડ પીરસાવો.
વેદ મંત્રે કોળીયા ભરાવો, શ્રી કૃષ્ન રૂક્મણીને આરોગાવે.
રૂક્મણી શ્રીકૃષ્નને આરોગાવે, રૂક્મૈયો કોળ ઝોંટાવે

કન્યાને વળાવતી વખતનું ગીત.

(૪૫) દાદાને આંગણુ આંબલો; આંબલો ઘોર ગંભીરજો,
એક જ પાંન મે ચુંટીયું દાદા ગાળ ન દેશજો.
અમેરે લીલા વનની ચરકલડી, ઉડી જાશું પરદેશજો.
કાકો વળાવવાને આવીયા, આવ્યા ગાઉ બે ચારજો,

વળો વળોરે મારા સમરથ કાકા, અમને દીધાં પરદેશજો.
અમેરે લીલા વનની ચરકલડી, ઊડી જાશું પરદેશજો.

ઈત્યાદી કુટંબીઓનાં નામ લેવાં.

કન્યા વળાવી આવ્યા પછીનું ગીત.

(૪૬) વાળી વાળી દાદો પુછે વાતરે, આજ માંડવ શણેં ઘોશારો
દીવડો હતો રૂક્ષ્મણીજીને હાથ મેલીને ચાલ્યાં સાસરે.

એ વીગેરે કુટંબીઓનાં નામ લેવાં.

કન્યાને તેની મા શીખામણ દે છે.

(૪૭) કુંવર ત્રુઠયા ત્રુઠયા અષાડીના મેઘરે
ઓતરની ચમકી વીજળીરે.
કુંવર સસરાજીને દાદા કહી બોલાવજો.
કુંવર સાસુડીને કેહેજો મારી માયરે. મોટાના છોરૂ વનમાં રહેજો
કુંવર જેઠજીને બાપુ કહી બોલાવજો,
કુંવર જેઠાણીને કેહેજો મોહોટી બેનરે. મોહોટાના છો૦
કુંવર દેરજીને વીરો કહી બોલાવજો,
કુંવર દેરાણીને ચીંધજો ઘરના કામરે. મોહોટાના૦
કુંવર નણદીજીના નિત્ય નિત્ય માથાં ગુંથજો,
કુંવર સાસરીયામાં રાખજો રૂડી લાજરે. મોહોટાના૦

વરઘોડીયાં પરણીને ઘેર આવતી વખતનું ગીત.

(૪૮) પરણીને પધાર્યાંરે, શ્રી હરીને નગર દ્વારકાઅ ગામ.
નગરનાં લોક જોવા મળ્યાને, પુરૂષ પુરાણ.
નેત્ર છત્રીએ રમે આગણેને, વરસેછે ત્રીભુવનઅ રાય.
કુસુંબ દડે રમે વરવહુને, ઉડાડે સામસામા ગુઅલાલ.
મોતીડે મોભ વધાવીને લાગ્યા દેવકીજીને પાય.
કોયળીમાં હાથ નંખાવીને, વહુને અમુલખઅ દીધું.
જેકૃષ્નદાશના સ્વામી, જે ગુણ ગાતાં કારજઅ સીધ્યું

હવું હવું.

વરઘોડીયાં લાવતી વખત તથા શીકોતર જતી વખતનું ગીત.

(૪૯) આવોને સજ્જન સહુ માંડવેને, આપણી શ્રી વરઅ ગાઇયે
ઈશ્વરને પ્રસાઇએ જે, આજ ગણેશલા અ ગાઇયે.
સુંદર વરણીરે પ્રેવેશીને, પુરવે ઊગીઆ ભાણુ
આજ પરણ્યારે + વર, હમ ઘેર સફળ પેએ વાણુ
પ્રેવેશીરે કુકડ લવેને તપેરે, ભણારલા આસુર મોકલ;
મોકલ *દેવ બેટડીને જાનેત્ર થાય અસુર લ્યોને,
*દેવ ખાંડ પાણીને જાનેત્ર આગળઅ થાઓ,
તમેરે કીધીરે પેરામણીને, તેરે વળાવાને એ જાએ.
તમે કીધા ચાંદીયા રેખીયાને; તેરે અમારડે એ ચીર.
ચીર તે ચુંથા એ પટોળડી, ફાટીને જાયઅ.
ગોત્રીજનેરે પ્રસાઇએ જે વહુ અજરામણા.
થાય વહુ આવે અજવાળા ને તે થરથાઓલાઆ.
થાય કોઈઅ ત્રશ છીપે દહીંએ ને કોઈઅ ત્રશ છીપે દુધે.
હમ ત્રષ છીપે વર વહુએ ને તેરે.
લાડકડે આંણીતેરે બહુ સજને, અઘ આણીં ખાંડલવો.
કોણે ખટકાવ્યો ને નાગેત્ર ઉગીઉ.
બહાર લાડકડે વરે ભોળવી જે સાસુના ઘર સંભાળ.
ડાહીડાહી સાસુને તેં કેમ જાણીયો, ઓભેદઆગે ઇવર પોંખ્યો.
લાડકડા સમો નહીં. ઇ વેદ બહુ સજના સમો નહીં ઇવેદ૦
ડાહી ડાહી સાસુને નયણાં નીહાળીને,
એ જોયું આગે ઇવર પરણ્યો લાડકડા સમો નહીં.
ઇ કોઈ બહુ સજના સમો નહીં ઇકોઇ૦
રાખલડી રત્નાળીને હીરલે કુંદન બાંધ્યું.
રાખલડી રત્નાળીને હીરલે કુંદનઅ જડીયું.
*દેવ માંડવ તમારડેતો રત્ન અમુલખઅ મળીયું.
હારો ભરીયો હીરેને રત્ન પારખીને લીધું,
જાચ્યો હીરો જડફ઼ેને રત્ન ઉળાલીને લીધું.
એણેરે વેવાઇએ *જીએ દેવેતો આભ સરીખડુંઅ કીધું
બારા દત્તારાઇ એને અગરના કીધલાઅ ધુપ,

+ વરનું નામ. * દેવનું નામ.

આવ્યવહુવરદેખાડું લાડકડા કેરડુંઅરૂપ બહુસજના કેરડુંરૂપ,
બારા દત્તારાઇ એને તળશીએ નાંખ્યાં અઘ પાણી.
એનારે દોરીનાં વરત કીધાંને, તો તું ઇવર અ પામી.
બારા દત્તારાઇ એને પીંપળે નામીઆંઅ પાણી.
લાડકડેરે *વરેતો રાજકુંવર ઘેરઅ આણી.
રાજ્ય કુંવર જઘડો કરેને ન ખાયરે અન્નને પાણી,
રાજ્ય ઘેર મુજ પરણાવો જે દેશમાં હું સફળ અ રાણી.
સોરઠમાં હું સફળ રાણી રાજ્ય કુંવર ઘેર સુતીને સોણાં મસેઅદીઠું
પરણુંરે *વરનેતો બાકી સઘળડુંઅજુઠું.
હાથ હીરે જડી મુંદ્રડી ખણુ ખણુ નાંખે તંબોળ.
કુંવર હીંરે ‖ દેવનાને જાણીએ. કુંકલા આ લોળ
હાથ હીરે જડી વીંટીને, ઓઢણુ નવરંગઅડોટી.
મદનમુરત ‖દેવ ત્યારે મેં કન્યાયઅદીઠી, ત્યારેમેં પ્રત્યક્ષઅદીઠી.
ઓખા થઇને બેઠીને ઘોળ મહારમાંયે એ પેઠી.
શખ્ત પાતાળ ‖ દેવજ્યારે મેંકન્યાયઅદીઠી,ત્યારેમેંપ્રત્યક્ષદીઠી.
રૂક્મણી થઇને બેઠીને ઊઠ્યા ચારે અ વર ભાગ્ય મોટારે
† વહુના જે વખતે કીધલાં અબળ બાપે ઊછરંગે
બેટીનેબોલેબાળકુંવારીકે પરણુંરે*વરનેતોકે રહુંબાળકુંવારી.
કાકા કોહોડ કરાવે ને કન્યાના કળ અ જુવે,
રૂપે રૂડારે *વર તેનેરે સાસરીઆ મોહોશે.
સજ્જન મળીને વમાસો જે કહોરે કન્યા, કંન્યાઅ દેશું.
કુટુંબ મળીને વમાસો જે કહોર કુંવર કયાંઅ દેશું.
ઘરરે મોટાં ‖ દેવના, ને તે શું સગાઈ ઇ કરશું.
રૂપેરે રૂડારે *વર તેનાંરે, કન્યા દાન એ દેશું.
કન્યાદાન અત્ય મોટુંને જેનેરે તેને ન દેએવાય,
પવીત્ર નાગર ‖ દેવ તેનારે પખાળીએ એ પાય.
આંગણુલાં ધજ ધરીઆંને, ટાળો હીંકરીઈ
આએ પવીત્રના પાએ પખાળયા જે, ભલે જઇ દીકરીઇ
આએ ચોવીશાનો રાજીઓ. ને તે ઘેર મુજ પરઅણાવો.
શેર સોનું પેહેરાવે ને ઇ વર નજરે દેખાડો,
માડીરે મનારો ચીતરે ને સુતીરે સુવાવડમાંય;

---

* વરનું નામ. ‖ દેવનું નામ. † વહુનું નામ.

જ્યારે તું પરણીશ લાડકાને થાઇશ વરનીઅ માય.
માડી તેં શું ખાધું ને આશોરે લાડકડોઅ અજાએ,
ખાધી દ્રાક્ષ બીજોરડીને અમીરે પીધાં દશઅ માસ;
ચંદન પીધાં વાટકે ને તેણે તારી પોતલીઇ આશ.
પાળીને પંપોળીને દશ વરસનીઅ કીધી,
લાડકડોરે † વરે તો હળવે ઉલાળીને લીધી;
લાડકડોને લવોને ફઇશું બેટડો. અરગવા ફઇ મુજને પરણાવો;
કન્યારે તમારડાઆ વગમાં; સામળડીશઅ પુછેજે કોઈ હમકારણુજાઓ.
અવર વરને તો હું નહીં વરૂં ને વરમાં † વરઅ ડાહ્યો,
સર સોભત્ય સામળીઓને તેજેતો ન રેહેવાએ;
કોણુસ બાઇ થયાંરે ઊતાવળાં ને રખ્યે વર વરી અને એ જાએ.
કુંપલડી મુખસાં કહું ને કપુરનો વાસ,
કોણુસબાઇનું પેટ છે બોહોળું જે ગાડલામાંય ન સમાય;
ત્યાં થાય ઝોળીમાંથી ઝડફ્યો ને પારણુંમાંયથી પરણ્યો.
કંદોરો નવ છુટયો જે વાળો બડવો રૂઠો,
કંકોતરી આવીરે ઊતાવળીને જે વાંચતાં આવ્યું છે હસવું;
વાળી વાળી કોણુસબાઇ એમ ભણેજે ઇરે સોંણું કે ઈઈ સાચું.
ભવાનીને પ્રસાદ્એ જે વહુ વર લઇ ઘેરઅ જાશું,
માંડવ નાંખોને મોકળાને માંય સજ્જન સહુ માહાલે;
બે સગપણનાં § બેન તેનાંરે ચલણ બહુ ચાલે.
પાણીંયારા છોવરાવોને લખાવો હંસને મોર,
પાસેરે લખાવીશ પુતળીને જમણા લખાવીંશ અજજ;
એણેરે વેવાઇએ *દેવે તો શીખરે બાંધલી ઇ ધજ.
પાણીઆરાં છોવરાવોને વચેરે ઘોળાવોશઅ કુંડી;
લાડકડેરે † વરેતો વહુ આણી ઘેરઅ રૂડી.
પાણીઆરાં છોવરાવોને વચેરે મેલાવીશઅ લોટી,
લાકડેરે † વરે તો વહુ આંણી ઘેરઅ મોટી;
દંત જસોમત બાળાને ટોડલે ટઉકેછે એ મોર.
એણેરે વેવાઈએ * દેવે તો પુરારે અમારડા આ કોડ;
દંતજ શોભત બાળાને ગોખ અજવાળીયાં આ દીવા,
એણેરે વેવાઈએ * દેવેતો દેશોત કીધલો;
આવીયા શામા ટોડા રાવોળાને ડેલીએ જોડય કમાડ.

---

† વરનું નામ. § બેનનું નામ. * દેવનું નામ.

ચાલતી લક્ષ્મી આવે તે ‡ ભાઇ તણેરે મોશાળ,
સામા ટોડા રાવોળાને કોડેરે કમોડ છે ખડકી;
વહુઆરૂનાં સુખ જોઈને તેણેરે કોણુસ બાઇ હરખી.
સીંહાસન સોને જડયાને પાલખી જડીયા છે પાઘા,
ચમર ઢળે તે આવે તે કોણુસણા તણા આજાળ;
સીંહાસન સોને જડયાં ને પાલખી ભર્યા છે સુત્ર.
જેમ જાયા તેમ પરણ્યા કોણુસબાઈ તમારડાઆ પુત્ર,
સીંહાસન સોને જડયાં ને પાલખી ભર્યા છે હીરા;
મસાલ બળતે આવે ઈ કોણુસબાઈ તણા વીરા.
સીંહાસન સોને જડયાં ને પાલખી જડીયા છે હીર,
નકી પોકારને આવે તે § બેનનાઅ વીર;
સેહેજ બાળા શણગારોને છત્રીએ જડ્યા છે કાચ.
છત્રી તો અત્ય શોભે માંય બેસે વરનાઅ કાકા,
સેજવાળા સણગારો ને છત્રીએ જડીઆછે ડાંટા
છત્રીતો અત્યશોભે માંય બેસે વરના મામા.
સેહેજ વાળા સણગારોને, છત્રીએ જડીઆ છે હીરા.
છત્રી તો અત્ય શોભે, માહાય બેસે વરના વીરા.
સેહેજ વાળા સણગારોને, છત્રીએ લીલુડા નેજ.
છત્રી તો અત્ય શોભે, માહાય બેસે વરના ભાણેજો.
વાણે શીખડ છાઇ બેસારોને, વરની ભોઓજાઈ.
ઓછાડોને જાદવ સાડી, બેસારોનેં વરની માડી.
પાલખડી પથરાવો, માય વર વડીયાઇને બેસારો;
માફા વેલ્ય જોતરાવો, માંય વર ફૂઇયરને બેસારો.
અનોપમ વેલઅ જોતરાવો, માય વર બેનરને બેએસારો.
ભાભલડી સેજવાળા, વર બેનર માફાળી.
ઈવેઅ કાકી માંમી લીંગરાંને; ફૂઈ સુજંતલી,
ઈવેલ કુતરા કોટેને લીંગરા ચીથરાં ન લઊં અપાર.
ખસડક ખસડક આવેત § બેન ભરથાર.
ડગલડીયેં દસ થીગડાંને લીગરાં ન લઊ અપાર.
કાશદ વેશેં આવે તે § બેન ભરઅથાર.
સારેરી પારેરી ને ચાતીનો ન લઊ અ અપાર.
રથ ખેડંતો આવે તે § બેન ભરથાર.

---

‡ ભાઇનું નામ.　　§ બેનનું નામ.

વેશર પલાંણ્યા ને સાંમટાને બેસારો જમાઈયોની છ જોડ.
બેશર સગપણનો || જમાઈ તેંનેરે બેસાર્યાંનાઆ કોડ.
જાંનતે સઘલડી જુતીને, લીધા વળાવા બેએ ચાર,
ગાગરીઆળીના પાલા જે લીધા ગાઊ બેએ ચાર.
ખાખરા વચે ખેડુને, આંબલા વચે છે વાટ.
અંધારે હમે નીશરાંને || જમાઈ છેએ સાથ.
ન જોયાંરે ખાડા ખબોચીયાંને, ન જોઈરે વસંભલી ઈ વાટ.
અંધારે હમે નીશર્યાંને, કોણસ દીવટીયો છેએ સાથ.
અંધારે ધનસાટાંને, ચાંદલીયો લીધો છેએ સાથ.
તે ધન કાઢીને વાવર્યાં જે, લાડકા તારડે કાજ.
ધન તે ધન તે મકારોને, ધન્ય તે બપોરની છાંયાં.
ધન્ય લક્ષ્મી રળતાં મળેને, ન મળે સકળનાંઆ જાયા.
કરવી કરવી મકરોને, કરવી નથીય કોઇ.
અરથ પડે દ્રવ્ય વાવરે જે નાંખી ન દીએ કોઇ.
મોર સુનારીયે છુટી *દેવને આવતા દેખીને *દેવનેધુંજવછુટી.
મેં તુને વેવાઇ વારીયો જે, જેઠનાં લગ્ન ન લેશો.
જેઠ માસે જળ દેવકીને, નહી મળે અન્નનેએ પાંણી.
નહીં મળે ચાર કપાશીયાને, નહીં મળે પરબમાંઆં પાણી.
બાપે દીધી જાણી હેંનેં ઘેર હશેઅ રાણી.
જાંનતે સઘળી જુતીને, મોર વાડીમાંયે છુટી.
*દેવને આવતા જાણીને, *દેવે વાવ ખણાવી.
નવાંરે નવાંણુ ખણાવીયાં, માય ઊમટાં મીઠાંઅ પાણી.
વહુ વર તારે નાહાવલે, તરશ લાગી નવ્યઅ જાણી.
ચાચર ચરૂરે ચડાવ્યા, માથે પડ્યોરે ભુજારીનો સાદ.
ભુખ્યું કોઈ નવ્ય જાશો, એમ ગાજ્યો † વહુનોઓ નાહો.
તરશ્યાને મોચે ટીપુંને, ભુખ્યાંને મોચે અન્ન.
કોડેરે કુવર પરણાવ્યા, તેડું વર ઘરડેરાનું પુન્ય.
જઈને *દેવને જાણ કરો જે, ઊતારા લેઅ સાર.
ઊતારા અત્ય રળીયાંમણાને, જુવે કીધલાંઆં ઢીમ.
આજ પરણ્યારે ।। વર જે હેડાં ટાઢડાંઆં હીમ.
ઊતારા અત્ય રળીયાંમણાને, દીસંતલા કૈલાસ.

|| જમાઈનું નામ. *દેવનું નામ. † વહુનું નામ.

*દેવ શરખા નવ વસે, તે ⫲વેવાઈની નીલ વાસ.
ઊતારા અતી રળીયામણાં ને દીવા મેલ્યાં છે બે ચાર.
પેહેલોને દીવોરે ઓરડેને, બીજો પરસાળ અ માંય,
અગ્નીને દીવો માંઢવોને, ચોથો દેરાસર અ માંય.
ચારેને દીવાથર હવાને, વરના ઊતારાછે એ માંય.
પ્રથમ નોણુંરે આવીયાં ને, બ્રહ્મચી બ્રહ્માને એ હાથ.
નોણેને બ્રહ્મચી પાવલાંને, સાગવાંનીના પાયા.
નોણેને બ્રહ્મા આવીયાને, સરશાં સાવંત્રી છે એ સાથ.
નોણેને ઈશ્વર આવીયાને, સરશાં પારવતી છે એ સાથ.
નોણેને ચંદ્રમા આવીયા, ને સરશાં રોયણદે છે એ સાથ.
નોણેને સુરજ આવીયાને, સરશાં રંનાદે છે એ સાથ.
ઢોલતે ઢમઢમ વાગીયાને, શરણાઈ શબ્દ છે એ સાર.
પંચા શબ્દ વજડાવો, + ભાઈ પરણવા જાય.
વર ચડોરે ગંગાજળ ઘોડલે, શીર મેઘાડંમર અ છત્ર.
પાઘડલે પગ દઈ રહ્યોને, ઓડણીય લીલુડા આ નેજ.
નેજ ઓઢીને ઉભો રહ્યો, સફળ માડીનું છે એ વેત્ર.
વર ભમીયોરે કોટ શીશડેને, ભમીયોરે સઘલડા ઓ દેશ.
તોરણુ આવી ઉભો રહ્યોને, પોંખવું સાસુંને એ હાથ.
ધુષળ મુષળે પોંખીયોને, સરીયો સાંઠોને એ ત્રાક.
ગળે ઘાટ ઘાલીને તાંણીયોને, હેતસું તાણીયું ઊં નાક.
નાક સાહીને વર નરખીયોને, આણીયો માયરા આ માંય.
માંડવ બાંધો રખોટડીને, નાગપાસે બાંધોને એ જીરૂં.
ચાર દહાડા મેં ધીર્યાંને, હવેરે ઘડીએ નહીં ઈ ધીરૂં.
માંડવ બાંધોરે રખોટડીને, માડીના હઈયડા આ હેઠ.
પાછું વાળીને નીહાળીયું, જે રખેયને લાગતી ઈ દ્રષ્ટ.
ઊઠોને +ભાઈ ઘેર જાઈયેને, ઘોડલે નાંખો પઅલાણ.
દુશ્મન બાંધોને ચોકડેને, દુજણ દાબલા આ હેઠ.
દુશ્મન દુશ્મન મ કરોને, દુશ્મન નથી અ કોઇ.
અમી વરસે *દેવની, જીભડીને ત્યારે સાજન સહુ અ હોય,
ઊઠોને +ભાઈ લાડકા, ઘેર જાઓને તાછ અંબોરડે.
એચાતી એણેરે વેવાઈએ, *દેવે તો થંભ બંધાવીઓ.

---

* દેવનું નામ. ⫲ વેવાઈનું નામ. + ભાઈનું નામ.

અ હાથી ઊઠોને, +ભાઇ લાડકા ઘેર જઇએને તાસ અંબારડો
ઓ છોડો એણુ વેવાઇએ ✽દેવે તો થંભ બંધાવીઓ.
ઓ ઘોડોઊઠયોને +ભાઇ લાડકા,ઘેર જાઇનેતાછઅંબોડલેએથાય.
હેણેરે વેવાઇએ ✽દેવેતો, કંન્યાદાનમાં આપી છે એ ગાય.
હું તમને પુછું મારા +ભાઇ લાડયકા સાસરે શુંશું અ જમ્યા
દળરે, દાચક દળ બાચક ખાજલા માંહે ખજુર
‡વહુનો કંથ સવાદીયો જે, બીડલામાંયે કપુર.
હું તમને પુછુ મારા કોણુસ ભાઇ લાડકા સાસરે શું શું અ દીઠું
જસો ગોકુલ રાજીયો તસ્યોરે મેં સસરાને એ દીઠો.
જસી ગોરમાયા પરી તસીરે મેં સાસુને એ દીઠી.
જસો કાન ગોવાળીઓ તસ્યોરે મેં સાળાને એ દીઠો.
જસી દેરાસર પુતલી તસીરે મેં સાળીને એ દીઠી.
પાળીમાંથી પરણ્યોને, ઝોળી માંયેથી ઇ ઝડપ્યો.
કંદોરા નવ છુટયાંને, બાળે બડવે અ રૂઠ્યા.
✽દેવ માંડવ તમારડે તો, ✽દેવ સુનઇએ એ ત્રુઠયા.
ખાખરા વચે ખેડુને, આંબલા વચે છે એ વાટ.
અંધારે હમે નીસર્યાંને, કોણ દીવટીયો છે એ સાથ.
ઊ વાટયે હમે નીસર્યાંને; ચીલા ભરીયા છે એ પાણી.
વહુ વર તારે નાહોલે તરશ લાગી નવ અ જાણી
ન જોયારે ખાડ ખળોચીયાંને, ન જોઇરે વસમલી ઇ વાટ.
વહુ વર તારે નાહોલે તે, હમે આવ્યા માઝમ અ રાત.
અંધારે ધન સાટવ્યુંને, ચાંડલો લીધો છે એ સાથ.
તે ધન કાહાડીને, તે લાડકા તારે એ કાજ.
ધન્ય તે ધન્ય તે મ કરોને, ધન્ય બપોરની ઇ છાયા.
ધન્ય લક્ષ્મી રળતાં મળેને, ન મળે સકળના આ જાયા.
કરમી કરમી ન કરોને, કરમી નથી કોઇ.
અરથ પડે ધન વાવરેને, નાંખી દે ન અ કોઇ.
કાકા ચડયા કેસુડે, વર મામા થયા અશ્વાર.
બાપ ચડયો ખંબ સ્થળેને, માડી હાથણલી અ થાય.
હણહણતાં પલાણોંને, વર વીરા થયા અશ્વાર.
તેજણલીના પાળા તે, લીધા ગાઊ બે એ ચાર.
તેજી ન ખમે તારાને, ઘોરી ન ખમે અ ભાર.

+ ભાઇનું નામ. ✽ દેવનું નામ. ‡ વહુનું નામ.

કળજક નમી નમી જાએ, *દેવ કેર આંબલડા,
થડ સુતો ને દાત્ય ઓસીકડેએ લીધી.
એ લીધી નચીંત સુવોને, *દેવ વહુ આપડલી અ કીધી.
લાડકો લખતો ઊઠયોને, દોતજ લીધી છે એ હાથ.
કાકા સરખો કરમીને, બાપ સરખો લખનાર.
મામા સરખો મુનસીને, વહુ વર તુજ ભરથાર.
નીચો આંબો થડ હુવો ને, ડાળી નમી નમી જાય.
નાંનાં *દેવ સજનવવાં જે, કટમ નમી નમીઇ જાય.
એમ ન જાણીશ વહુવર, મુજ થોડો સણગાર.
દેવ દોરો જેઠ સાંકળીને, નણંદ મોતીડાંનો ઓ હાર
ટુટી ઊતરતી કાંકલીને, કાંને બે અંતળી ઇ ઝાલ.
સસરો સુનાં મોર સાંકળુ, ખીતલીઆળો ભરથાર.
એમ ન જાણીશ વહુ, વર નાનો ભરથાર.
નાનો નખસીમાં હીરો ને, નાનું માણેક અ મોતી.
નાનું ફળરે નારંગીનું ને તેરે સોધ્યું નવ અ લાધે.
ઊંચા તાડ તડુકેનેરે કશ્યે ખપ ન આવે.
એમ ન જાંણીશ વહુ વર, મુજ સાંમળો ભરથાર.
સાંમળો કાશીમાં માધવોને, સાંમળા વીશ્વનાથ.
સાંમળો ગયામાં ગદાધરને, સાંમળો તુજ ભરથાર.
એમ ન જાણીશ વહુ વર, તુજ વાજીત્ર છે થોડી.
અમી વરશે *દેવની જીભલડીને ત્યારે વાજંત્રની ઇ જોડી.
કામ કરે કામનારાને, મહીંય વલોવે છે એ લાછ.
રાજકરે વહુવારૂને *દેવ તણેરે અવાસ.
મેલ જુના મેલ ઝુંપડાંને, મેલ ગાંમડીઓ ગરાસ.
આવ વહુ વર દેખાડું જે, આપડા ગોખ અવાસ.
ન ખાઈશ પોંખને પોંહોખીયાને, ઓળે જણાશે ઉચાટ.
રત્નાગરની સુખડે જે, આપીશ દાડમ અ દ્રાક્ષ.
અડક દડક ભોંય ચીકણીને, ખાડલુ દડવડુ ઊ જાય.
ફૂલાણુાનાં દળ શીળાંને, કોણુસ જીતીને એ જાય.
જીત્સુ જીત્સુ ન કરોને, સારીરે સોરઠમાં જીત્સું.
સોરઠ જીત્યોરે સોમેશ્વરીને, ગઢરે જીત્યો ઘર અજવાળો.
અજામેર ગઢ જીત્યો એમ જીત્યોરે, ÷વહુનો ઓ નાહો.

* દેવનું નામ. ÷ વહુનું નામ.

જનકજીનો માંડવો.

૫૦) જનકજીને માંડવે પરણે જાનકી શ્રીરઘુનાથ જનકજીને માંડવે;
ઊભા લોક જોડી જોડી હાથ, જનકજીને માંડવે. ૧
ત્યાંહાં આનંદ વાધ્યો અતી ઘણો; ગાયે નારી મળી મળી ગીત. જનક૦. ૨
ગુણ ગણપતી ગૌરીનાં ઓચરે; કરે આપણા કુળની રીત, જનક૦. ૩
આવ્યાં મંદીર થકી જાનકી; તેડી લાવ્યા ગુરૂ સતાનંદ, જનક૦. ૪
દેવી પધરાવ્યા કનક ચોરી વીશે; મુખ જાણીએ પુનમ ચંદ્ર, જનક૦. ૫
પછે માત પીતા પાસે આવીઆ; રાજા દશરથ જનક બે જોડ, જનક૦. ૬
એણે શીવ ગૌરી ઘણું પુજીયા; તેણે પોત્યા મનડાના કોડ, જનક૦. ૭
ત્યાંહાં ગુરૂ વચને રઘુનંદને; કીધો જાનકીનો કર ગ્રહણ, જનક૦. ૮
દીધી દરભસળી વચમાં; વળી તે તો વેદપુરાણને વેણ, જનક૦. ૯
ત્યાંહાં મીથુલાનાથે હાથે કરી; આપ્યા વરને મધુપર્ક દાન, જનક૦. ૧૦
આંણ્યાં અખીયાણાં સીરા શ્રીફળ ધરી; દેખી વીપ્ર થયા પ્રસન્ન, જનક૦. ૧૧
સોંપ્યો રઘુવરે કર જાનકી; આડી રાખી દરભસર એક, જનક૦. ૧૨
મુખ મંત્ર ભણે પ્રભુ આપસું; જાણે વેદતણા વિવેક, જનક૦. ૧૩
પછે વેળા થઇ જ્યારે લગ્નની; આપ્યો જનકે હથે વાળો હાથ, જનક૦. ૧૪
કીધી દરભતણી સર વેગળી; ભણે સ્વસ્તી ત્યાંહાં શ્રી રઘુનાથ, જનક૦. ૧૫
બીજી કન્યા ત્રણે તેણી રીતશું, પરણાવી જનક રાજન, જનક૦. ૧૬
કીધાં કાજ વિધાન વીવાતણાં; વળી દીધાં ઘણાં સનમાન, જનક૦. ૧૭
દીધી ભરતને કન્યા માંડવી; પરણ્યા લક્ષ્મણ ઊરમીલા નાર, જનક૦. ૧૮
શત્રુઘણને દીધી સુલોચના; થયો આનંદ અપરંપાર, જનક૦. ૧૯
ત્યાંહાં કુળ રીતે રઘુનંદને; લજ્યા હોમ કીધો તેણીવાર, જનક૦. ૨૦
આપે આહુતી ત્યાંહાં ઘ્રત સાતની; જેવો વંશતણો વેવાર, જનક૦. ૨૧
આપ્યા ગજીમખી ગજરથ પાલખી; દાશી દાશને ગરથ ભંડાર, જનક૦. ૨૨
કન્યાદાન સમે ત્યાંહાં આપીયાં; લાખી મુલના લક્ષ તોખાર, જનક૦. ૨૩
વીવા જોવા આવ્યા સરવે દેવતા; મળ્યા ગગનમાં અનેક વીમાન, જનક૦. ૨૪
સુર વરસાવે પુલ ફ્રાંટે ભરી; જાણે દેવ દેવા બેઠા દાન, જનક૦. ૨૫
મન આનંદ પામ્યાં અમર એવા; વરસાવે વીવીધ પુલ માળ, જનક૦. ૨૬
બધુ નગર કુસમમય થઇ રહ્યું; પુલે શણગાર્યાં બહુ વીધે બાળ, જનક૦. ૨૭
મળી ટોળે ટોળે ઘણી તારૂણી; રાજ મંડપમાં ન સમાય, જનક૦. ૨૮
મુખ ઘુંઘટ પટ કરમાં ધરી; ઊભી માનુની મંગળ ગાય, જનક૦. ૨૯
જાણે વેદ રૂચા વેદીઆ; છાંટી અક્ષત દે છે આશીષ, જનક૦. ૩૦

રાજા દશરથ જનકના વંશમાં; સદા સાહ્ય રહો જુગદીશ, જનક૦. ૩૧
વાંચે વિપ્રતે વિગતે વંશાવળી; રાજા જનકનું ગોત્ર પવીત્ર, જનક૦. ૩૨
કુળ કન્યાનું પ્રત્યક્ષ દાખવે; મુખ ઓચરે ચારૂ ચરીત્ર, જનક૦. ૩૩
ગુણુ કીન્નર ગાંધર્વ અપછરા; બંધ માગણુ ચારણુ ભાટ, જનક૦. ૩૪
મળ્યાં માગણુ આંગણે; અતીઘણા જશ બોલે છે જુજવે ઠાર. જનક૦. ૩૫
રાજા જનકે તે જાચક તેડીઆ; દીધી રતન કનકતણી દાત, જનક૦. ૩૬
ગજ વાજીને વસ્ત્ર નવે નવાં; આપી આપી કર્યાં રળીયાત, જનક૦. ૩૭
રાએ વિપ્રને મુકયા છે મોકળા; રત્ન કનકતણે ભંડાર, જનક૦. ૩૮
બાંધી મોટને દોટ કહાડે ઘણી; નવ ઉપડે બ્રાહ્મણે ભાર, જનક૦. ૩૯
રાજા દશરથ દાન આપે વળી; કરી ચોકમાં કનકનો મેહુ, જનક૦. ૪૦
મુકયા માગણુ લોકને; કવી કીધી જાચક જોડ કુબેર, જનક૦. ૪૧
વેશ મનુષ્યના ધરી ધરી દેવતા; જોવા આવીયા રઘુરાય, જનક૦. ૪૨
એક બીજાને કોઇ ઓળખે નહી; નવ જાણે તે જાતને નામ, જનક૦. ૪૩
ઘણી ભીડ ભરાણી છે માંડવે; કોઇ બોલ્યું સુણે નહી કાન, જનક૦. ૪૪
વાજીત્ર વાજે દશરથ જનકનાં, પોંચે નભલગે ઘોષ નીશાન જનક૦ ૪૫
પછે વર વહુ જોડ મળી જમે; ઘૃત સાકરે શધ્યાં કંસાર; જનક૦ ૪૬
આપ્યા ગ્રાસ પરસ્પર પ્રિતશું; કુળ રીતે સિતા ભરથાર, જનક૦ ૪૭
બાંધી પાંમબરીએ પટ ચુંદડી; શોભે કુંવરી કુંવર તણી બેલ, જનક૦ ૪૮
જોતાં ત્રપ્ત ન થાએ મેદની; ચાલી અમરત રસ તણી રેલ, જનક૦ ૪૯
જમે ભોજન સજન જાનનાં; પકવાન પંચાઅ્રત પાક, જનક૦ ૫૦
નાનાં વિધના અથાણાં રાઅતી; સાત ભાતના સુંદર શાક, જનક૦ ૫૧
જમે નોતરાળું નિજ દેશના; જમે સઘળાં તે નગરના લોક, જનક૦ ૫૨
આવ્યા અન્નપુર્ણા અનં પુરવા; જમી જમી થોકે થોક, જનક૦ ૫૩
વેંચે શ્રીફળ ફોફળ સામટાં; લેકિ જાએ ભરી ભરી ભેટ, જનક૦ ૫૪
રાય દશરથ જનકને જાણીએ; હશે શ્રીવરશિવ જેવા શેઠ, જનક૦ ૫૫
કરે લોક પરસ્પર વારતા; રાય દશરથ જનક સમાન, જનક૦ ૫૬
એણે પુર્વે તે શિવ પુજ્યા ઘણું; તેણે એવા થયા પુણ્યવાન જનક૦ ૫૭
એનું દરશન પામ્યા આપણે; થયું જાણીએ કોટી કલ્યાણ, જનક૦ ૫૮
કાંઇક આપણે શિવ ગૌરી પુજીઆં; તેણે પોંચી મનકેરી માણ, જનક૦ ૫૯
આપી અણીમાદીકને આજ્ઞા; કરી નેત્રે સીતાજીએ સાન, જનક૦ ૬૦
આજ કાજ અમારેછે એટલું; તમે જઇને સુખી કરો જાન, જનક૦ ૬૧
ચાલી અષ્ટમાસીધ્ધી ઉલટ ધરી; ધર્યાં કીંકરી કેરો વેશ, જનક૦ ૬૨
આપ્યા મણીમય નવરંગી ઢોલીઆ; એવા નીપજે નહીં કોઇ દેશ, જનક૦ ૬૩

ઘણા નવરંગ રેશમી ગાદલાં; વળી અતલશી તુલ્ય તળાઇ, જનક૦ ૬૪
ઝીણા ઓછાડ ઓછાડયા ઊજળા; સેજબંધ બાંધ્યા સુખદાઇ, જનક૦ ૬૫
મોઘાં મશરૂનાં ગાલમસુરીયાં; રંગ્યા ઊપરણા રંગરેજ, જનક૦ ૬૬
નાહાનાં મોટાં ઓશીગાં અતલશી; આપ્યાં સર્વેને સેજે સેજ જનક૦ ૬૭
કોઈ વાતની ન્યુન રાખી નહીં; આપ્યા જાજમ તકીઆ અપાર, જનક૦ ૬૮
એવું જનમમાં સુખ પામ્યાં નહીં; લોક ભુલી ગયા ઘરબાર, જનક૦ ૬૯
એમ આદર પુરણ પ્રેમશું; વરે વરત્યાછે મંગળ ચાર, જનક૦ ૭૦
પછે કન્યાને વળાવવા રાએ; કીધી સામગ્રી કીધી સાર, જનક૦ ૭૧
આપ્યો નવઘરો મુગટ શ્રીરામને; સીતાજીને સોળે સણગાર, જનક૦ ૭૨
ગુરૂ વશિષ્ટને મુગટ હીરે જડયો; આપ્યા વૈકુંઠના પટકુળ, જનક૦ ૭૩
ત્રણે કુંવરને કીધી પેરામણી; લક્ષ્મણ ભરથ શત્રુ ઘનવીર, જનક૦ ૭૪
જોતાં બ્રહ્માદીક ભુલા પડે; તેવા શામળ ગૌર શરીર, જનક૦ ૭૫
રાજા મોહી રહ્યા મુખ જોઇને; ધન દશરથનો અવતાર, જનક૦ ૭૬
એવા સરખે સરખા સુત સાંપડયા; ભાગ્યે સરજાલે સરજનહાર જનક૦ ૭૭
પછે વિશ્વામિત્રને માનશું; આપ્યા વસ્ત્ર નવ શીષ પ્રમાણ, જનક૦ ૭૮
રાએ દશરથને દીધાં ઘણાં; વાણી વસ્ત્ર ન થાએ વખાણ, જનક૦ ૭૯
રાણી કૌશલ્યાદીક સર્વેને; પાંચ વસ્ત્ર હીરાતણા હાર; જનક૦ ૮૦
બીજા જાનૈયા સરવેને; આપીઆં કુંડળ કંકણસાર, જનક૦ ૮૧
માળી હાળીને ચાકર અણુના; સાથે કરતાં મનુષ જે મુલ્ય, જનક૦ ૮૨
તેને વસ્ત્ર વાઘા ઘણાં આપીયાં; આપી વૃષભ તોળારને તુલ્ય, જનક૦ ૮૩
સર્વ સજન કુટુંબ સંતોષીયું; થયો જાનમાં જયજયકાર જનક૦ ૮૪
કાંઈ ન્યુન્ય રહી નહીં લોકમાં; મન હરખ્યો સકળ પરીવાર, જનક૦ ૮૫
કહાવે જનક હેમાચળ જેવા; તેની મીનકા જેવી ઘેર નાર, જનક૦ ૮૬
દીસે દશરથ રાયો બ્રહ્મા જેવા; સાવીત્રી કૌશલ્યા સાર. જનક૦ ૮૭
પામ્યાં મન ગમતી પેહેરામણી; નવ રાખી પરમેશ્વરે ન્યુન, જનક૦ ૮૮
જાણી આવી મળ્યા છે સર્વેને; શિવ કેશવ પુજ્યાનાં પુન્ય. જનક૦ ૮૯
પછે પેરામણી પુરી કરીને; કાંઇ ન રાખી ન્યુન્ય. જનક૦ ૯૦
વર્ણું ચારે વર્ણવે; દશરથ જનકનું પુન્ય જનકજીને માંડવે. ૯૧

જમણ પેહેરામણી.

માઢવશેરને ઢાલસ ગવાય છે.

(૫૧) જશો ચાંપો મોર્યો ને ઊગ્યો વાડી અ માંય,
તદ્યારે રૂડારે શ્રીકૃષ્ણ વર બેઠા ચોરી અ માંય.

કમળ સરીખો કામળો ને, પીળો ચાંપલા અ વાન,
જનક દેવ માંડવ તમારે તો આવ્યો ગોકળીયો કાન.
પુલ સરીખો પુટડો ને રૂપે અતીજ અ રૂડો,
ઈ સરખોરે બીજો નહીં ને વાદ વદે તે અ કુડો.
બાવન પળનું ભાણું જે, કહે રે કણસારે એ ઘડીયું,
માણેક મોતીએ જડીયું લાડકડા આગળ ધરીયું બહુ સજના આગળ અ ધરીયું,
મધુરે પરક રળીઆમણું ને, ઉપર મોટું ત્રભાણું.
ઘરરે જોયાંરે આચર તણાં ને; હવે રે જોયું કરીઆણું.
મધુરે પરક રળીઆમણું ને ઉપર મોટી છે એ ઝારી.
સંધ્યારે સ્નાન ન ચુકે, ઇ વેદતણા અધીકારી.
મધુરે પરક રળીઆમણું ને અન સરીખડી ઇ ગરમી.
આવ વહુ વર દેખાડું જે, હમેરે સદાએ કરમી.
રાતીગારનાં માડલાં ને સાથીઆ પુરીઆ આ સાર.
સાત વાટેરે દીવા બળે ને માનનો ન લઈ અ પાર.
સુખડ સોરંભના પાટલા ને દેરાસર શાળગરામ,
તળશીને દળે પુજીએને તો થાએ કોટી કલ્યાણ.
હવે થયું કોટી કલ્યાણ ઊંચી ઓળે બે ચુલા ને ત્યારે મેં ઘોઇઆં અંન.
વેવાઇયો વેવાઇયોમાં હેત ઘણા ને હવેરે ઘણેરડાં આ મન.
ઊંચી ઓળે બે ચુલા ને ત્યાંરે મેં ઘોઇયાં અનાજ.
આઘેરે *દેવ હમ સગાં ને હવેરે ઘણેરડાં આ હેત.
કંસાર કપુરે વાસ્યા ને એળચી વાસ્યાં છે એ પાણી,
બાપે દીધી તે જાણી એને ઘેર હશે અ રાણી.
કસાર કપુરે વાસ્યા ને પાપડ પુનમ અ ચંદ.
* દેવ માંડવ તમારડે તો અત્ય ઘણેરડો એ રંગ.
રંગ તે રાતે કાપડે ને રંગ તે હાટ વેચાય.
રંગ સુરત * દેવમેં મંડપમાં ન અ માહાય.
ખાજા લાડુ સહુ કરે ને રૂડીરે સેવૈયાની ઇ રીત.
સેવૈઆ સુંવાળા માહાય મોતઇએ બાંધલા.
આ જાળાં સકળેણી વહુ આવે અવાસમાં થયાં અજવાળાં ગોખમાં થયાં અજવાળાં,
સેવૈઓ સુંવાળાં માંય અડધે ભેળી છે એ ખાંડ.
વચન વિવેકે +વહુને કોણસ બાઇએ દીધેલાં આં માન.

---

* દેવનું નામ.　　+ વહુનું નામ.

કળીયા ને મગદળીયા ને કરણુ શાઈનો ન લઊં અ પાર.
ચોટીયા ને વળી ચુરમાં ને ધારાનો ન લઊં અ પાર.
ઘેવર ખાજાં ને ખાજલી ને જલેબી અત્ય છે એ સાર.
શકરપારા ને દેંથરા ને શેવ છે સુતર અ સાર.
પરસુદીની પોળી માહ્યાય, પરીસ્યાંરે કેળાં અ પાકાં.
+ દેવ માંડવે તમારડે તો, જમતાં જમતાં અ થાકયાં.
ઘપળ પરીષણે ✻વહુને રાંધવે, ✻વહુ આંખે જે વારે જુવે
તેવારે ઊંનાને, તે તે રાંધે છે એ એ કોણ.
નાંની વયમાં ✻ વહુને તેનેરે ઘણેરડી ઇ ખાંત.
કુંણીરે ઘારી અત્ય તાજી, માંય હીંગનો નથી અ વાસ.
+દેવ માંડવે તમારડે તો અતી ઘણો અભ્યાસ.
સારણલાં સવાદામાંય હીંગનો બહુ છે અ વાસ.
સાતવાનીનાં સારણાં ને ફોડવે ફોડવે વઘાર.
વાલોળ વેંતાક ને લીલવા ને જુદા ઓળીઆ અ તળ્યાં.
સુરીરે વાલોળ વઘારી માંય પાસે મુળા અ ભળ્યાં.
ગુવારફળી ને ચોળાફળી ને ચણાફળીનો ન લઊં અ પાર.
કારેલાં કંટોલાં ને કહોડાં અતી અ સાર.
આરીઆં ને તુરીઆં ને ટીંડોરાં અતી અ સાર.
ગલકાં ને ઘીશોડાં ને કોળાંરે પતકાળાનું અ શાક.
તાકો ને તાંજળજો ને મેથીનો ન લઊં અ પાર.
મેથી ને વળી મોઘરી ને સકરકંદનો ન લઊં અ પાર.
રતાળુના રાઇતાં ને સુરણના વળી ઇ સાક.
કાચાં પાકાં ચીભડા ને સાક તે જુજતાં અ કીધાં.
એણેરે વેવાઇએ +દેવે તો આભ શરીખડાં આ કીધાં.
કાચરીઆં કોચરીયાં ને લાચરીયાં અતી અ સાર.
કોઠીંબડાની કાચરી તે તાજા તેલમાં અ તળી.
કેરીની વળી રાઇતી ને માંય લીંબુની અ ભેળી.
કેર ગુંદાંને કરમદાં ને કરપટડાં અતી છે અ સાર.
ગરમર તો ગરનારી ને ડોડીનો ન લઊં અ પાર.
જંબેડાં જુનેગઢ ને અંબેડાં અતી છે અ સાર.
કુંકણુ દેશ ખેડાયો વવરાવો સુગંધની અ સાળ.

✻ વહુનું નામ. + દેવનું નામ.

શાળ વવરાવોને જીરાશાળ આણાવી.
હેણેરે વેવાઇએ *દેવે તો કુંકણા લોળ ખણાવી.
સાંતીનાં સાદરડાં ને કમોદનાં રાંધીઆ કુર.
હેણેરે વેવાઇએ *દેવે તો ઘીનાં ચલાવીયાં આ પુર.
ઊંના કુર ઓસાવીયા માંય પીળી પેતની ઇ દાળ.
*દેવ માંડવ તમારડે તો ભાદરવો આવ્યો સગાળ.
ચાચર ચરૂરે ચડાવીઆ માંય પડયોરે ભુંઝારીનો ઓ સાદ.
ભુખ્યું કોઈ ન જાશો એમ ગાજ્યોરે +વહુનો ઓ બાપ.
તરસ્યાને મોંએ ટીપું ને ભુખ્યાને મોંએ એ અન્ન.
કોડેરે કુંવર પરણાવ્યા ઇ વડુંરે ઘરડેરાનું ઊ પુન્ય.
નાંદ ફલીદ ઊકળે ને કલશીનાં કુર રંધાય
*દેવ માંડવ તમારડે તો ભુખ્યું કોઇ ન આ જાય.
જમ્યાને વળી જુઠાં ને દુધે મછણુ અ દીધાં.
એણેરે વેવાઇએ *દેવે તો આભ સરીખડાં આ કીધાં.
ગંગાજળ બેડાં ભર્યાં ને મેલ્યાં શીયાળડે એ છાંયે.
ગંગોદક ઝારી ભરી ને ઊપર સોનાની ઇ શળી.
પાંન સોપારીનાં બીડલાં ને લવીંગમાં એળચી ઇ ભળી.
બ્રહ્મચી વાણ પુરાવો ને મલબારી ઘેર તેડાવો.
હરણ વાડાંને પાદરથી સુતા સાળવી જગાડ્યા.
એણેરે વેવાઇયે *દેવે તો બાંટે ચીર વણાવ્યા.
અમદાવાદ ઘેર વોરા સાળવી ન લીધાં સાથ.
એણેરે વેવાઇએ *દેવે તો સરખી પડાવી છે ભાત.
પાટણ વળીરે પટોળડી ને ભુજપર વણાવીયા આ ચીર.
એણેરે વેવાઇએ *દેવે તો સજ પેરાવીયા ચીર કુંટુંબ પેરાવીયા ચીર.
સોરઠી બાંણી સાટવી ને કાશીનાં પીતાંબર છે પીળાં.
મન ગમતાં માંય મગીયાં ને છાયલ સીંધવી ઇ લીલાં.
દીવકલાણી ને ઓરંગ સાડી ને રોજ મલીયત છે સાર.
ઘાટ બાંણીને બકંદડી ને કલ ઘેર ન લઊં અ પાર.
નવાનગરની ગાંસડી માંય જુગતા જુગતી છે એ ભાત.
કચ્છતણાં કસુંબા માંય લીલા પીળી છે એ દાળ.
સળીયા વાળ અણાવોને જમણાં મશરૂની ઇ જોડ.

---

* દેવનું નામ. + વહુનું નામ.

એણેરે વેવાઈએ *જી હેવે તો પુર્યાંરે હમારડા આ કોડ.
ચલકડીયાં પુતળીયાં ને મોરલીયા અતી અ સાર.
મોરલીયાં ઢેલરીયાં ને વેલણીયાં અતી ઈ સાર.
વેલણીયાં ઢાલરીયાં ને એળચીયાં અતી અ સાર.
પુલરીયાં મોઘરીયાં ને મોહન ન લઊં અ પાર.
કાકી પેહેરે કાશીગરાં ને મામીને મગીયાની ઈ સાડી.
મારી પેહેરે ઊલાશી ને ફઇને પુટડી ઇ સાડી.
વર માડીને પેહેરાવો જે ગરગડતી ઈ સાડી.
વર બેનરને પેહેરાવો જે તારા મંડળી સાડી.
પીત્રાણીને પેહેરાવો જે મન ગમતી જે સાડી
બાંધે કડછે વેર્યાં ને રાય નાગર પેહેરાવ્યાં.
એણેરે.વેવાઈએ *દેવે સજનને બાંટ પેહેરાવ્યા.
કુટુંબને ઘાટ પેહેરાવ્યાંરે ઓત્રને ગોત્રને બળધીએ બાંધ્યાં છે એ જોત્ર.
સાંઢની કોટે સાંકળાં બળધીએ ઘુઘરમાળ.
સૌ ઓઢયાં સૌ પેહેર્યાં ને સજ્જનને નમી નમી અ જાય.

પીઠીનું ગીત—વધારાનું ગીત.

સોનાની ઈંટે ચુલા ચણ્યારે ટોપરાં ભર્યારે એ બાળ તંબોળીડોરે રંગ રાતો. ૧
રાતુંતે કશુંરે વખાંણીએરે રાતો કુંકાનો છોડ તંબોળીડોરે રંગ રાતો. ૨
રાતાતે વરરાજાનાં મોળીઆંરે રાતા કન્યાના દાંત તંબોળીડોરે રંગ રાતો. ૩
લીલુંતે કશુંરે વખાણીએરે લીલી નાગરવેલ,
લીલું તે પોપટ પાંઝરૂંરે લીલા કન્યાના ચીર તંબોળીડોરે રંગ રાતો. ૪
પીળુંતે કશુંરે વખાણીએરે પીળો પીઠીનો છોડ તંબોળીડોરે રંગ રાતો. ૫
પીળાંતે વરરાજાનાં પીતાંબરરે પીળા કન્યાના હાથ તંબોળીડોરે રંગ રાતો. ૬
ધોળુંતે કશુંરે વખાણીએરે ધોળો ડોલરનો છોડ તંબોળીડોરે રંગ રાતો. ૭
ધોળાંતે વરરાજાનાં ધોતીઆંરે ધોળો કન્યાનો હાર તંબોળીડોરે રંગ રાતો. ૮
કાળું કશુંરે વખાણીએરે કાળી કાજળરે તંબોળીડોરે રંગ રાતો. ૯

*દેવનું નામ.

માલણ.

ગલાલે રમતી વખતનું ગીત. ૧ લું.

(૫૨) લટકાળીરે માલણ લટકે શું ચાલે; લટકે જાયરે માલણ વાડીએ.
લટકાળીરે માલણ પુલડાંરે વીંણે; લટકેથી ગુંથેરે માલણ ચોષરો.
લટકાળીરે માલણ વેચવા ચાલી, કોણ લેશેરે તારો ચોષરો.
વણઝારા સઘળડાં વણજ સધાવ્યા, કોણુસ લેશેરે તારો ચોષરો.
વણઝારા વાસુદેવ ચોષરો, લેશે જે ઘેર પુત્ર કેરો સોહરો.
વાહેલીઆ વાશેને; ફુલડીઆં કરમાશે, તડકે ને થાશે રાય સામળા.
સામળારે થાશો ને સોને સોભશો, તેજે ત્રીભોવન મોહી રહ્યા.

બાર મહીના.

વેવાણુ નાચે છે તે વખત તથા ગલાલે રમવા વખત પણ ગવાય છે.

(૫૩) નાચ વેવાણુ તું નાચણી ને, ચાંડલો તપેરે નઅલાડ. તું શું નાચીશરે.
પળીને જેણે જાઇ દીકરી. ઇઆ એ નાચેમારે નાચેમારે.
કોણુશ બાઇ હાથણીને, જેણે જાયા ગોકળી ઇ કાહાન.
ચાર આંગે ચાર દીવાને, કુબેરે લખાવોષ અ મોર.
પાસેરે લખાવોષ પુતળી ને, જમણા લખાવોષ અ જજ.
એણેરે વે'વાઇએ * દેવેતો, શીખર બાંધલી ઈ ધજ.
કળશ ભર્યોરે કોશાળવેને, શાસુ પુજી સુનાને એ પુલ.
સસરો અમુલખ સાંપડયોને, વરનાં નથી અ મુલ.
જેઠ માસેરે તે વહુ વર, પરબ ભરાવીઆં પાણી.
બાપે દીધી જાણી, એને ઘેર હશે અ રાણી.
અષાડ માસેરે તે વહુ વર પુજીયાં, અ ગોર
ચડાવ્યાંરે જાર. જાવંત્રીને ચડાવ્યાંરે જસુના આ સુત્ર.
જ્યમરે જાયા ત્યમ પરણ્યા, કોણુસ બાઈ તમારડા આ પુત્ર
શ્રાવણુ માસેરે તે વહુવર કીધી કાજળી. ઈ
આયે જો પરણીશ કોણુ વરને તો વખતે આગળી છ.
આયે માહાલક્ષ્મી વૃત કીધાંને લીધારે.
ભાદરવે માસ સોસ વાનીની પાતરી જે, ચડાવીરે માજમઅ રાત.

---

* દેવનું નામ.

આજમ રાત રળીયામણીને, ઈરે સોણું કેઇ ઇ સાચું.
ભવાનીને પ્રસાઇ એ જે, વહુવર લઈ ઘેર આ જાશું.
આસોરે માસે તે વહુવર પુંજી, ઘોડાઅ અગોર ચડાવ્યાંરે.
કુંકુંને સીંદુરને ચડાવ્યાંરે, જાસુનાં આ ફુલ.
સસરો અમુલખ સાંપડયોને, વરના નથીઅ અમુલ.
સસરો પટોલડી સાટવેને, લાખ ટકાના છે એ મુલ.
લાખ ટકા હમ ગાંઠેને, લાખેણો ઘેર આ દીવો.
લાખેણારે || વર કરોડ દીવાલડી ઇ જીવો.
કારતક માસેરે તે વહુવરના ઇ ગાગરઅ ચાર.
જોપરણીશ || વરને તો જગ જીત્યો સંસાર, હવેરે જીત્યો સંસાર.
માઘશર મહીનેરે તે, વહુવર કીધાં ગોરતા આ આયે
પોસ માસેરે તે, વહુવરના હીસારસ અચાર અણારે.
દોરી વરત કીધાંને, તો તું ઈ વર પામી.
માઘ માસેરે તે વહુવર, નાહી માઘ અ માશ.
વર તે અચળા ચારાને, વહુરે હેમાચળ અ નાહી.
સેલરીયે જળડોયાં || વરે, બાંહ્યડી ઇ સાઈ.
વસંત માસે પરણ્યોને, વહુવર પુજે છે એ હોળી.
આવ્ય વહુ વર દેખાડું, તારી દેરાણી જેઠાણીની ઈ ટોળી.
ચૈત્ર માસેરે તે, વહુવર સાયોરે હીંડોળડે એ હાથ.
આવ્ય વહુવર દેખાડું, તારી સાસુ નણદલનો એ સાથ.
વૈશાખે વન મોર્યાંને, સરા વાવે શોઓરંભ.
આજ પરણ્યારે કોણ વર તો, નત્ય નત્ય નાચે છે એ રંભ અમ ઘેર નાચે છે એ રંભ.
અદક માસેરે તે વહુવર પુજી મોણા અ ગોરમાને જમાડી.
ગોરાણીને પેહેરાવ્યારે, જાદવ અ ચીર પહેરાવ્યારે દક્ષણીના ચીર.
ઊંટડી પુન્ય ઊતાવળીને, નેજે ઘોયો કંસાર.
જો પરણીશ || વરને, તો જગ જીત્યો અ સંસાર.
હવેરે જીત્યો સંસાર, છાબ ભરીશ અ ફુલેને, માંય સોનાની છે એ રેખ.
આવ વહુવર દેખાડું, તારી સગીરે નણદનો એ નેખ.

રૂખમણી હરણ.

ગલાલે રમતી વખત ગવાય છે.

(૫૪) સારદા ગણપત વરણવું, પરણવું ગોરકેરા ચરણરે. ૧

|| વરનું નામ.

મુગટ દાનેશ્વરી ઈશ્વરી, ગાઇએ શ્રી રૂક્ષ્મણી હરણરે. ૨
ભીમરાય કુળ બેટડી, તેજડે ત્રીભુવન મોહ્યારે. ૩
સજન મળીને વમાસો જે, કહોરે કન્યા કયાં દેશું'રે. ૪
કુટુંબ મળીને વિમાસો જે, રૂક્ષ્મણી શ્રીકૃષ્નને સોંએરે. ૫
શ્રી કૃશ્નનેરે દેવા ન દે, રૂક્ષ્મૈયે એવી બુધ કીધીરે. ૬
અવીચળ વચન અમારડાં, રાય શિશુપાળને દીધીરે. ૭
બેનશિશુપાળને દીધીરે, તેડોઅતીગોરબ્રાહ્મણ પુછું'વાતઘરમાંબેસાડીરે. ૮
કરૂં'વાત ઘરમાંબેસાડીરે, હાથપીળાનેળીડાંહુવાંવર લઇવેહેલેરાઆવ્યારે. ૯
જાન લઇ વહેલા પધારોરે, નૃપના ટોડને ટોડરરે. ૧૦
માંડવ રચીયાં ચીત્રામણરે, માડવ મોર કળા ધરે. ૧૧
કેળવ્રક્ષ કેરડા થંભરે, દોરારે શાઠનીરે પુતળી માંડવ નાચેછે રંભરે. ૧૨
માંડવ ગલેચા પથરાવોને, અગર ચંદન કેરા ધુપરે. ૧૩
માંડવ પલેચા બંધાવોને, નેત્ર તણા છે ઓળ ભરેછેરે. ૧૪
રૂક્ષ્મૈયો બેનને વીનવે, બેન તમે કરી શણગારરે. ૧૫
બાઇ તમેકરો શણગારરે, પેહેરોરે પાટવ ખંડીને બેઉ બાંયેબેરખાસારરે. ૧૬
લીલુડા જજની કાંચળી; કંઠે એકાવળ હારરે. ૧૭
સાવ સીંદુરે સેંથો ભર્યો, ટીલડી તપેરે લલાટરે. ૧૮
છાબ ભરી શગ પુલેને, ઉપર શ્રીફળ સારરે. ૧૯
થાળ ભર્યો શગ મોતીએ, ઊપર બીજોરૂં સારરે. ૨૦
સહીઅર સમાણીઓ સાંચર્યાં, અંબીકા પુજવા જાયરે. ૨૧
મોહોટેને મોહોટેને ડગ ભરે, મનમાં હરીઅર ચંતરે. ૨૨
ચંતમાં ચૈત બે હરી ગયું, જમણું ફરૂકીયું અંગરે. ૨૩
ફરૂકયાં અંગને હુવા ફરકતાં, ફરૂકી છે બાંહ્યરે. ૨૪
શિશુપાળ બેઠોરે નોંણીએ, રૂકમણીને હરી ગયા કાહ્નાનરે. ૨૫
બુંબ પડેનેરે રીટીઆ ધુંબડ, ધરણે ન માયરે. ૨૬
રૂક્ષ્મૈયો જીવતો મેલજો, લઇ જાશું હોમવા કાજરે. ૨૭
ગ્રથ શું હોમવા કાજરે, માધવપોરનાં વનમાં ચોરી બાંધીછે ચારરે. ૨૮
લીલુડા વાંસ અણાવીને, લીલુડા કળશ ચીત્રાવોરે. ૨૯
ચોરંગ ચોરી બંધાવોને, નાગ પાસે નાગેણી કાનરે. ૩૦
પડઘે પીતાંબર અવતર્યા, ગોળે શ્રી ગોવીંદ દેવરે. ૩૧
માટલે માધવ અવતર્યા; ભાલીએ ભુંદર દેવરે. ૩૨
મોરીએ મોહન અવતર્યા, કળશે જર્નાદન દેવરે. ૩૩

બીજરે ગણુપત અવતર્યા, ચકલડીએ ચક્રધારી કાહાનરે. ૩૪
ચકલડીએ ચૌદ ભુવન મળ્યા, બાર વાંસે વૈકુંઠ દેવરે. ૩૫

શંકર વીવાહ.

ગલાલે રમતી વખતનું.

(૫૫) શંભુ સુતને હું નમુરે; પાએ કરૂં પ્રણામ,
ઈશ્વર વીવા હું વરણવું રે તમો પુરજો મનની હામ શંભુ સુતનેહું નમું૦ ૧
ઊમીયાજી મન એવું થયું રે વેગે જાઊં વનમાંય આરાધન એવું કરૂંજે,
થાએ શીવ શંભુ ભરથાર, શંકર વર વેગે વરૂં૦ ૨
માતપિતાજીને નવ પુછીયું રે સખીઓ લીધીરેસાથ; વેગેથી વનસધાવીઆરે
કોઈને નવ કીધી તેણે વાત, ઉમયાજી ચાલ્યા વનમાં. ૩
શુભ જળ સ્થળ જોઇ કરીરે નાહ્યાં નીરમળ નીર, ધ્યાન શંભુનું આદર્યુંરે
તેવે ત્યાગ કીધું અન્ન નીર. ઊમીયા૦ ૪
ઝાહાડ પહાડ ત્યાં અતી ઘણાંરે; વનસ્પતીનો નહીંપાર ત્યાંહાં
જોગી જન રહે બહુરે, તેતો કરે ફળ જળ કેરો આહારરે. ઊમીયા૦ ૫
બહુ દીવશ એમ વહી ગયારે શંકરને થયું જાણ;
વૃષભ ચડીને પધારીયારે, તેતો નિશ્ચેને નીરવાણ. ઊમીયા૦ ૬
ડાક ડમરૂનો નાદ સુણીરે ધ્યાંન ચુકયાં ઊમીયાય;
દૃષ્ટે શીવજીને નીરખ્યારે, પછે પાય લાગ્યાં જગ માત. ઊમીયા૦ ૭
પ્રસન્ન થઈ શિવ બોલીઆરે વર આપું આવાર,
જે માગશો તે આપશું અમેરે, તેતો નિશ્ચેને નીરધાર. ઊમીયા૦ ૮
વળતું ઊમીયા એમ બોલીઆરે વર આપો માહારાજ;
જન્મોજન્મની પ્રીતડીરે તમો ભવો ભવના ભરથાર. ઊમીયા૦ ૯
અસ્તુ કહી શિવ ચાલીઆરે નંદી થયા અશ્વાર,
મનમાં તે આનંદ અતી ઘણોરે જઇ જાન કરૂં તૈયાર. ઊમીયા૦ ૧૦
ઊમીયા ઊછરંગ અતી ઘણોરે ઉલટ અંગ ન માય દાસીઓ સરવે ભેળી લઇરે,
તેતો માંગળીક ગીત સહુ ગાય ઊમીયાજી ઘેર સધાવીયાં. ૧૧
મલપતાં મંદીરમાં ગયાંરે સખીઓ હતીરે સાથ,
માતાજીને પાએ નમીરે પછી વિસ્તારી કહી તેણે વાત ઊમીયા૦ ૧૨
ઈચ્છાવર અમો પામીઆંરે પોહોંચી મનનીરે હામ,
વિપ્રને વેગે મોકલોરે જ્યાં છે શિવશંભુ ભગવાન ઊમીયા૦ ૧૩
કંકોતરી વિધીવત લખીરે લગ્ન લીધાં નિરધાર,

વિદાય કર્યો તે વિપ્રનેરે તે તો સિધ્રેથી જાય કૈલાસ ઊમીયા૦ ૧૪
સનમુખ શિવજીને ગયારે પત્ર આપ્યો શિવ હાથ,
પરણવા પાર્વતીને તમોરે શિધ્રે આવજો તે શંભુનાથ. ઊમીયા૦ ૧૫
એવું શુણી શંકર હસ્યારે શુભ દીન છે ઘણો આજ,
દેવ સઘળાને તેડાવ્યારે લખ્યો પત્ર પોતે મુકી લાજ. ઊમીયા૦ ૧૬
વિનતી લખી સર્વે દેવનેરે વેગે પધારજો સહુ દેવ,
થોડું લખે ઘણું માનજોરે એવી સગા કુટુંબની ટેવ. ઊમીયા૦ ૧૭
દેવ સઘળા એકઠા થયારે ગયા શંકરને ધામ,
માંહોમાંહે મળે બહુરે લઇ સરવેનાં નામ. ઊમીયા૦ ૧૮
જાન સર્વે તતપર થઈરે ઇંદ્ર બ્રહ્મા ભગવાન,
મેદની સર્વે ટોળે મળીરે કોઈનું બોલ્યું સુણે નહીં કાન. ઊમીયા૦ ૧૯
પોઠીઓ શણગાર્યો શંકર તણોરે શોભા કહી નવ જાય,
સંક્ષેપમાં સરવે કહુંરે એનો વિસ્તાર કર્યો નવ જાય, ઊમીયા૦ ૨૦
શીંગડી સુવરણે જડીરે ગળે ઘાલી ઘુઘરમાળ,
પલાણે પરવાળા જડયારે એવો શોભિતો શણગાર. ઊમીયા૦ ૨૧
આભુષણ શંકર ધરેરે ગળે ઘાલી રૂંઢમાળ,
અંગ વિભુતી અતી ઘણીરે કોટે વીંટયા કાળુડા નાગ. શંકર ચાલ્યા શાસરે ૨૨
વાઘંબર અંગે ધર્યુંને વર વરણાગીયા થાય,
શોભાતે જોઇ જાય નહીંરે એને દીઠે દાળીદ્ર જાય. શંકર ચાલ્યા૦ ૨૩
પોઠીડો પલાણી ચાલીયારે ચાલ્યો સરવે દેવ સાથ,
ધજા પતાકા ફર હરેરે પછે કૃશ્ને કર્યો શંખ નાદ. શંકર૦ ૨૪
ઢોલ દળામાં ગડગડેરે શરણાઇના શોર,
નોબત ગડગડે અતી ઘણીરે ત્યાંતો બોલે બાપૈયા મોર. શંકર૦ ૨૫
હસ્તી રથ પાલખી ઘણીરે હય તણા હણેણાટ,
બરછી ભાલાં ઝળકે ઘણાંરે થાય ગગન ધજા ફડેડાટ. શંકર૦ ૨૬
શુકન જોઇને શીધાવીઆરે ચાલ્યા સહુ દેવ સાથ,
ભુત ઘણાં ભેગાં લીધાંરે તેથી કેહેવાણા ભુતનાથ. શંકર૦ ૨૭
વાજીંત્ર વાજે વિધ વિધનારે હરખ્યો સહુ દેવ સાથ,
જાનની શોભા અતીસે બનીરે એવું બોલ્યા તે શ્રીભોળોનાથ. શંકર૦ ૨૮
પાદરમાં પડાવ કીધોરે સામૈયા સઊજાય,
માંહો માંહે મળે સહુરે ત્યાંતો આંનદ અંગ ન માય. શંકર૦ ૨૯
મીનકા મેડીએ ચડીરે જોવા જમાઇનું રૂપ,
નારદને પાસે રાખ્યારે હુને ઓળખાવો સહુ ભુપ. શંકર૦ ૩૦

નામ ઠામ નારદ લીએરે નીરખે મીનકા માત,
જાનૈયા જોઇ રાજી થઇરે હવે કયો છે કૈલાસીનાથ. શંકર૦ ૩૧
એવું કેહેતાં શિવ આવીઆરે લઇ પોતાનોરે સાથ,
નારદ કહે મીનકા જુઓરે ઇછે તવ પુત્રીનોરે નાથ. શંકર૦ ૩૨
શિવ સ્વરૂપ સૈન્યા જોઇરે મીનકા મોરછાંગત થયા આ વાર,
કોઈ પરણાવે નહીંરે ઇતો જાનતે પાછી જાય. શંકર૦ ૩૩
ભુત સૈન્યા જોવા મળ્યારે ગામ તણાં બહુ લોક,
શિવ સ્વરૂપ સહુ જોઈનેરે આતો વીવાહ થાશે નીશ્ચે ફોક. શંકર૦ ૩૪
એવી વારતા સઘળે થઇરે દેવતાને થયું દુઃખ,
સમજાવી સમજે નહીંરે મીનકા જુવે નહીં શિવ મુખ. શંકર૦ ૩૫
તોરણ આવી ઉભા રહ્યારે પોંખવા કોઇ નવ જાય,
તોરણથી પાછા વળેરે તે કોઈ દેશ ફજેતી થાય. શંકર૦ ૩૬
લાજ મુકી ઊમીયા વદેરે સાંભળો માહારીરે વાત,
એવું વચન બોલવું નહીરે એમાં લાજ જાય મુજ તાત. શંકર૦ ૩૭
લાજ જાએ તો મર જાયનીરે ન કરૂં વેરાગીના વીવાઅ,
અપછરા કન્યા ઇ પરણે નહીંરે ઇતો ભાંગ ધંતુરો ખાય. શંકર૦ ૩૮
એમ કરતાં માસ વહી ગયોરે વ્યાકુળ થયા સહુ દેવ,
ભેગા થઇ વિનતી કરેરે તમને નમુંરે નમું ભોળાદેવ. શંકર૦ ૩૯
અકળ સ્વરૂપ અવીનાશ છોરે દેવતાને દીઓ માન,
રંડીની મતી પાનીએરે એનું કુટયું હૈયુંને કાન. શંકર૦ ૪૦
રૂપ પ્રકાશ શંકરે કર્યુંરે મુખે વરણ્યું નવ્ય જાય,
કોડી સુરજ એકઠા કર્યારે તોયે ઇ સરખું નવ્ય થાય. શંકર૦ ૪૧
દેવ સઘળા રાજી થયારે સહુનીરે રાખી લાજ,
પુષ્પ વૃષ્ટી સહુ દેવે કરીરે હવે સુધર્યું તે સઘળું કાજ. શંકર૦ ૪૨
એવું સુણી મીનકા ઉઠીરે નીરખ્યું શિવનુંરે રૂપ,
મુખ જોઇને દુખ વિસર્યુંરે હવે પામ્યાં સંપુરણ સુખ. શંકર૦ ૪૩
મીનના સુરજ તેવે હુતારે વીઘન થયું વીવામાંય,
શિવજીનો શ્રાપ તેવે થયોરે તેમાં કોઇના વીવા નવ્ય થાય. શંકર૦ ૪૪
મીનારક તે દીથી થયાંરે શિવજીના વચંન,
પ્રમાણુ મીનારકને માથે પડયુંરે થાએ ભવીશેમાંડયું નિર્વાણ. શંકર૦ ૪૫
પોંખણા લઇ પોંખવા ગયારે ઊલટ અંગ નવ્ય માય,
વાજીંત્ર વાગે અતી ઘણાંરે ત્યાંતો માનુની મંગળ ગાય. શંકર૦ ૪૬
ધુષળ મુષળ રવાઇયેંરે શરીચો શાંઠોને ત્રાક,

અંતર પડ આડું કરીરે ત્યાંતો સાસુડી તાંણે છે નાક. શંકર૦ ૪૭
ઇંઢી પીંડી ચારે દીશા નાખીરે સંપુટ ચાંપ્યુંરે પાય,
સુવર્ણ સીંહાસન બેસારીઆરે હવે મધુપર્ક પુજન થાય. શંકર૦ ૪૮
દધી મધુ ઘૃતશું પાયે ધોયાંરે ચરચ્યા ચંદનસાર,
અબીલ ગુલાલશું પુજા કરીરે વરને ઘાલ્યાતે પુષ્પનાહાર શંકર૦ ૪૯
કન્યા મંડપમાં પધરાવીઆરે પુજન કીધું કન્યાય,
હસ્ત કુંકમ લેપન કર્યુંરે હવે દાન કરે પર્વત રાય. શંકર૦ ૫૦
દેવના દુંદભી વાગીઆરે અપસરા કરે છે ગાન,
માનુની મંગળ ગાય છેરે ત્યાંતો વિપ્ર ભણે સાવધાન. શંકર૦ ૫૧
હસ્ત મેળાપન મેળવ્યોરે વચમાં રાખી દર્ભેશર,
ગોત્રાચાર વિપ્રો કરેરે ઉમીયા કંન્યા ને શંભુજી વર. શંકર૦ ૫૨
એવું કહીને ઉદક આપીયુંરે મુક્યું શંકરને હાથ,
દર્ભની સજા કરી વેગળીરે હવે સ્વસ્તી કહે શંભુનાથ. શંકર૦ ૫૩
દાન અતીશે આપીયાંરે અરશ ગરથ ભંડાર,
વિપ્રને વર બહુ આપીનેરે પછે પગે લાગ્યા તેણીવાર. શંકર૦ ૫૪
વરકન્યાં પધરાવીયારે જ્યાં લખ્યાં કુળ દેવી માત,
મદન ફળ બેને બાંધીયાંરે ત્યાહાંતો હરખડી માનુની ગાયે. શંકર૦ ૫૫
લોકાચાર સર્વે કર્યારે એકે ન રાખીરે ન્યુન,
મીનકા એણીપેર ઓચરેરે આતો મોટેરાના પુન્ય. શંકર૦ ૫૬
ચોરીમાં ચાર આંટાં ફરીરે હોમ્યા તલ જવ સાર,
અંગોઠો ચંપાવીનેરે શિવે આપ્યો અનુપમહાર. શંકર૦ ૫૭
આશિર્વાદ. રૂષિઓ દીએરે અખંડ રેહજો તવ જોડ,
રૂષિ સમસ્ત દક્ષણા આપીરે શિવે, રત્ન તે લક્ષ કરોડ. શંકર૦ ૫૮
પેહેરામણી પરવત કરેરે પેહેરેછે દેવનો સાથ
જેને જેવું ઘટે તેવુંરે તેતો આપેછે પરવત નાથ. શંકર૦ ૫૯
પેહેરામણી ભલી કીધીરે ન્યુન ન રાખી કોઈ વાત,
સઘળા પેહેરી રહ્યાંરે હવે પહેરેછે ઊમીયાનો નાથ. શંકર૦ ૬૦
જરકશી વાઘા જળ હળેરે આપ્યાં આભુષણ અપાર,
મણી મય મુગટ મસ્તક ધર્યાંરે શિવે વસ્ત્ર પહેર્યાં તેણીવાર. શંકર૦ ૬૧
શ્રીફળ સહુને આપીઆંરે પગે લાગે પર્વતનાથ.
વારંવાર વિનતી કરેરે તેતો બંને જોડીને હાથ. શંકર૦ ૬૨
શુભ કારજે વેહેલા આવજોરે સગા કુટુંબનું કામ,

એવી વાણી રાય ઓચરેરે તેતો લઈ લઈ સર્વેનું નામ. શંકર ૬૩
વરઘોડો શંકર તણોરે ફેરવ્યો આખેરે ગામ,
દેવ સઘળાને તેડીનેરે રાએ દેખાડયું પોતાનું ધામ. શંકર૦ ૬૪
જાન જોડી શંકર તણીરે પોહચી પોતાનેરે ગામ,
વદાય કર્યાં સહુ દેવનેરે માહારી પોહોચી હૈયાની હામ. શંકર૦ ૬૫
શિવ વિવા સંપુર્ણ થયારે જે કોઇ ગાશે નર નાર,
મુક્તિ પદારથ શિવ આપશેરે તેના ઊતારશે ભવ પાર. શંકર૦ ૬૬
શત ઓગણીશ પંનર વીશેરે ઊતમ માગશર માસ,
કરજોડીને વિનવેરે શેવક હરજીવન તવ દાશ. શંકર૦ ૬૭

જાન ચાલતી વખતનું ગાવાનું ગીત.

(૫૬) હાંજી પ્રોળીડા મુજ પ્રોળ ઊઘાડય, હાંજી મોરને જાવુંરે પ્રોળીડા પરણવા.
હાંજી લાખ લેતો તેની લે સવાલાખ, હાંજી પ્રોળ ઉઘડામણુ લેજે ઘોડલાં.
હાંજી આવેછે દરબારી વરની જાન, સરકારી વરની જાન.
હેની જાનમાં કોણુ કોણુ વેવારીયાં
વેવારીયા વહુ વર *વહુનો કંથ હેની જાનમાં † ભાઇ વેવારીઓ;
હાંજી પરણે છે રાંણો રાહા ને કેદાર, હાંજી પરણે પાતળીઓ કુંવર પદમણી.

જાન ચાલતી વખત ગાવાનું ગીત ૨ જું.

(૫૭) વીરાજી ઉતર્યા વડલાની હેઠ ત્યાં *વહુ પાણીડાં સાંચર્યાં;
ઘુંઘટડા મુખ ખોલો હો લાડડી સણુઘટડાં ખોલો મુખડાં નીરખીએ.
દાદાજી દેખે મારી માતાજી દેખે કેમ કરી ઘુંઘટ પાછા ખોલીએ;
માતાનાં તેડયાં હમે આવ્યાં હો લાડડી દાદાનાં તેડયાં હમે આવશું.
તારી માતાને જઇ કેહેજો હો લાડડી રાયજાદો ઉતારા માગશે;
ઉવાટે વાટ વસાવી હો લાડડી તમારા ઘુંઘટડાને કારણે;
અણુખેડું ધોરી મગાવ્યા હો લાડડી તમારા ઘુંઘટડાને કારણે.

બીજવર વખત ગવાય છે તે ગીત.

(૫૮) સમદરીએને ગ્યાતાં હો ઝીણુમારૂજી લેવા હોરાજને;
હાંજી સાંભળીએ ભમવી વાત વારી જાઊં રાજને.

---

* વહુનું નામ. † ભાઇનું નામ.

આપેને પરણ્યા હો સુંદર ગોરી વીશર્યાં હો રાજને;
હમને આપે પરણ્યાની ઘણી ખાંત વારી જાઊં રાજને.
તમારાને પોહોંચ્યાં હો સુંદર ગોરી સામળા હો રાજને;
અમને ગોરા પોહોંચ્યાની ઘણી ખાંત વારી જાઊં રાજને.
તમારાંને છોરૂ હો સુંદર ગોરી ગોબરાં હો રાજને;
હમને ચોખાં છોરૂની ઘણી ખાંત. વારી જા૦
તમેને જાશો હો જીણામારૂ પરણવા હો રાજને,
હાંજી અમને તો મહીયરીયે વળાવ્ય. વારી જા૦
તમેને જાસો હો ઝીણામારૂ પરણવા હોરાજને;
હાંજી કયારે ચલાવશો જાન. વારી જા૦
સાતમ સોમવારે હો સુંદર ગોરી પરણશું હો રાજને;
છઠે ચલાવશું જાન. વારી જા૦
જાનાને જમશું હો સુંદર ગોરી ખીચડી;
હાંજી વળતાં ખાજલડાં ને ખાંડ. વારી જા૦
કયાંથીને આણ્યાં હો ઝીણામારૂ ઘોડલાં હો રાજને;
હાંજી કયાં થકી આણ્યાં પલાણ. વારી જા૦
ઘોઘેથી આણ્યાં હો સુંદર ગોરી ઘોડલાં હો રાજને;
હાંજી બાદશાહી આણ્યાં પલાણ. વારી જા૦
કયાં થકીને આણ્યાં હો ઝીણામારૂ બીડલાં હો રાજને;
હાંજી કયાંથી આણ્યાં નાળીએર. વારી જા૦
ચોરવાડથી આણ્યાં હો સુંદર ગોરી બીડલાં હો રાજને;
હાંજી દીવેચી આણ્યાં નાળીએર. વારી જા૦
તમેને જાશો હો ઝીણામારૂ પરણવા હો રાજને;
હાંજી સ્યો કરશો શણગાર. વારી જા૦
બાંહે બાજુબંધ હો સુંદર ગોરી બેહેરખા હો રાજને;
હાંજી પોંચી છે રત્ન જડાવ. વારી જા૦
હાથેને શોભે હો સુંદર ગોરી સાંકળાં હો રાજને;
હાંજી દશે આંગળીઓમાં વેઢ. વારી જા૦
ગળે ગળુબંધ હો સુંદર ગોરી બાંધવા હો રાજને;
હાંજી મોહનમાળાના હાર. વારી જા૦
કાને કુંડળ હો સુંદર ગોરી જગમગે હો રાજને;
હાંજી કાજળ રેખા છે સાર. વારી જા૦
ઝીણાને જામા હો સુંદર ગોરી પેહેરવા રાજને;

હાંજી સોનેરી શરબંધ વારી જાઊં રાજને૦
કડે કમર બંધહો સુંદર ગોરી બાંધણું, હો રાજને;
હાંજી સુનેરી સુરવાલ. વારી જા૦
પગે પીરોજીહો સુંદર ગોરી મોજડી, હો રાજને;
હાંજી સોરઠડી તલવાર. વારી જા૦
પરણી પધાર્યા હો સુંદર ગોરી માલ્યરે, હો રાજને;
હાંજી પુછે છે અભનવી વાત. વારી જા૦
દુધ સરીખી હો સુંદર ગોરી ઉજળી હો રાજને;
એને હીંગળોક સરીખો રંગ. વારી જા૦
પાન સરીખી હો સુંદર ગોરી પાતળી, હો રાજને;
એનો લવીંગ સરખો લાંક. વારી જા૦
નાકની ડાંડી હો સુંદર ગોરી નરમળી હો રાજને;
હાંજી એળચી સરીખી શોરંભ. વારી જા૦

ભાગ ૨ જો.

અધરણીનાં ગીત.

હુમચી વખત ગવાય છે તે.

(હમખો.)

પ્રભુનાં પીયરીયાંને ગાવાનું છે.

(૫૯)પ્રભુતવતવડામાંરંબારેગયાં,ત્યાંથી કોખરકમખોફાટયોરેપ્રભુતેવતેવડામાંલાજ્યારે
હમારારે * દેવે વાહાંણ પુરાવ્યા તો અમદાવાદી અતલસો અણાવીરે.
હમારારે * દેવે વાહાંણ પુરાવ્યાં તો, છ વાનીના હીર અણાવ્યાંરે
હમારારે * દેવે વહાણ પુરાવ્યાં તો, સુરત શેહેરની સોઇયો અણાવીરે.
ઓલે કોણુસ ચુટયાંરે, ચુટયુંરે ઓલે કોણુસ વીણ્યાંરે વીણુંરે
ઓલે * દવ લોઢાંરે લોઢયુંરે. ઓલી કોણુસ પીંજારીએ પીંજ્યુંરે
ઓલી કોણુસે પુણીઓ વણીરે. ઓલી કોણુસ કંતારીયે કાંત્યુંરે,
ઓલી કોણુસે કોકડું ઊંણ્યુંરે. ઓલી કોણુસ બાઇએ ફાળકો કુંકયોરે.

* દેવનું નામ.

ઓલે * દેવે તાંણો તાણ્યોરે ઓલે * દેવે વાંણો વણીયોરે
ઓલે * દેવે દોટા દીધારે, ઓલી કોણુસ બાઇને ખડપે ઘાલ્યોરે
ઓલી કોણુસ રંગારીયે રંગ્યુંરે
હમારેરે * દેવે વાહાંણુ પુરાવ્યાંતો; અમદાવાદી અતલસ અણાવીરે
હમારેરે * દેવે વાહાંણુ પુરાવ્યાં તો, દીલ્લી ગામના દરજી તેડાવ્યારે
હમારારે * દેવે વહાણુ પુરાવ્યાં તો, મુંબઇ ગામની તુઇયો અણાવીરે.
ઓલી ફલાણી બાઇયે કમખો વેતર્યોરે, ઓલી કોણુસ બાઇએ કમખો દોરવ્યોરે
ઓલી કોણુસ બાઈએ કમખો ઓઢયોરે, ઓલી કોણુસ બાઇયે બખીયા દીધારે.
ઓલી કોણુસ બાઇએ ફુમકાં ટાંકયારે, ઓલી કોણુસ બાઈયે તુઇયો મેહેલીરે.
ઓલી કોણુસ બાઇએ ભરતે ભર્યોરે, ઓલી કોણુસ બાઇયે ઝવેરે જડીયોરે.
ઓલી કોણુસ ભાઈયે હોશેં શીવડાવ્યોરે, હમારે કોણુસ બેને ખાંતે શીવડાવ્યોરે.
હમારે કોણુસ ફઇયે તુઇયો મેલાવીરે, હમારે * વહુયે માણકે મઢાવ્યોરે.
ધ્રણુનેરે કમખે ફુલની વાડી તો, કમખો લાવ્યાંરે ધ્રણુની માડી.
ધ્રણુને કમખે જડાયલાં હેમ તો, કમખો લાવ્યાં ધ્રણુનીરે બેન.
ધ્રણુનેરે કમખે ખીલીને પાશી તો, કમખો લાવ્યાં ધ્રણુનીરે માશી.
ધ્રણુનો કમખો શીવ્યો છે સઈ તો, કમખો લાવ્યાંરે ધ્રણુની ફૂઇરે,
ધ્રણુનેરે કમખે હીરના ખાપ તો કમખો લાવ્યા ધ્રણુનોરે બાપ;
ધ્રણુને કમખે જડીયા છે હીરા તો કમખો લાવ્યાં ધ્રણુનારે વીરા,
ધ્રણુનેરે કમખે હીરનાં ટાંકા તો કમખો લાવ્યા ધ્રણુનારે કાકા;
ધ્રણુનેરે કમખે હીરા મેળ્યાં સાંમા તો કમખો લાવ્યા ધ્રણુનારે મામા,
ધ્રણુનેરે કમખે અશરોને બશરો તો કમખો લૈ ગયોરે ધ્રણુનો સસરો;
કમખો લાવેરે સજાત્યને શીવરાવેરે
ધ્રણુનોરે કમખો મેલ્યો છે હેઠ તો લઇ ગયો ધ્રણુનોરે જેઠ
બહુ ભુંડા કમખો લાવરે, ભોળીસ ભોળીને શીવડાવે.
ધ્રણુનેરે કમખે અશરોને બશરો તો કમખો લૈગયો ધ્રણુનો કાકો સસરો
બહુ પાજી કમખા લાવરે, મીઠા બોલીને શીવડાવેરે
ધ્રણુનેરે કમખે અશરોને બશરો તો, કમખો લૈ ગયો ધ્રણુનો મામો સસરો.
ખોટા બોલ્યા કમખો લાવ્યરે, સાચા બોલીને શીવડાવેરે.
ધ્રણુને કમખે ફુલની વેલ તો, કમખો લૈ ગયો છે ધ્રણુનોરે દેર
બાળકડા કમખો લાવરે, નીચાં નમણીને શીવડાવ્યેરે
તું શુંરે લાવીશ કોણુસ વેવાઇ; ભોઇ હમારે લાવશે * દેવ જોઇરે.

---

* દેવનું નામ.

હમચીનું ગીત ૨ જું.

(૬૦) ગરવા ગણુપત ગાઊંરે, સ્વામી એક દંતો દાણીરે.
સુદ્ધ બુદ્ધનો દાતાર, કહીયે અવીચળ વાણીરે.
નંદરાયનો બેટો કહીયે, ત્રીકમજી રણછોડરે.
શેવક ભણેરે સ્વામી ભવના બંધન છોડરે.
પેહેલડેને માસ ધ્રણ, વહુ પાન પ્રાશી રહેતારે.
બીજલેને માસ કોફળ, ફડશ ભર રહેતારે.
ત્રીજલેને માસ સાકર, શેરડી શેવતાંરે.
ચોથલેને માસ ધ્રણ વહુ, દીસે ગોરમ ગોરારે.
પાંચમેને માસ સાસુ પ્રેમ ધરી બોલાવેરે.
ટાટલડી વાટલડી વળતાં, વાશીદાં મેલાવેરે.
દળણુ ખાંડણુ વળતાં, રાંધણાં મેલાવેરે.
ખડકડીમાં માંચી ઢાળો, ત્યાંહાં બેસી ધ્રણ નાયરે.
અબોટીયા પેહરેને, ધ્રણ વહુ દહીંથરા તળાયરે.
ઘીનાં ઘેવર ખાંજાને, જલેબીનો રશ જાયરે.
સાંજની સુંવાળી માંય, સથળાં દહીં મેહેલાયરે.
સથવણ કેળાં કાતળીયાં, પાદળીયાં ઘીમાં બોળ્યાંરે.
ખાંડ ખસખસને, ચારોળી ગોરમ ઘીના મેવારે.
મીઠાં ને મધુરાં મારી મોડાદેને ભાવેરે.
તીખાં ને તમતમીયાં મારી મોડાદેને ભાવેરે.
પાલખડી પથરાવો ધ્રણને આવે છે નીંદ્રાયરે.
સોળેસોના અણાવો સસરા ત્રીભુવનના રાયરે.
* વહુ વરને ઘડાવો સસરા સોળે શણગારરે.
ચડતા ને ઊતરતા સોની ઘાટ ઘણેરા ઘડજેરે.
પાયના ઢળકતા નેપુર પાઘડા અત્ય વાંકારે.
આંગળીએ વીંછીડા ટાંગ્યા ભમરીયે ભરાવ્યારે.
અંગોઠાનીઅંગોઠી આરશીયે ફેર ફરાવ્યારે.
ચુડલો દંતુનો સોયે વીંટી ભલી ભારેરે.
કાકણી કારેલી સોય સલૈયાં અત્ય ડરે.
બાજુબંધ બેરખડા સોઇયે ગજરા આંગળી જોડરે.
ઝાલ ને ઝુમણાં સોયે મુક્તાફળની માળારે.
નવસરીયાં હુલરીયાં સોયે પારા પાંદડીયાળારે.

જળ સળી સાંકળીયાં સોયે જળવાળી પરવાળીરે.
પંચોળી અગનીયાં સોયે ખીતલી ખટકાળીરે.
કાંનની ટોટી તો જાણે રથ પૈડાનો ઢાળરે.
નાકનો કાંટો તો જાણે ડુંગરનો અણીકારરે.
ચાક ચમરી જમણાં સોયે વેણ ગુંથો વાળીરે.
નલવટે ચાંડલો સોયે આંખ આંજે આછીરે.
ગાલેને ત્રાજવડું સોયે મરઘા નેણી જાચીરે.
રતન રાખડલી કાંઈ નણુદોયે બાંધીરે.
રાખડલી બંધામણ સાડી સહસ્ર ટોટી આપીરે.
ભોજાઈયો આચાર આવો શેરી સોખત ગાતીને ઘરચોળે રંગે રાતીરે.
ચોખંડીમાં માંચી ઢાળો ત્યાં પ્રણુને બેસારોરે.
શ્યામ સુંદર શાળંગ દેર ખોળે આવી બેઠારે.
રતન પારેખ દેર બુસટ મારી ઉઠયાંરે.
બુસટ મરામણ સોના મુઠડી ભરાવીરે.
વેગે વેલ જોતરાવો સસરા મહીયર વેલી જાયરે.
મહીયરને આ રાય પ્રણવહુ ઊડંતી ચીંતાયરે.
ઊંચા અવાસને માળીયે સામળીયે કીધી સાનરે.
ઓરાં પધારો પ્રણ રાણી કસવટીયે કાળી પાનરે.
પદમણી તો પીયર પધાર્યાં ગોળી ભરીયાં લાડુરે.
કળ વહુયે તો કુંવર જાયા આવ્યાંરે વધામણાંયાં.
વધામણીયાં સોય મણીયાં નંદજીના કુંવર નાનડીયારે

હમચીનું ગીત ૩ જું.

આદસંમાદશનું.

(૬૧) આદસમાદસ નહીં ગમીયા ચોમાસાના ચારે માસરે.
આગળ મેઈ વરસી ગયા ઘર પાછળ ભર્યાં તળાવરે.
પાણીડાં જાઊંતો કાંકરા ખુંચે, નાહોલીયા છોય ઢળાવરે.
જો પ્રણુ રાણીનો ખપ કરોતો, આંગણે વાવ્ય ખોદાવરે.
રાંધણાં રાંધુતો ધુવાડા લાગે, નાહોલીયા જાળીયા મેલાવરે.
જો પ્રણુ રાણીનો ખપ કરોતો, રાંધવાને રસોયો રખાવરે.
ખીચડી ખાઊં તો કશી કશી લાગે, નાહોલીયા ખીર રંધાવરે.
જો પ્રણુ રાણીના ખપ કરોતો ઓખલડે ખાંડ પીરસાવ્યરે.

ચીર પેરૂતો ખશી ખશી જાય, નાહોલીયા સાળુ ખીલાવ્યરે
જે ધ્રણુ રાણીના ખપ કરોતો, કસબની કોર મુકાવ્યરે.
ધ્રણુ રાણી પુછે નાહોલીયા, અવડી કયાં લાગી વારરે.
વાડીમાં જૈને ચાંપો વેડાવ્યો ને, તેનો ગુંથાવ્યો હારરે.
હાર પેહેરી ધ્રણુ સેજડી સુતી, નાહોલીયે પુછી વાતરે.
હું તમને પુછું ધ્રણરાણી, તમને વહાલું કોણરે.
બાળારેપણમાં માતાજી વાહાલાં ને, પછી વહાલો બાપરે.
આંણે પરીયાંણે વીરાજી વહાલા, ગોઠડીયે વાહાલી બેનરે.
ભરરે જોબનમાં નાહાલો વાહાલો ને, પછી વાહાલો પુત્રરે.
શીયાળે જેમ સેજડી વાહાલી, તેમ ધ્રણને નાહાલો નાનોરે.
ઊનાળે જેમ વાઓલા વાહાલા, તેમ ધ્રણને નાહાલો નાહોરે.
ચોમાસે જેમ ચાંપલો વાહાલો, તેમ ધ્રણને વાહાલો નાહોરે.

હમચીનું ગીત. ૩ જું.

(પાદર.)

(૬૩) ધ્રણુવો પેલડો માસ હો દરીયોરે, ટઊકે મેવારે.
પેહેલે માસે તે જાણ્યું અજાણ્યુંરે. ટઊ૦
ધ્રણુ વહુ બીજલો માસ ઓદરીયોરે ટઊ૦
ધ્રણુ લહુ ત્રીજલો માસ ઓદારીયોરે. ટઊ૦
ત્રીજે માસે સઇયરને સંભળાવ્યુંરે, ટઊ૦
ધ્રણુ વહુ ચોથલો માસ ઓદરીયોરે, ટઊ૦
ચોથે માસે સાસુયે જાણ્યુંરે, ટઊ૦
ધ્રણને પાંચમો માસ ઓદરીયોરે. ટઊ૦
પાંચમે માસે પાણીડાં મેલાવેરે. ટઊ૦
હેને ઘરનાં તે કામ મેલાવોરે. ટઊ૦
ધ્રણને છઠલો માસ ઓદરીયોરે. ટઊ૦
છઠે માસે સુખડીયા બેસરાવોરે. ટઊ૦
ધ્રણને સાતમો માસ ઓદરીયોરે. ટઊ૦
સાતમે માસે સાદરો પુરાવોરે. ટઊ૦
સાદરમાં તે કીધો કંસારરે. ટઊ૦
ધ્રણુવહુ જગ જીત્યો સંસારરે. ટઊ૦

સાદરમાં તે કીધાં લાડુરે. ટ૦
ધ્રણુવહુ પેરેને કસબના સાળુરે. ટ૦
સાદરમાં તે કીધાં બાંટરે. ટ૦
ધ્રણુવહુ પેહેરેને અટલશી ઘાટરે. ટ૦
સાદરમાં તે કીધી પોળીરે. ટ૦
ધ્રણુવહુ પેહેરેને કસબની ચોળીરે. ટ૦
સાદરમાં તે કીધી ખીરરે. ટ૦
ધ્રણુવહુ પેહેરેને ખંભાતી ચીરરે. ટ૦
સાદરમાં તે કીધી ઘારીરે. ટ૦
ધ્રણુવહુ પેહેરેને કસબની સાડીરે. ટ૦
સાદરમાં તે કીધી પુરીરે. ટ૦
ધ્રણુવહુ પેહેરેને ચંદન ચુડીરે. ટ૦
સાદરમાં તે કીધા પુડારે. ટ૦
ધ્રણુવહુ પેહેરેને હેમના ચુડારે. ટ૦
ધ્રણુવહુ આઠમો માસ ઓદરીયોરે. ટ૦
આઠમે માસે અધરણી કરાવોરે. ટ૦
સસરે જોશીનો બેટો તેડાવ્યોરે. ટ૦
અધરણીનાં મુરત પુછાવોરે. ટ૦
અધરણી અધરણી હરખેરે. ટ૦
ધ્રણુના પેટમાં છોકરૂં ફરકેરે. ટ૦
ધ્રણુ કેહેતી જે ઠાલો ઠમકોરે. ટ૦
ઠાલે ઠમકે શીવડાવ્યો લીલો કમખોરે. ટ૦
ધ્રણુ કેહેતી જે વાની અરજોરે. ટ૦
વાની અરજે કરાવ્યો ખરચરે. ટ૦
ધ્રણુ વહુ નવમો માસ ઓદરીયોરે. ટ૦
નવમે માસ તે ગાડવા આપ્યારે. ટ૦
માંય ઓરડામાં ધોળીધજ કીધાંરે. ટ૦
કાકીએ ધબકલે ઓરડા ઉઘાડયારે. ટ૦
બેને ઘીના તે દીવડા અજવાળ્યારે. ટ૦
ધ્રણુને દસમો માસ ઓદરીયોરે. ટ૦
દસમે માસે તે કહાન કુંવર જનમ્યારે. ટ૦
એને તતક્ષણુ વેળા લેવરાવોરે. ટ૦
એને સુના છરીયે નાળ વધેરોરે. ટ૦

એને પલંગ પાલખડી પોઢાડોરે. ટઊ૰
એને લીલુડા નેત્રે ઓછાડોરે. ટઊ૰
એને પાણી સાટે દુધડે નવરાવોરે. ટઊ૰
એને ચોખા સાટે મોતીડે વધાવોરે. ટઊ૰
એને કુંકા સાટે કેશર તાણોરે. ટઊ૰
અમારા *દેવને મોકલો વધાંમણીયારે. ટઊ૰
વધાંમણીયાને આપ્યાં રતનરે. ટઊ૰
અમારા રતનના કરજો જતનરે. ટઊકે મેવારે.

હમચી વખતનું ગીત ૫ મું.

(અંગોઠી.)

(૬૭) ધણુના ગોરારે નાહોલીયા, ધણુ વહુ પેહેરો સોનાના દોરા.
ધણુને ભુખ્યા ભમરી આવે, ધણુને તરસ્યાં જળ ન ભાવે.
ધણુને રસ ભર નીંદ્રા ન આવે.
ધણુને અંગોઠી મોહ લાગ્યો હુંતો ગોરી અંગોઠી ઘડાવતો લાજ્યો.
મારે માથે બાપ ગાજે, મારા ઘરમાં ચલણુ બહુ ચાલે.
મને મારી માતા જે માગુ તે આપે,
કહોતો ગોરી સુરત વાંહાંણુ પુરાવું, ત્યાંથીને પીળાં સોના અણાવું.
તમારીઅંગોઠી ઘડાવું, કહોતો ગોરી આડીભીંત ભરાવું, તમારા કોડ પુરા પાડું,
ધણુના ગુણુવંતરે નાહોલીયા, ધણુ વહુ પેહેરો સોનાનાં દોરા.
ધણુને અંગોઠી મોહ લાગ્યો, હુંતો ગોરી અંગોઠી ઘડાવતો લાજ્યો
મારે માથે કાકો ગાજ્યો, મારા ઘરમાં ચલણુ બહુ ચાલે મારી કાકી લાડ લડાવે.
કહોતો ગોરી હડમંત ગઢ વાંહાંણુ પુરાવું. ત્યાંથીને સાચા હીરા અણાવું,
તમારી અંગોઠી જડાવું તમારા કોડ પુરા પાડું. ઢણુના ભોળારે નાહોલીયા.
ધણુ વહુ પેહેરો સોનાના દોરા, ઢણુને ભુખ્યા ભમરી આવે.
ધણુને તરસ્યા જળ ન ભાવે. ઢણુને રસ ભર નીદ્રા ન આવે.
ધણુને અંગોઠી મોહ લાગ્યો, હુંતો ગોરી અંગોઠી ઘડાવતો લાજ્યો.
મારે માથે મામો ગાજ્યો મારા ઘરમાં ચલણુ બહુ ચાલે મને મારી મામી લાડ લડાવે
મને મારી બેનર જે માગુંતે આપે કહોતો ગોરી મલબાર ગામ વાંહાંણુ પુરાવું
ત્યાંથી ને સાચા મોતી અણાવું તમારી અંગોઠી પરોવાવું, તમારા કોડ પુરા પાડું.

---

* દેવનું નામ.

હમચી વખતનું ગીત ૬ ઠું

(ગોફણા.)

(૬૪) સવા લાખના ગોફણા ગાજશેરે ઈછે ધ્રણુ રાણી.
ડાણી કાંખના કોણુસ વેવાઇ લાજશેરે ઈછે ધ્રણુરાણી
એને ધ્રણુ કહી બોલાવજોરે ઇ છે ધ્રણુ રાણી.
એનો ચોટલો ચુનીયે જડાવજોરે ઈછે ધ્રણુ રાણી.
એનો મોડતે મોતીયે મઢાવજોરે ઇછે ધ્રણુ રાણી.
એના જાળીઆમાં જન્મોતરીરે, ઈછે ધ્રણુ રાણી.
ઓલી કોણુસ વેવાઈ શીકોતરીરે ઇછે ધ્રણુ રાણી,
એના કેરડા પાછળ કરમદીરે, ઇછે ધ્રણુ રાણી.
એની ફલાણી માદીને કોણુસ અણુમણીરે ઇછે ધ્રણુ રાણી.

હમચી વખતનું ગીત ૭ મું.

(દાડમડી.)

(૬૫) દાહાડમડીનો રાતલો છોડરે દાહાડમડી૦.
મોડા દેહના પોતલા કોડરે દાહાડમડી૦.
દાહાડમડીનાં લીલુંડા પાનરે દાહા૦.
મોડા દેના સાસરીયામાં માનરે. દાહા૦.
દાહાડમડીના પીળુડાં ફુલરે દાહા૦.
તો લાખ ટકાનું છે મુલરે દાહા૦.
તો લટકતી લેહેરડે જાયરે દાહા૦.
તો મોરાર મોતીની શરરે. દાહા૦.
તો ખાંડના ખાતર નંખાવોરે દાહા૦.
દાહાડમડી તો એળચીની પુરણી પુરાવોરે દાહા૦.
હીંગળુની ગાર કરાવોરે દાહા૦.
તો માંખણુની પાળ કરાવોરે દાહા૦.
તો નાળીએરના કોટ ચણાવોરે. દાહા૦.
તો જાયફળની જાળીઓ મેલાવોરે. દાહા૦.
તો તજની બારીયો મેલાવોરે. દાહા૦.

તો લવીંગના કાંગરા મુકાવોરે. દાહા૦.
તો કસ્તુરીનાં કયારા બંધાવોરે. દાહા૦.
તો પાંનના વાવટા મેલાવોરે. દાહા૦.
તો લટકતી લેહેરડે જાયરે. દાહા૦.
તો મોશર મોતીની શરરે. દાહા૦.
ડાહાડમડીને દુધે સીંચાવોરે. દાહા૦.
ડાહાડમડીને અમીએ સીંચાવોરે. દાહા૦.
તો કેરશે દાહાડમ રહીને રોપાવ્યાં.
તો કયો જમાઇ રહ્યો રખવાળરે. દાહા૦.
તો કયે ભાઇયે દાહાડમ રહીને સીંચાવ્યાં.
તો કયો જમાઈ પાંણીડાં પાયરે. દાહા૦.
તો કે રશે દાહાડમ રહીને વેડાવ્યાં.
તો કયુ જમાઇ બાંધે છે મોટરે. દાહા૦.
તો કઇ બેને દાહાડમ રહીને છોલાવ્યાં,
તો કઇ બેન ભેળે છે ખાંડરે. દાહા૦.
તો કઇ બેને દાહાડમ રહીને વેહેંચાવ્યાં,
તો કઇ બેન પાડે છે ભાગરે. દાહા૦.
તો લટકતી લેહેરડે જાયરે. દાહા૦.
તો મોશર મોતીની શરરે. દાહા૦.

હમચી વખતનું ગીત. ૮ મું.

ભોળી ધ્રણ.

(૬૬)અમારા*દેવના મોટા મોટા ડેલારે, ભોળી ધ્રણ હમચી ખુંદવાને આવ્ય
ઓલ્યા ફલાંણાના નાંહાંના મોટા ઘેલારે, ભોળી૦.
અમારી ધ્રણ વહુને હાથે છે ચુડોરે, ભોળી૦.
ઓલ્યો કોણુસ અતી ઘણો ભુંડોરે, ભોળી૦.
અમારી ધ્રણ વહુને હાથે છે ચુડીરે, ભોળી૦.
ફલાંણી મનશું જાણે બહુ રૂડીરે, ભોળી૦.
અમારી ધ્રણ વહુને હાથે છે ખડકરે, ભોળી૦.
*દેવ વણુ બોલાવ્યો તરકરે, ભોળી૦.
અમારી ધ્રણ વહુને હાથે છે સલૈયુરે, ભોળી૦.

---

*દેવનું નામ.

ઓલી ફલાણીનું ન નમે તલૈયુરે, ભોળી૦.
અમારી ધ્રણુ વહુને હાથે છે ઘુઘરીરે, ભોળી૦.
ઓલી ફલાણી છે બહુ સુગરીરે, ભો૦.
અમારી ધ્રણુ વહુને હાથે છે વેડરે, ભોળી૦.
*દેવ વણુ બોલાવ્યો છે ઢેડરે, ભોળી૦.
અમારા છોકરાને માથે છે બોરરે, ભોળી૦.
ઓલી ફલાણી બગાયું ઢોરરે, ભોળી૦.
ફલાણી દીસંતી છે ભમરીરે, ભોળી૦.
હુમચી પાછળ મેલોને માંચીરે, ભોળી૦.
ઓલ્યા કોણુસ દીસંતા છે ઘાંચીરે, ભોળી૦.
હુમચી પાછળ ઊડાડોને ગલાલરે, ભોળી૦.
*દેવ બે પાસનો દલાલરે, ભોળી૦.
હુમચી પાછળ વજડાવોને ઢોલરે, ભો૦.
ઓલ્યો કોણુસ દેવ જાડો ભોલરે, ભો૦.
હુમચી પાછળ વજડાવો સારંગીરે, ભો૦.
ઓલી +વહુને લૈગ્યા ફીરંગીરે, ભોળી૦.
હુમચી પાછળ થાળી ભરી રાઈરે, ભોળી૦.
ફલાણી મનશું જાણેરે ડાહીરે, ભોળી૦.
હુમચી પાછળ થાળી ભરી બલ બલરે, ભોળી૦.
ઓલી કોણુસ જાણે વલ વલરે, ભોળી૦.
અમારી ધ્રણુ વહુને પેહેરવા હારરે, ભાળી૦.
ઓલી કોણુસને મોચે નહી ભારરે, ભોળી૦.
ધ્રણુતું સાંગા માચીયે બેશરે, ભોળી૦.
કોણુસ ધમકે હુવે ભેંશરે, ભોળી૦.
હુમચી પાછળ થાળી ભરી ખજુરરે, ભોળી૦.
ધ્રણુ વહુનાં પીયરીયાં છે મજુરરે, ભોળી૦.
હુમચી પાછળ થાળી ભરી બદામરે, ભોળી૦.
કોણુસ દીસંતો જાણે હજામરે, ભોળી૦.
હુમચી પાછળ મેલોને સાકરરે, ભો૦.
કોણુસ ફલાંણાને ઘેર ચાકરરે, ભોળી૦.
અમારે ધ્રણુ વહુને પેહેરવા બાંધણુંરે, ભોળી૦.
કોણુસ દેવ ફલાંણાને ઘેર રાંધે રાંધણુંરે, ભોળી૦.

---

*દેવનું નામ. +વહુનું નામ.

હમચી પાછળ લીલો વાંસ પોસોરે, ભોળી૦.
*દેવ ફલાંણાને ઘેર રયો ગોલોરે, ભો૦.
હમચી પાછળ સો આવે સો જાયરે, ભોળી૦.
કોણુસ તારી ઠેઠ ફજેતી થાયરે, ભો૦.
હમાચી હમચીમાં છોકરાં રમેરે, ભોળી૦.
ઓલી ફલાંણીને કોઇનું મોં ન ગમેરે, ભોળી૦.
હમચી પાછળ સામાંસામાં કરોરે, ભોળી૦.
ઓલ્યા ફલાંણાને અતી ઘણો બરોરે, ભોળી૦.
હમચી પાછળ સામાંસામાં હાટરે, ભોળી૦.
ઓલ્યો ફલાણો બારે વાટરે, ભોળી૦.
હમચી પાછળ બેડાંને ભુજારાંરે, ભોળી૦.
ઓલ્યો કોણ સતાઈ પીંજારોરે, ભોળી૦.
હમચી પાછળ મેલો સાવરણીરે, ભોળી૦.
ઓલી ફલાણી ખણુ ખાવરણીરે, ભોળી૦.
હમચી પાછળ થાળી ભરી બોરરે, ભોળી૦.
ફલાણો ખોડીયોને ખાપરો ચોરરે, ભોળી૦.
હમારી ધ્રણવહુને દાંતે છે રેખરે, ભોળી૦.
ઓલી ફલાણીને બહુ છે તેખરે, ભોળી૦.
હમચી પાછળ કળશા ઘસવા કુચોરે, ભોળી૦.
ફલાણી આગળ ઓઢેને આવે કુચોરે, ભોળી૦.
હમચી પાછળ મેલોને કાંટારે, ભોળી૦.
ઓલી ફલાણીના પગ પડે રાંટારે, ભોળી૦.
હમારે દાળ પીરસવાને ઠાયોરે, ભોળી૦.
ફલાણો કોણસને ઘેર રહ્યો ઠાયોરે, ભોળી૦.

ગીત ૯ મું હમચીનું.

હાર લખ્યો છે.

હાર લાવ્યને ધ્રણને ઓલાવ્ય હાર વન્યા નવ શોચે સણગાર ાા
લંગરેને સાંકળાંયે લીધોરે વાદ ઘડાવોરે બગલ દાણાં કરૂં, શણગાર ાા
કરડાંયેને અંગોઠીયાંયે લીધોરે વાદ ઘડાવોરે સાત દાણીયા કરૂં, ાા સ ાા
ચુડાયાને ચુડીયે લીધોરે વાદ ઘડાવોરે ચંદન ચુડી કરૂં, ાા સ ાા

* દેવનું નામ.

કડાયેને ગુજરીયે લીધોરે વાદ ઘડાવોરે હડસાંકળા કરૂં, ॥ સ ॥
કાંકણીને કારેલીયે લીધોરે વાદ ઘડાવોરે દરશનીયાં કરૂં, ॥ સ ॥
વેંઢને વીટીયે લીધોરે વાદ ઘડાવોરે છાંપા કરૂં, ॥ સ ॥
અંગોઠીયેને આરશીએ લીધોરે વાદ ઘડાવોરે પોહોચાસાકળું કરૂં ॥ સ ॥
વાંકેને ઘુઘરીયે લીધોરે વાદ ઘડાવોરે બાજુબંધ કરૂં, ॥ સ ॥
છાંટીયાને છટકીયાંયે લીધોરે વાદ ઘડાવોરે ગળચવો કરૂં, ॥ સ ॥
બરઘલીને દાંણીયે લીધોરે વાદ ઘડાવોરે લવીંગ્યું કરૂં, ॥ સ ॥
ગોપહારને સુડાહારે લીધોરે વાદ ઘડાવોરે પુલહાર કરૂં, ॥ સ ॥
હીરાહારને મોતીહારે લીધોરે વાદ ઘડાવોરે ચંદનહાર કરૂં, ॥ સ ॥
કાંઠલીયને ચમકળીએ લીધોરે વાદ ઘડાવોરે દીવાનખાનાં કરૂં, ॥ સ ॥
દોરાએને સાંકળીયે લીધોરે વાદ ઘડાવોરે હીરાકંઠી કરૂં, ॥ સ ॥
ઝાલેને ઝુમખે લીધોરે વાદ ઘડાવોરે કાંપતો કરૂં, ॥ સ ॥
મોરયેને ચલકડીયે લીધોરે વાદ ઘડાવોરે ટુલડી કરૂં, ॥ સ ॥
મુગડીયેને માછલીએ લીધોરે વાદ ઘડાવોરે નખલા કરં, ॥ સ ॥
ચાકેને ચમરીયે લીધોરે વાદ ઘડાવોરે વસત્યાં કરૂં, ॥ સ ॥
વાળીયેને વેસણે લીધોરે વાદ ઘડાવોરે કાંટોતા કરૂં, ॥ સ ॥
હાર લાવ્યને પ્રભુને બોલાવ્ય હાર વિના નવ સોયે, સણુગાર.

ગીત ૧ લું.॥

છાયલનું.

રાખડી બાંધતી વખત ગવાય છે.

કોણુસ ભાઇતે ગામ સધાવીયા, કોણુસ વહુ તે અન્ન ન ખાયરે.
બાઇરે છાયલ મોંઘા મુલનું.
સુરત ગામની બજાર ફરી વળ્યા વોહોર્યાં છાયલ બેચારરે.
છાયલ છેડલા રૂઅડા અતપતીયાળી ભાતરે બાઇરે છાયલ મોંઘા મુલનું.॥
છાયલ છાયલ શું કરો છાયલ ફલાણી બેનને આપો
ફલાણી બેનની ચાલ ઊતાવળી છાયલ ફાટીને જાય, છાયલ ઝડકે જાયરે.
આરે છાયલ સીદ આણીયું, વેણી દાદર થકી ઉતરા દીઠી ઘરડાની નારરે.
આરે છાયલ ભલે આણ્યુિં હોકડા થયારે હજારરે, બાઇ૦.
કરકરીયાળો ઓરડો ઘુઘરીયાળાં કમાડરે,
અણીયાળોરે દીવો બળે દીઠી ઘરડાની નારરે, બાઇ૦.

ગીત ૨ જું શાખડીનું.

ટોટી લખી છે.

સુણોરે સ્વામી, આપણી હામછે મોટી તો કાંને સોનાની ટોટી.
વેણાં વાયાં સ્વામી, વાણુ પુરાવો લંકા ગઢથી, ॥ સુના૦ ॥
અણાવોઇરે સુના ધ્રણને પીયર ચલાવો મહીયર મોકલાવો
તો છાનીને ટોટી ઘડાવો; વેણાં વાયાં સ્વામી, વેલ જોતરાવો
હડમંત ઘઢથી હીરા અણાવો ઇરે હીરા ધ્રણને પીયર ચલાવો
તો છાનીને ટોટી જડાવો; વેણા વાયાં સ્વામી,
વાંણુ પુરાવો મલબાર ઘઢથી મોતી અણાવો.
ઇરે મોતી ધ્રણને પીયર ચલાવો મહીયર મોકલાવો
તો છાંનીને ટોટી, પરોવાવો, ॥ વેણાંવાયાં૦॥
સુરત ગામથી સોની અણાવો ઇરે સોની, ધ્રણને પીયર ચલાવો
તો છાનીને ટોટી ઘડાવો, વેણાંવાયાં૦॥
સ્વામી વેલ જોતરાવો જુને ગઢથી જડીયા તેડાવો,
ઈરે જડીયા ધ્રણને પીયર ચલાવો મહીયર મોકલાવો
તો છાંનીને ટોટી જડાવો, ॥ વેણાંવાયાં૦॥
પાટણ ગામના પટવા તેડાવો ઇરે પટવા ધ્રણને પીયર ચલાવો
તો છાંનીને ટોટી પરોવાવો,
કયાં બેશી ઘડશેને કયાં બેશી જડશે તો કયાં બેશી મોતી પરોવશે
ઓરડે ઘડશે પરસાળે બેસી જડશે તો ગોખેને મોતી પરોવશે
કયો સોની ઘડશે કયો સોની જડશે તો કયો સોની મોતી પરોવશે,
ઇરે સોનીડાને બેસારો સઆંડણીયે તો ટોટી ઘડે જગ માંડંણીયે
ઈરે સોનીડાને પરિસોસ થુલી, તો ટોટી ઘડે જગ સુળી,
ઇરે સોનીડાને પરીસાસ દુધ, કુર તો ટોટી ઘડ ઉગતે સુર,
ઇરે સોનીડાને પરીસાસ બાટ તો ટોટી, ઘડે નવે ઘાટ,
ઓઢી પેરી ધ્રણ ઓરડે ઉભાં તો નણદીયે મો મચકાર્યાં,
આ બોળ બેઠાં બેનર કોણસ બાઈ બોલે તો કો ભાભી ટોટી,
કયાંથી મારોરે વીરો દરબારમાં કમાંણો સરકારમાં કમાણો તો,
હાંસલમાં ટોટી ઘડાવી, જારે ઠગારીને જારે ધુતારી તો ટોટી મારે વીરે ઘડાવી
તારારે બાપને ખાવા નથી રોટલો બેસવા નથી ઓટલો, ટોટીની ત્રેવડ કયાંથી
તારારે ભાઇને ખાવા નથી હુંબરો રેવા નથી ઉંબરો તો ટોટીની ત્રેવડ કયાંથી,
તારીરે માતાને સોવા નથી સુપડું રેવા નથી ઝુંપડું તો ટોટીની ત્રેવડ કયાંથી,

તારીરે બેનને કોટે નથી કાળીયું રેવા નથી માળીયું, તો ટોટીની ત્રેવડ ક્યાંથી
તારીરે ભાભીને ખાવા નથી બંટી દળવા નથી ઘંટી, તો ટોટીની ત્રેવડ ક્યાંથી.૦.

ગીત ૩ જું.

રાખડી વખતનું.

ચુડી લખ્યો છે.

ઉંચી નીચી ખડકલીરે મોડાદ ઉભા બાહાર,
ધણ બોલે સ્વામી સુણોરે, પીઉ મુજ ચુડલો પેરાવ્ય,
કે પુરાવું આદમીરે,કે પુરાવું મલબાર,પુરાવ્યા પુરાવ્યારે મામદસાઇનાં વહાણ,
દસાઇનાં વહાણ, ચુડો ધણ ત્યાંથી તે ગોળવો સંચરોરે.
આવ્યો મુંબઈ માંય, મુબઇમાંને કોણુસ દેવ રાજીયારે,
ધણના ચુડલાનાં દાણ હવે ન લેશો, જગાત ન લેશો, ચુડો ધણ૦.
ત્યાંથીને ગોળવો સાંચર્યોને આવ્યો સંઘાડીયાને હાટ,
હાંરેહાંરે સંઘાડીયા તું કોણુસ વહુનો બાપ, તો રૂડોરે ચુડલો વેરજે
રૂડાંરે બલોયાંને રૂડીરે ચુડી તો તરતી વેરણીયે વેરજે.
ત્યાંથીને ચુડલો સાંચર્યોરે, આવ્યો રંગારાને હાટ,
હાંરેહાંરે રંગારી તું કોણુસ વહુની માય, રૂડોરે ચુડલો રંગજે
રૂડારે લીબવાને રૂડીરે પોથી તો બોહોળે રંગરે રંગજે.
ત્યાંથીને ચુડલો સાંચર્યોરે આવ્યો સોનીડાને હાટ,
હાંરેહાંરે સોનીડા તું કોણુસ વહુનો ભાઇ, કે રૂડો ચુડલો જડરે
રૂડીરે પાટીને રૂડુંરે સોનું તો સારે સોને જડજે.
ત્યાંથીને ચુડલો સાંચર્યો આવ્યો દરવાજારે માંય,
દરવાજામાં કોણુસ ભાઈ રાજીયારે વહુના ચુડલાનાં હવે દાણ ન લેશો.
સંભાળીને લેજો ચુડા ત્યાંથીને ચુડલો સાંચર્યોરે, આવ્યો માંડવા માંય,
માંડવામાંને ફલાણી બાઈ રાજીયારે, વહુના ચુડલાને વધાવીને લેજો ચુડો.
તેડો જોશીનો બેટડોરે ધણના ચુડલાનાં હવે મુરત પુછોશ
મંગળીક કરોસ ચુડો આણો હડમંતની મળીરે ચાર ચઉટાની શેશ.
વહુના ચુડલાને હવે રક્ષારે કરોસ રખોટલી બાંધો વ. ચુડો.
ધણ સોહેઆણો અડદ કપાશીયારે ગવરી ગાયનાં છાંણ.
માવડી ગોત્રજ આગળ અબોટ કરોસ સાથીયો. ચુડો.
કાઠા ઘઉંની લાપશીને માંય માળવીયો ગોળ ઝાઝા ઘીમાં રસબસીરે.
માવડી ગોત્રજ આંગળ નૈવેદ ધરોસ જમાડી જમીશ. ચુડો.
ઓઢી પેરી સાંચર્યાંરે રાવોળીયા ઘર હેઠ રાયેને ઘોડો ખેંચીયોરે.
ભ્રમાને પુછી વાત કોણુસ દેવકેરી બેટડીરે.

કોણુસ દેવકળ વહુ હો કોણુસ દેવ કેરી બેનડીરે.
હવાં કોણુસરે કયા ઘરડાની નાર. ચુડો. મણુ૦

ગીત રાખડી બાંધવાનું.

રતી વહુનું.

રતી વહુને તે પુછે રાણી રૂક્મણી તમે શાવનાંરે વહુ વર અણુમણો
મારી સાસુજી આગળ કેહેતીરે લાજુ મુજને ફેર ઓલક આવે.
ઘણું ઉછાળારે આવેને અન્ન ન ભાવે માથાની શીશ કે નાવે નીંદડી.
સાસુયે વહુવારૂના વચન સુણીને આનંદ પામ્યાં રાણી રૂક્મણી.
ત્રીભુવન જનનો રાય બેઠા ત્યારે પધાર્યાં રાણી રૂક્મણી.
રળીયાત થાઓ એક વાત કહું સાંભળો તે વઇકુંઠનાથ ધણી.
આપણી રતી તે વહુને જ્યારે શ્રીમંત આવ્યું ત્યારે આપણે ઘેર સોયરો.
સોળે સોના અણુવો નવલા ઘાટ ઘડાવો આપણી રતી તે વહુને પેહેરાવીયે
સોળે સોના અણાવ્યાં નવલા ઘાટ ઘડાવ્યા આપણી રતી તે વહુને પેહેરાવ્યાં
ઓપેં સોળ કળાનો દ્દષ્ટ પુરણુ મુખ કમળ જાણે.
પદ્મણી પ્રણુનો સસરો તે બળવંત બહુ ગુણુવંતા
વડ સસરો તે વૈકુંઠનાથ ધણી, પ્રણુની સાસુ તે રાણી રૂક્મણી,
વડ સાસુ જશોદા દેવકી માતા દેવકીજી આવ્યાં
જશોદાજી આવ્યાં, સુભદ્રા નણુદી રીસાવ્યાં,
આપણી સુભદ્રા નણંદ તેડાવોરે. સ્વામી હેતે પાયે લાગીને મનાવીયે
મોટાની વહુવારૂને શીરે નવાઇ કરો સજાઈ ભલી ભાતની
પકવાન નીપજાવવાને, મંદર સોળાવો ગોખે તે રત્ન જડાવીયે,
પ્રણુને ઓરડે અગર કસ્તુરીરે બેહેકે જાચીજ ભાવે ચમર ઢળે ઢાળો ઢાલ તળાઇ
અતલશના અસીશાં ચીરના તે ચંદરવા બંધાવીઆ.
મીઠા મીઠારે મેવા મૃગા નેણીને, ભાવે સુખડલિ ચરણે ધરો.
મૃગાનેણીને મહીયર જાણુ કરાવો, પ્રણુને શ્રીમંત આવ્યુંરે
ઉતાવળુ તેડો જોશીનો બેટો ને, મુરત પુછાવો પ્રણુને મહીયર લખોરે કંકોતરી
આંણો સોનાનો ખડીયોને, રૂપાની લેખણુ પ્રધુમન લખોરે કંકોતરી.
પ્રથમ લખજો તે ગણુપતી બહુ ગુણુવંતા જમણા તે શુદ્ધ બુદ્ધના ધણી
પ્રણુના કાકારે લખજો પ્રણુના મામારે લખજો, ઘણું ઘણેરૂ પ્રણુના વીરને
પ્રણુના કાકારે પ્રણુના મામારે આવ્યા, એક ન આવ્યો વીરો લોભીયો,
લોભીયારે વીરા અવડો લોભ ન કરીયે, અવસરે આવી ઉભા રહીયે,
સંપત્ત હોયતો પેરામણી કરીયે, નીકર સાસર વેહેલ સંતોષીયે.
પ્રણુની કાકીરે આવ્યા પ્રણુની મામીરે આવ્યા એક ન આવી ભાભી લોભણી

લોભણીરે ભાભી અવડો લોભ ન કરીયે અવસરે આવી ઉભા રહીયે
સંપત્ત હોયતો પેરામણી કરીયે નીકર સાસર વેલ સંતોષીયે
આવ્યા ઇંદ્ર ઇંદ્રિરાણી ને રૂદ્ર રૂદ્રાણી, ગોર ગોરાણી ત્યાં આવીયા
આવ્યા ચાંદો ને રોયણ કંકુને ધ્રુપત, આદીત્ય રાણી રાંદલ આવીયા
આદીત્ય પીળી પટોળીને પાટ બેસાડયા ગોત્રીજને ગણુપત હુવા.
આવ્યા તેત્રીશ ક્રોડ દેવ પત્ની સંઘાતે સહુસ્ર અઠાસી રૂષિ આવીયા,
આવ્યા હરી રૂક્મણી રતી વહુને નત્ર આવ્યા અખીયાંણાંરે મોતી તણાં૦.

કડવું ૨.

સોળ સસ્ર મળો સુંદરી આવ્યા, આવ્યાંરે દેવકીજીને દ્વાર ધણુ નવરાવીયે
ગંગા ને જમના ને સરસ્વતી અણુવારે ત્રણ વેણીના નીર. ધ્રણુ૦.
ગંગોદક નમણુ ભરાવા ધ્રણુને ન મળેરે વેવાવણ ચાર. ધ્રણુ૦.
ઊગમતી દસે મોકલું ધ્રણુને હાથેરે લીલુ' નાળિયેર. ધ્રણુ૦.
નાહીને ઉઠયાં રાણી રતી વહુ પેહેરાવ્યારે જાદવ દક્ષીણીના ચીર. ધ્રણુ૦.
લીલુડા જજની કાંચળી ઓઢણાંરે અનોપમ ઘાટ. ધ્રણુ૦.

કડવું ૩.

સાસુઘાટ અનોપમ લાવે રાણી રતી તે વહુને પેહેરાવે.
ઘાટ પહેરો રતી વહુ રાણી તમારો સસરો છે સારંગ પાણી.
સોયે રાખડલી રત્નાળી, પોચી બેરખીને રજવાળી,
સોયે હસ્ત કનકનેરે, ચુડી બાજુબંધમાં ગોમતી રૂડી સોયે,
ચીરમાં ઝવેર માદળીયાં ઝુમણુલે કાંઇ જડયાંરે,
પુતળીયાં ઝુમણુલે કનકનીરે શોભા, નાકે વેશણુ પેરોરે,
રંભા તમને જોવા આવ્યાંછેરે, બ્રહ્મા તમારે તેજે ત્રીભુવન થંભ્યા,
રતી રૂપ રંભાનેરે તોલે, તમારે તેને ત્રીલોવન ડોલે,
કાંબી કડલાનેરે વીંછીયા, એવા ઘાટ ઘડાવોરે,
રૂડા સોયેત્ર સંતીયું, શેસફુલ ચાક ચામરીનાં નહીં મુલ.
રતી વેણુ ગુંથોરે વાળી, ગોફણુલે કાંઇ જડત્ર પરવાળી,
રતી આંખ આંજો અણીયાળી, નલવટ પીળ કરો રઢીયાળી,
રાખડી બંધામણ સાડી, આપે રતી તે વહુનીરે માડી,
રાખલડી બંધામણ ઘાટ, આપે રતી તે વહુનોરે બાપ,
રાખલડી બંધામણ ચીર, આપે રતી તે વહુનારે વીર,
ચંદન માંય મેલોને મોતી, ચંદન પીયો રતી વહુ પનોતી,
ચંદન માંય મેલોને કોરી, ચંદન પીયો રતી વહુ ગોરી,
ચંદન માંય મેલોને મગડા, ચંદન પીતાં રતી કરે ઝગડા,
ચંદન માંયે રાંનીરે લીલા, જે માગે તે આપુંરે આ વેળા.
રતી પોતાને ઘેર સાંચરીયાં, માતાએ મોસાળારે ભરીયાં.

માલણુડી તે મલપતી આવે, સવાલાખનો ચોસરો લાવે.
ચોસર પેરો રતી વહુરાણી, દ્રવ્ય ખરચેછે સારંગ પાણી.
હળવે ડગ ભરજોરે રાણી, સસરો કહે વહુ શકરમાણી.
ડગલે ડગલે સુનૈયારે સાર, આપ્યા નણંદને લાખ બેચાર.
ખુસટીયાને લાલક ભાઈ, આપે રતી તે વહુનારે ભાઇ,
પ્રણુ નીચુ જોઈનેરે નમીયાં, ગોત્રજને પાયે પડીયાં.
ગોત્રજ આશીશ દેછેરે સારી, રતી થાજે તું પુત્રની માડી.
રતી નીચુ જોઇનેરે નમીયાં, સાસુડીને પાયેરે પડીયાં.
સાસુ આશીશ દેછેરે સારી, રતી દીકરા જણજે દાડી દાડી.

ગીત ૧ લું પગલાં ભરતી વખતનું.

પાંચ વધાવો.

હવે પાંચને પાંચ વધો પ્રણુને આવીયોરે, મેંતો રાંણીયો મેંતો રાણીયો,
પાલવડાનો છોડ જેઠાણી માનો જાયો વસે વેગળોરે,
હવેગાર હવેગાર ઘલાવો પ્રણુના સસરા ઘેરરે.
ઘઊં આણી ઘઊં આણી તે પ્રણુના ઘરબાર. જેઠાણી૦.
હવે ચોક હવે ચોક પુરાવો પ્રણુના સસરા ઘેરરે,
સાથીયા સાથીયા તે પ્રણુના ઘરબાર. જેઠાંણી૦.
હવે ઘઊને ઘઊઅ ધોવરાવો પ્રણુના સસરા ઘેરરે,
પરસોદી પરસોદી તે પ્રણુના ઘરબાર. જેઠાંણી૦.
હવે સુખડીયાને સુખડીયા બેસડાવો પ્રણુના સસરા ઘેરરે,
પકવાન પકવાન તે પ્રણુના ગરબાર, જેઠાંણી૦.
હવે ચરૂ અને ચરૂઅ ચડાવો પ્રણુના સસરા ઘેરરે,
સાજન જમશો સાજન જમશો તે પ્રણુના ઘરબાર. જેઠાંણી૦.
હવે નોબતને નોબત બેસરાવો પ્રણુના સસરા ઘેરરે.
પંચાશબ્દા પંચાશબ્દા તે પ્રણુના ઘરબાર. જેઠાંણી૦.
હવે ઢોલને ઢોલ વજડાવો પ્રણુના સસરા ઘેરરે,
સરણાઈયો સરણાઈયો તે પ્રણુના ઘરબાર. જેઠાંણી૦.
હવે નણંદને નણંદને મેણાંરે બોલીયાંરે,
ભાભી નાઠ્યો ભાભી નાઠ્યો તમારડો વીર. જેઠાણી૦.
હવે કસને કસ છુટીને વેણુ મોકળીરે,
હવે લચીયોને લચીયો તે માથાનો મોડ. જેઠાંણી૦.
હવે આંખને આંખમાં કાજળ ઘેરીયાંરે,
હવે શુકયો હવે શુકયો તે મુખનો તંબોળ. જેઠાંણી૦.

હવે ઊચીને ઊચી ચડુંરે ઊંચે રડીરે
હવે જોઊંને જોઊં મારા વીરાજીની વાટ જેઠાંણી૦.
હવે રણમાંને રણમાં તે ભાલા જબકીયાંરે,
જળહળીયાં જળહળીયાં ઘોરીડાનાં સીંઘ જેઠાંણી૦.
હવે ઝબકયાં તે ઝબકયાં તે વીરા માથે મોળીયાંરે
જળહળીયો જળહળીયો ભાભલડીનો ચીર જેઠાંણી૦.
હવે ઝબકી તે ઝબકી તે ભત્રીજા માથે પાંમરીરે,
જળહળી જળહળી મોસાળાની છાબ જેઠાંણી૦.
હવે દેરેને દેરેને દઇયેરે વધામણીરે,
ભાભી આવ્યો તમારડો વીર જેઠાંણી૦.
હવે કસને કસ બાંધીને વેણુ ચોશરીરે,
હવે થરને થર રચ્યો માથાનો મોડ જેઠાંણી૦.
હવે આંખને આંખ્યમાં કાજડી સારીયાંરે,
હવે પ્રસર્યો હવે પ્રસર્યો મુખનો તંબોળ જેઠાંણી૦.
હવે ખાંડને ખાંડની ખળ ઊકાળીયેરે,
નવરાવું નવરાવું તે ભાઇ ભોજાઈ જેઠાંણી૦.
હવે શેવને શેવ અશાવું ઊતાવળીરે,
જમાડુ જમાડુ તે ભાઈ ભોજાઇ જેઠાંણી૦.
હવે ઢાળને ઢાળ ભાભીરે ઢાળીયારે,
હુંતો બેસીસ બેસીસ વીરાજીની પાસ જેઠાંણી૦.
હવે બેશને બેશ બંધવ કરૂં ગોઠડીરે,
બેનને અવસરે અવસરે લાવ્યોછે શુંય જેઠાંણી૦.
મારા સસરાને સસરાને લાવે વીરા ખીરોદકરે,
મારી સાસુને દક્ષીણીના ચીર જેઠાંણી૦.
મારા જેઠને જેઠને લાવે વીરા મોળીયાં,
જેઠાંણી જેઠાંણીને જજ વેતરાવ્ય જેઠાંણી૦.
મારા દેરને દેરને લાવે વીરા પાંમરીરે,
દેરાંણીને દેરાંણીને છાયલ જોડ જેઠાંણી૦.
મારી નણંદને નણંદને લાવે વીરા ચુંદડીરે,
નણદોઇ નણદોઇને ભેરવ ઝુલ જેઠાંણી૦.
હવે ઘરનાંને ઘરના ધણીને લાવે વીરા ઘોડલારે,
તારી બેનને બેનને સોળે શણગાર જેઠાંણી૦.
હવે કુટુંબને કુટુંબને લાવે વીરા કાપડાંરે,
પાડોશીને પાડોશીને નાળીયર જોડ જેઠાંણી૦.
હવે આવતાને હવે આવતાને ટોડા પેરાવીયારે,

નીછારે નીછારે ઓછાડયા છે ઘાટના જેઠાંણીના
હવે એટલુંને એટલુંને મારો વીરો લાવીયારે,
ભલે આવ્યો ભલે આવ્યો અબળ્ય દાતારના જેઠાંણી
માંનો જાયો ભલે આવીયારેના

।। રૂખાણું લખ્યું છે. ।।

।। ગીત પોંખવાનું. ।।

ડુંગર કોરી કોરી ઘર કરોરે, ટોપરે કર્યાંરે કમાડ જુવો જુવે શહીયરમારા રૂશણુંરે
દાતણ કરવા બેસી રઓરે, દાંતણ નાવેરે નર નર તીરે નાર.
જુવો જુવો શહીર મારા રૂશણુંરે.
કોણુસ દેવનીરે કુંવરી કન્નત, નત નત માડે રૂશણુંરે.
કુલાણા દેવનો કુંવર સજાત, નત નત ભાગે રૂશણુંરે
હોર બે પોહોર ઘડીરે બેચાર આખો દહાડો તે શા રૂશણુંરે,
રૂશણુલાંરે કોળીને કુંભાર ભોઈને ભરવાડ ઊતમ ઘેર કશા રૂશણુંરે. ।।

।। પોંખવા વખતનું. ।।

પ્રણુનો હાર હીરે જડયો પ્રણુનો અંબોડો ફુલે ભર્યો.
પ્રણુને ચાલ્યાનો ચટકો ઘણો પ્રણુને બોલ્યાનો મટકો ઘણોરે.
પ્રણુનો આંકડો નમે નહીં પ્રણુને સાસરવેલ ગમે નહીં.
પ્રણુને પીયરવેલ ગમે બહુ પ્રણુ શેરડીએ સાંચરોઆને.
વચમાં મેલો માંચીરે પ્રણુ જોહડીયાં ।।

કરમાતર કરતી વખતનું.

અવળીરે ઘંટીને અડદ દળંતી તેનાને પાંચ સાત પુતળાં કરાવ્યાં.
મોહનગારાં માદળીયાંને કામણગારી ચીઠી.
ઓરડામાં બેઠી બેઠી કોણુસ કામણ સીખી.
ઇરે કામણ મારી મોડાદેથી અળગું ઇરે કામણ ઓલી કુલાણીને વળગ્યું.

।। ગીત ૨ જું. ।।

।। એક મોતી લખ્યું છે.

એક માણા તેજે વહુ મોતીરે મોતી બહાર ગાડલેડ આણ્યુંરે.
મોતી તેર બળદીયે તાણ્યુંરે એક સોયો ને સુતળી અણાવોરે.
ઓલ્યા કોણુસનું નાક વીંધાવોરે એને નાચ્યાની નથડી ઘડાવોરે.
એ ભવાયાને મોતી રૂડુ દીશેરે એને ભરી બજારમાં નચાવોરે.

સમાપ્ત.

